અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૦ ફેબ્રુઆરી ૨૦૨૪, શનિવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૦, મહા સુદ એકમ | અંક : ૧૯૦ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### તણાવને જોતા જિલ્લાની તમામ દુકાનો બંધ રાખવા સૂચના

# હલ્દવાની હિંસા : પોલીસકર્મીઓને જીવતા સળગાવવાનો પ્રયાસ

**મલિકના બગીચા વિસ્તારમાં ગેરકાયદેસર મદરેસા અને મસ્જિદ બનાવવામાં આવી હતી**

**ગેરકાયદેસર મસ્જિદ અને કબરનું કાયદાકીય દસ્તાવેજોમાં કોઈ અસ્તિત્વ નથી**

**મહિલાઓ સહિત રોષે ભરાયેલા સ્થાનિક રહેવાસીઓ કાર્યવાહીનો વિરોધ કરવા રસ્તા પર ઉતરી આવ્યા**

। હલ્દવાની, તા.૯ ।

ઉત્તરાખંડના હલ્દવાણી જિલ્લાના વનભૂલ પુરામાં મલિકના બગીચામાં ગેરકાયદેસર અતિક્રમણ હટાવવા ગયેલી પોલીસ અને અધિકારીઓ પર પથ્થરમારો અને હુમલા બાદ ફાટી નીકળેલી હિંસામાં કુલ ૬ લોકોના મોત થયા છે. જ્યારે ૨૫૦થી વધુ લોકો ઘાયલ થયા છે. ગત ગુરુવારે મદરેસા અને ધાર્મિક સ્થળોને તોડી પાડવાને લઈને ભારે હોબાળો થયો હતો. રોષે ભરાયેલા ટોળાએ વનભૂલ પુરા પોલીસ સ્ટેશનને આગ ચાંપી દીધી હતી. તણાવને જોતા જિલ્લાની તમામ દુકાનો બંધ રાખવા સૂચના આપવામાં આવી છે. હિંસાગ્રસ્ત વિસ્તારમાં કર્ફ્યુ લાદી દેવામાં આવ્યો છે. આ ઉપરાંત, તમામ શાળાઓ આજદિન સુધી બંધ રાખવાના આદેશ આપવામાં આવ્યા છે. સમગ્ર હલ્દવાણી શહેરને છાવણીમાં ફેરવી દેવામાં આવ્યું છે. આ સિવાય રમખાણો ફેલાવનારા ગુનેગારો વિરુદ્ધ UAPA હેઠળ કેસ નોંધવામાં આવશે. ઉત્તરાખંડના હલ્દવાનીમાં થયેલી હિંસા પર ડીએમ વંદના સિંહે મોટો ખુલાસો કર્યો છે. તેમણે કહ્યું કે, નજીકની છત પરથી પોલીસ પર પથ્થરમારો કરવામાં આવ્યો હતો અને પેટ્રોલ બોમ્બથી વાહનોને આગ ચાંપી દેવામાં આવી હતી. તેમણે વધુમાં જણાવ્યું કે, જ્યારે નોટિસ આપવામાં આવી હતી, ત્યારે પથ્થરો ન હતા. ઝઝ્ફ દ્વારા તોફાનીઓની ઓળખ કરવામાં આવી રહી છે. તેણે જણાવ્યું કે, પોલીસ સ્ટેશનની અંદર પોલીસકર્મીઓને જીવતા સળગાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. પોલીસકર્મીઓને પોલીસ સ્ટેશનની બહાર જવા દેવામાં આવ્યા ન હતા. પોલીસ સ્ટેશનના રેકોર્ડ રૂમને પણ સળગાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો, જેથી તમામ રેકોર્ડ બળી ગયા હતા. ત્રણ દિવસ પહેલા અતિક્રમણ દૂર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

**ગેરકાયદેસર મદરેસા અને મસ્જિદને મહાનગરપાલિકાની ટીમ દ્વારા જેસીબી મશીનની મદદથી તોડી પાડવામાં આવી**



તમામ સ્થળોએ અતિક્રમણ દૂર કરવાની કાર્યવાહી કરવામાં આવી રહી હતી. તેમણે કહ્યું કે, ગેરકાયદેસર મસ્જિદ અને કબરનું કાયદાકીય દસ્તાવેજોમાં કોઈ અસ્તિત્વ નથી. આ જમીન મહાનગરપાલિકાની છે. તેને પહેલેથી જ નોટિસ આપવામાં આવી હતી. આ ખરેખર ૨૦૦૭ નો ઓર્ડર હતો. અમારી તરફથી તમામ કાયદાકીય પ્રક્રિયાઓનું પાલન કરવામાં આવ્યું હતું. જે પણ માળખું હતું, તે ગેરકાયદેસર હતું. ઘાયલોમાં અનેક પોલીસકર્મીઓ, સરકારી કર્મચારીઓ અને અધિકારીઓનો સમાવેશ થાય છે. અધિકારીઓએ પોલીસ ટીમ સાથે મળીને સરકારી જમીન પર બનેલી મદરેસા અને મસ્જિદને તોડી પાડવામાં આવતા હોબાળો થયો હતો. મલિકના બગીચા વિસ્તારમાં ગેરકાયદેસર મદરેસા અને મસ્જિદ બનાવવામાં આવી હતી. હાલ પોલીસ, પીએસી અને અર્ધલશ્કરી દળો જિલ્લામાં મોરચો સંભાળી રહ્યા છે. વહીવટીતંત્ર ગુરુવારે રાતભર તોફાનીઓની ઓળખ કરવામાં વ્યસ્ત રહ્યું હતું. હિંસા બાદ સીએમ પુષ્કર ધામીએ હલ્દવાનીના વનભૂલપુરામાં ગેરકાયદે બાંધકામ હટાવવા દરમિયાન પોલીસ અને વહીવટી અધિકારીઓ પર હુમલાની ઘટનાને ગંભીરતાથી લીધી છે. તેમણે અશાંતિ ફેલાવનારાઓ સામે કડક કાર્યવાહી કરવા સૂચના આપી છે.



નવી દિલ્હીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સંસદની કેન્ટીનમાં સાથી સાંસદો સાથે લંચ લીધું હતું.

## ઝેલેન્સ્કીએ આર્મી ચીફ જનરલ વાલેરી ઝાલુઝનઈને પદ પરથી હટાવી દીધા

। (એજન્સી) કીવ, તા.૯ ।

રશિયા સામેના યુદ્ધમાં યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમીર ઝેલેન્સ્કીએ યુક્રેનના સૈન્યમાં મોટાપાયે ફેરફાર કર્યા છે. રાષ્ટ્રપતિ ઝેલેન્સ્કીએ આર્મી ચીફ જનરલ વાલેરી ઝાલુઝનઈને પદ પરથી હટાવી દીધા છે. છેલ્લા કેટલાક અઠવાડિયાથી ઝાલુઝનઈ (૫૦) સામે કાર્યવાહીની અટકળો ચાલી રહી હતી. યુક્રેનના સંરક્ષણમંત્રી રૂસ્તમ ઉમેરોવે ફેસબુક પોસ્ટમાં જણાવ્યું હતું કે યુક્રેનના સશસ્ત્ર દળોના નેતૃત્વમાં ફેરફાર કરવાનો નિર્ણય લઈ લેવાયો છે. યુદ્ધની સ્થિતિ ક્યારેય એકસમાન રહેતી નથી. યુદ્ધ બદલાતુ રહે છે અને ફેરફારની જરૂર છે.

### લોકસભાની ચૂંટણીમાં ૪૦૦ બેઠકનો મોદીનો દાવો

## વિપક્ષ ખૂબજ નબળો હોઈ મોદીનો ૪૦૦ બેઠકનો આંકડો શક્ય : ઓમર

। (એજન્સી) જમ્મુ, તા.૯ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ૪૦૦ સીટો પાર કરવાના દાવાને હવે વિપક્ષી ગઠબંધન ઈન્ડિયાના નેતાઓ પણ માનવા લાગ્યા હોય તેમ જમ્મુ-કાશ્મીરના પૂર્વ મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાનું કહેવું છે કે એનડીએ (એનડીએ) એટલે કે નેશનલ ડેમોક્રેટિક એલાયન્સ માટે ૪૦૦થી વધુ સીટો જીતવી શક્ય છે. એપ્રિલ-મેમાં લોકસભાની ચૂંટણી યોજાઈ શકે છે. ઓમર અબ્દુલ્લાએ કહ્યું કે હવે એનડીએદ્વારા ૪૦૦નો આંકડો વટાવી જવાનો કરાતો દાવો શક્ય લાગે છે. જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે શું આ લક્ષ્ય હાંસલ કરી શકાય છે, તો તેમણે જવાબ આપ્યો, 'હા ખરેખર'. પીએમ મોદી દ્વારા નિર્ધારિત ૪૦૦થી વધુ બેઠકો જીતવાનું લક્ષ્ય શક્ય લાગે છે કારણ કે વિપક્ષ ખૂબ જ નબળો છે. તેમણે કહ્યું કે વિપક્ષ ગઠબંધન ઈન્ડિયાભાજપ સામે મોરચો બનાવવામાં નિષ્ફળ રહ્યો છે. બે મહિના પહેલા એવું લાગતું ન હતું કે આ લક્ષ્ય હાંસલ કરી શકાશે, પરંતુ હવે તે સાચું જણાય છે. નેશનલ કોન્ફરન્સના નેતાએ કહ્યું કે તેનું કારણ એ છે કે વિપક્ષ બહુ મજબૂત નથી.

### રશિયાના રાષ્ટ્રપતિના ટીવી મુલાકાતમાં યુએસ પર પ્રહાર

## અમેરિકા, નાટોને પણ ખબર પડી ગઈ કે, રશિયાની તાકાત શું છે : પુતિન

। (એજન્સી) મોસ્કો, તા.૯ ।

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને કહ્યું કે, અમેરિકા, યુરોપ અને નાટોને પણ રશિયાની તાકાતનો ખ્યાલ આવી ગયો છે. પુતિન અમેરિકન ન્યૂઝ ચેનલ ફોક્સ ન્યૂઝના હોસ્ટ ટ્રકર કાર્લસનને ઈન્ટરવ્યુ આપી રહ્યા હતા. કાર્લસન પશ્ચિમી મીડિયામાં જાણીતો ચહેરો છે. આ ઈન્ટરવ્યુ આપતા રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને કહ્યું કે, યુક્રેનમાં રશિયાને હરાવવું અસંભવ છે અને આવી સ્થિતિમાં નાટોએ પણ સ્વીકારવું જોઈએ કે યુક્રેન પર રશિયાનો કબજો છે. અમેરિકા, નાટો અને યુરોપને પણ ખબર પડી ગઈ છે કે, રશિયાની તાકાત શું છે. ફેબ્રુઆરી ૨૦૨૨માં યુક્રેન પર થયેલા હુમલાનો બચાવ કરતા તેમણે કહ્યું કે, પશ્ચિમી દેશોની મદદથી પણ રશિયાને હરાવી શકાય નહીં. કાર્લસને પોતાના બે કલાકના ઈન્ટરવ્યુ દરમિયાન પુતિનને અનેક પ્રશ્નો પૂછ્યા હતા. જેમાંથી એક સવાલ હતો કે, શું રશિયા પોલેન્ડ અને લાતવિયા પર પણ અટેક કરવાનો પ્લાન બનાવી રહ્યાં છે? મહત્વનું છેકે, પોલેન્ડ અને લાતવિયા પણ નાટોના સભ્ય દેશો છે. આ સવાલના જવાબ પર રાષ્ટ્રપતિ પુતિને કહ્યું કે, મને પોલેન્ડ અને લાતવિયામાં કોઈ રસ નથી.

### અગાઉ ભાજપના નેતા અડવાણીને ભારત રત્નની જાહેરાત કરાઈ હતી

## નરસિમ્હા રાવ, ચૌધરી ચરણસિંહ, ડો. એમ. એસ. સ્વામીનાથનને ભારત રત્ન

। (એજન્સી) નવી દિલ્હી, તા.૯ ।

તાજેતરમાં જ ભાજપના કદાવર નેતા લાલકૃષ્ણ અડવાણીને ભારત રત્ન આપવાની જાહેરાત કરાયા બાદ હવે પૂર્વ વડાપ્રધાન નરસિમ્હા રાવ અને ચૌધરી ચરણ સિંહને ભારત રત્ન આપવાની જાહેરાત કરવામાં આવી છે. તેની સાથે સાથે કૃષિ વિજ્ઞાની ડૉ. એમ.એસ. સ્વામીનાથનને પણ ભારત રત્ન આપવામાં આવશે. વડાપ્રધાન મોદીએ ટ્વિટ કરીને આ માહિતી આપી હતી. વડાપ્રધાન મોદીએ અગાઉ લાલકૃષ્ણ અડવાણીને ભારત રત્ન આપવાની જાહેરાત કરી હતી અને હવે ફરી તેમણે વધુ હસ્તીઓના નામ ભારત રત્ન માટે જાહેર કરીને સૌને ચોંકાવી દીધા છે. ખેતી અને ખેડૂતોના કલ્યાણ માટે વિજ્ઞાની ડૉ. એમ. એસ.સ્વામીનાથનને ભારત રત્ન એવોર્ડથી સન્માનિત કરવામાં આવશે. તેમણે ભારતીય ખેતીના ક્ષેત્રનું આધુનિકરણ કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. તેઓ એક ઈનોવેટર, મેન્ટર તરીકે પ્રખ્યાત હતા. દેશની ખાદ્ય સુરક્ષા અને સમૃદ્ધિ સુનિશ્ચિત કરવામાં પણ તેમની ભૂમિકા રહી હતી. આ સાથે પૂર્વ વડાપ્રધાન પી.વી.નરસિમ્હારાવ ગારુને પણ ભારત રત્નથી સન્માનિત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. તેમણે આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી, કેન્દ્રીયમંત્રી, સાંસદ, વિધાનસભાના સભ્ય તરીકે પણ વર્ષો સુધી તેમની યાદગાર સેવાઓ આપી હતી. તેમના દૂરદર્શી વિચારોએ જ ભારતીય અર્થતંત્રને આગળ વધારવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. તેમણે ભારતની સમૃદ્ધિ અને વિકાસનો મજબૂત પાયો નાખ્યો હતો. વડાપ્રધાન મોદીએ ટ્વિટ કરીને કહ્યું કે, અમારી સરકારનું સૌભાગ્ય છે કે દેશના પૂર્વ વડાપ્રધાન ચૌધરી ચરણ સિંહને પણ અમે ભારત રત્નથી સન્માનિત કરવા જઈ રહ્યા છીએ.

**સમગ્ર જીવન ખેડૂતોના હક અને કલ્યાણ માટે સમર્પિત કર્યું**

વડાપ્રધાને ટ્વિટર પર પોસ્ટ કરી છે જેમાં ચૌધરી ચરણ સિંહ, નરસિંહા રાવ અને વૈજ્ઞાનિક એમ એસ સ્વામીનાથનની સિદ્ધિઓ ગણાવી છે અને તેમને ભારત રત્ન એવોર્ડ આપવામાં આવશે તેમ જણાવ્યું છે. ચૌધરી ચરણ સિંહ વિશે તેમણે લખ્યું છે કે દેશના પૂર્વ વડાપ્રધાન ચૌધરી ચરણ સિંહને ભારત રત્નથી સન્માનિત કરવામાં આવી રહ્યા તે અમારી સરકાર માટે સૌભાગ્યની વાત છે. તેમણે દેશ માટે આપેલા બેજોડ યોગદાન માટે આ સન્માન અપાઈ રહ્યું છે. તેમણે પોતાનું સમગ્ર જીવન ખેડૂતોના હક અને કલ્યાણ માટે સમર્પિત કર્યું હતું. યુપીના મુખ્યમંત્રી હોય કે દેશના ગૃહમંત્રી, તેમણે હંમેશા રાષ્ટ્ર નિર્માણ માટે કામ કર્યું હતું.



# વડોદરામાં ભાઇની યાદમાં ગયો ભાઇનો જીવ

## પરિવાર દ્વારા નવઘણભાઈની ઈચ્છા મુજબ બેન્ડ વાજા સાથે વાજતે ગાજતે આતશબાજી સાથે તેમની અંતિમ યાત્રા કાઢવામાં આવી હતી

। (એજન્સી) વડોદરા, તા.૯ ।

શહેરના કુંભારવાડા વિસ્તારમાં રહેતા નવઘણભાઈ ચૌહાણની અંતિમયાત્રા જાણે વરરાજાનો વરઘોડો નીકળ્યો હોય તેમ વાજગે ગાજતે નીકળી હતી. ખુશમિજાજ અને ખુમારીવાળા નવઘણ ભાઈની મહેચ્છા હતી કે, તેમની અંતિમ યાત્રા વખતે પરિવારની આંખોમાં આંસુને બદલે ચેહરા પર સ્મિત હોવું જોઈએ. જેથી પરિવાર દ્વારા નવઘણભાઈની ઈચ્છા મુજબ બેન્ડ વાજા સાથે વાજતે ગાજતે આતશબાજી સાથે તેમની અંતિમ યાત્રા કાઢવામાં આવી હતી. આપણે સૌ જાણીએ છીએ કે લગ્ન પ્રસંગ હોય ત્યારે ફટાકડા બેન્ડ અથવા ડીજે સાઉન્ડ વાગતા હોય છે પરંતુ વડોદરામાં એક એવી અંતિમ યાત્રા જોવા મળી કે જેમાં ફટાકડા ની આતશબાજી અને બેન્ડબાજા સાથે અંતિમયાત્રા કાઢવામાં આવી હતી. વડોદરા શહેરના ફતેપુરા વિસ્તારના કુંભારવાડામાં રહેતા નવઘણભાઈ ચૌહાણ પોતાના વ્હાલસોયા ભાઈ ભીખાભાઈ ચૌહાણને ખૂબ પ્રેમ કરતા હતા. બંને ભાઈઓ વચ્ચે એટલી આત્મીયતા હતી કે બંને જિંદગીના છેલ્લા પડાવ સુધી એક બીજા વિના જમતા પણ નોહતા.બંને ભાઈઓ વચ્ચેના અતૂટ પ્રેમનો દાખલો સમાજ માટે શિખામણ રૂપ હતો. ભગવાનની ઈચ્છા મુજબ બે મહિના પહેલા જ નવઘણ ભાઈના દિલના ટુકડા એવા ભીખાભાઈનું અકાળે મૃત્યુ થયું હતું. ત્યારે પોતાના ભાઈની અણધારી વિદાયથી નવઘણભાઈને આઘાત લાગ્યો હતો અને તબિયત નાદુરસ્ત રહેતા છેલ્લા બે મહિનાથી તેઓ પણ બીમાર રહેતા હતા. પોતાના ભાઈની યાદમાં નવઘણભાઈ પણ દેવલોક પામ્યા ત્યારે નવઘણભાઈએ સમાજ માટે કરેલા કામોને ધ્યાનમાં લઈને સૌ આગેવાનોએ નક્કી કર્યું કે, જે રીતે ભીખાભાઈ ચૌહાણની અંતિમયાત્રા ફટાકડા ફોડી વાજતે ગાજતે કાઢવામાં આવી હતી તે રીતે જ નવઘણભાઈની પણ અંતિમયાત્રા ફટાકડા ફોડી વાજતે ગાજતે કાઢવામાં આવે. જેથી નવઘણ ભાઈની અંતિમ યાત્રા બેન્ડ વાજા અને આતશબાજી સાથે કાઢવામાં આવી હતી. જ્યાં સમાજના સૌ કોઈએ ભીની આંખોએ નવઘણ ભાઈને અંતિમ વિદાય આપી હતી. જેથી નવઘણ ભાઈની અંતિમ યાત્રા બેન્ડ વાજા અને આતશબાજી સાથે કાઢવામાં આવી હતી.

### હરણી બોટ દુર્ઘટનાના ૨૧ દિવસ બાદ આરોપી ઝડપાયા

# હરણી બોટ દુર્ઘટનામાં દિપેન અને ધર્મિલને છ દિવસના રિમાન્ડ

। (એજન્સી) વડોદરા, તા.૯ ।

બોટ દુર્ઘટનાના ૨૧ દિવસ બાદ પોલીસના હાથે ઝડપાયેલા કોટિયા પ્રોજેક્ટના પાંચ-પાંચ ટકાના ભાગીદારો દિપન હિતેન્દ્ર શાહ અને ધર્મિલ ગિરિશ શાહને આજે કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા અને ૧૦ દિવસ પોલીસ કસ્ટડી રિમાન્ડ માગવામાં આવ્યા હતા. કોર્ટે રિમાન્ડ માટેના કારણો સાંભળ્યા બાદ ૬ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે. પોલીસ માટે આ બન્ને આરોપીઓ પાસેથી ૬ દિવસમાં જે સવાલના જવાબો મેળવવાના છે તેમાં મુખ્ય કોયડો એ છે કે કોટિયા પ્રોજેક્ટમાં વર્ષ ૨૦૧૭માં દિપેન અને ધર્મિલની ભાગીદારી ૬૦ ટકા હતી. પરંતુ એવુ તો શુ બન્યુ કે એક જ વર્ષમાં બન્નેએ પોતાની ભાગીદારી ઘટાડીને ૧૦ ટકા (બન્નેના પાંચ-પાંચ ટકા) કરી નાખી. બન્ને માત્ર ૧૦ ટકાના જ ભાગીદાર હોવા છતાં કોટિયા પ્રોજેક્ટના બેંક એકાઉન્ટમાં મુખ્ય રોકાણકાર તરીકે દિપેશ અને ધર્મિલની સહીથી જ વહીવટ થતો હતો. લેકઝોનનો મેનેજર ભાવેશ ચૌહાણ આખી ચેકબુકમાં દિપેશ અથવા ધર્મિલની સહીઓ કરાવીને જતો રહેતો હતો. પોલીસને મુંઝવણ એ છે કે આટલી મોટી પેઢીમાં આ પ્રકારે આર્થિક વ્યવહાર કેમ થતો હતો. તેની પાછળ માસ્ટર માઈન્ડ કોણ છે. કોને ક્યા પ્રકારનો અને કેટલો આર્થિક લાભ મળતો હતો. આ ઉપરાંત દિપેન હિતેન્દ્ર શાહ અને ધર્મિલ ગિરિશ શાહનું સરનામું (પુનિત નગર, મલ્હાર પોઈન્ટ, ઓલ્ડ પાદરા રોડ વડોદરા) એક જ છે જ્યારે કે ધર્મિલ રહે છે મુંબઈમાં છતાં બન્નેનું સરનામુ એક જ કેમ બતાવવામાં આવ્યુ છે.

### ૧૦ ટકાના જ ભાગીદાર છતાં કોટિયા પ્રોજેક્ટના એકાઉન્ટમાં દિપેશ અને ધર્મિલની સહીથી જ વહીવટ થતો

દિપેશ શાહે પોલીસને કહ્યું હતું કે તે દુર્ઘટના બાદ હરણી તળાવ પાસે હાજર હતો ત્યાર બાદ ધર્મિલનો ફોન આવ્યો કે તુ મોબાઇલ બંધ કરીને મુંબઇ આવી જા એટલે વડોદરાથી કરજણ ગયો. મારો જુનો ડ્રાઇવર કાંતી કરજણ આવી ગયો અને ત્યાંથી તે મને મહારાષ્ટ્ર બોર્ડર સુધી છોડી ગયો. પરંતુ દિપેશ પોલીસને એ નથી બતાવતો કે વડોદરાથી કરજણ કઇ રીતે ગયો. ભાગતી વખતે તેણે કઇ ગાડીનો ઉપયોગ કર્યો હતો એટલે પોલીસે હજુ આ પ્રશ્નોના જવાબ મેળવવાના છે અને ગાડી પણ કબજે કરવાની છે તથા કાંતિનું નિવેદન પણ લેવાનું છે.



ગાંધી આશ્રમમાં ફિઝીના ડેપ્યુટી પ્રાઈમ મિનિસ્ટરે વિઝીટ કરી હતી.

### આ મામલે ગુજરાત હાઈકોર્ટમાં પણ પિટિશન થઈ છે

# અમેરિકા જવા નીકળેલા નવ ગુજરાતીઓ એક વર્ષથી ગાયબ

। (એજન્સી) અમદાવાદ, તા.૯ ।

જાન્યુઆરી ૨૦૨૩માં અમેરિકા જવા નીકળેલા નવ ગુજરાતીઓ છેલ્લા એક વર્ષથી ગાયબ છે, અને આ મામલે ગુજરાત હાઈકોર્ટમાં પણ પિટિશન થઈ છે. આ કેસમાં પોલીસે મહેન્દ્ર પટેલ ઉર્ફે સ્ઢને પણ આરોપી બનાવ્યો હતો પરંતુ મહેન્દ્ર પટેલ તેની સામે ફ્રૈંઈ નોંધાઈ ત્યારથી જ ગાયબ થઈ ગયો છે. મહેન્દ્ર પટેલ હાલ અમેરિકામાં છૂપાયો હોવાની ચર્ચા છે, પરંતુ આ આખાય ખેલમાં સ્ઢ માત્ર પ્યાદુ હોવાનું જાણવા મળી રહ્યું છે. સૂત્રોનું માનીએ તો મહેન્દ્ર પટેલે આ કામ મૂળ ઉત્તર ગુજરાતના અને હાલ અમેરિકામાં જ રહેતા અને ત્યાંના સિટીઝન પણ બની ચૂકેલા એક વ્યક્તિને સોંપ્યું હતું, જેનું નામ ઢથી શરૂ થાય છે. ગુજરાતીઓને બે નંબરમાં અમેરિકા લઈ જવાનું કામ કરતો આ વ્યક્તિ હજુ ડિસેમ્બર મહિનામાં જ મહેસાણા આવ્યો હતો અને તેના વતનમાં તે રોકાયો પણ હતો, પરંતુ પોલીસ તેના સુધી નહોતી પહોંચી શકી. આ મિસ્ટર D હાલ કદાચ અમેરિકા પહોંચી ચૂક્યો છે, પરંતુ તેણે મહેન્દ્ર પટેલના જે પેસેન્જરોનું કામ હાથમાં લીધું હતું તે તમામ હજુય લાપતા છે. સૂત્રોનું માનીએ તો મિસ્ટર ઢએ મહેન્દ્ર સાથે જે ડીલ કરી હતી તેમાં મુખ્ય ભૂમિકા બીજા એક એજન્ટની હતી, જે હાલ અમેરિકામાં જ રહે છે, જેને મોન્ટુના નામે પણ લોકો ઓળખે છે. મોન્ટુ તેનું અસલી નામ નથી, પણ આ વ્યક્તિ છેલ્લા દસેક વર્ષથી અમેરિકા રહે છે અને તે પોતાના લોકેશન તેમજ મોબાઈલ નંબર બદલતો રહે છે. મોન્ટુ પોતે પણ દસેક વર્ષ પહેલા કેરેબિયન આયલેન્ડ્સવાળી લાઈનથી અમેરિકા ઈલીગલી આવ્યો હતો, અને પાાછળથી તેણે આ જ લાઈનના બધા સેટિંગ્સ જાણીને પોતાનો અલગથી ધંધો શરૂ કરી દીધો હતો. મોન્ટુ છેલ્લા બે વર્ષમાં જ લગભગ ૩૦૦ જેટલા ગુજરાતીઓને કેરેબિયન ટાપુવાળી લાઈનથી અમેરિકા પહોંચાડી ચૂક્યો છે. જોકે, આ લાઈનમાં જવાવાળા લોકો ખૂબ જ હેરાન પણ થયા હતા તેવો પણ સૂત્રોનો દાવો છે, જેમાંથી કેટલાક લોકોના તો હાથપગ પણ ભાંગ્યા હતા અને અમુકને જેલની હવા ખાવાનો પણ વારો આવ્યો હતો. કેરેબિયન આયલેન્ડ પહોંચ્યા બાદ તેમને મોટાભાગનો પ્રવાસ બાય રોડ કે પછી બોટમાં કરવાનો હોય છે.

### આ રૂટ પર લોકોને જંગલોમાં કલાકોના કલાકો સુધી ચાલવું પડે છે

ચોંકાવનારી વાત એ છે કે મોન્ટુ જે લોકો મારફતે પોતાના પેસેન્જરોની હેરાફેરી કરાવે છે તેમાંના અમુક બોટવાળા ડ્રગ્સની હેરાફેરીમાં પણ સંકળાયેલા હોય છે અને તેમની બોટમાં સવાર થવું ખૂબ જ જોખમી રહેતું હોય છે. આ રૂટ પર લોકોને જંગલોમાં કલાકોના કલાકો સુધી ચાલવું પડે છે, અને તે દરમિયાન તેમની સાથે ગમે તે થઈ શકે છે. કેરેબિયન આયલેન્ડ્સના અલગ-અલગ ટાપુ પર ફેરવીને છેલ્લે આ લોકોને અમેરિકાની હદમાં આવતા પોર્ટો રિકો આયલેન્ડ પહોંચાડવામાં આવે છે, અને પછી ત્યાંથી તેમને ફેક આઈડી આપી ડોમેસ્ટિક ફ્લાઈટમાં અમેરિકામાં જ્યાં જવું હોય ત્યાં પહોંચાડી દેવાય છે.

### એકલતા દૂર કરવા મહેસાણાના આધેડે બીજા લગ્ન કર્યા

# પંજાબી મહિલાએ ૯૮ લાખનો ચૂનો ચોપડ્યો

। (એજન્સી) મહેસાણા, તા.૯ ।

મહેસાણામાં રહેતા એક પંજાબી પુરુષ સાથે પંજાબની જ એક મહિલાએ છેતરપિંડી કરી છે. પંજાબી પુરુષે પત્નીનું અવસાન થયા બાદ એકલતા દૂર કરવા માટે બીજા લગ્ન કર્યા હતા. બીજી પત્નીએ વિવિધ બહાના કાઢીને ૮૯.૯૩ લાખ રૂપિયા પડાવ્યા હતા અને ૯ લાખની કિંમતના ઘરેણાં લઈને ફરાર થઈ ગઈ હતી. જેથી આ આધેડ વયના શખ્સે મહેસાણાની બી ડિવિઝન પોલીસ મથકે ગુનો નોંધાવ્યો છે. મહેસાણાની રાજધાની ટાઉનશીપમાં અનમોલ બંગલોઝમાં રહેતા ૫૮ વર્ષીય હુકુમસિંહ જાગીરસિંહ વિરદી સાથે આ છેતરપિંડીની ઘટના બની છે. પંજાબના ફિરોજપુર જિલ્લાના લહેરા રોહી ગામના તેઓ વતની છે. તેઓ મહેસાણમાં નાની દાઉ ગામની સામે વિશ્વકર્મા મોટર વર્કશોપ ચલાવે છે. તેમના પત્ની મનજીતકૌર અને મોટા પુત્રનું ૨૦૨૧માં કોરોના કાળમાં અવસાન થયું હતું. એકલતા દૂર કરવા અને પૌત્રીની સંભાળ લેવા માટે તેમણે બીજા લગ્ન કરવાનું વિચાર્યુ હતું. જેથી ઓક્ટોબર ૨૦૨૨માં શાદી ડોટ કોમ એપ્લિકેશન પરથી લાયક જીવનસાથીની શોધ શરૂ કરી હતી. આ દરમિયાન પંજાબના લુધિયાણા જિલ્લાના બીજા ગામના મનદીપકૌર બલજિંદરસિંહ સિદ્ધુ સાથે મેટ્રિમોનિયલ સાઈટ પર તેમની મુલાકાત થઈ. બંનેએ મોબાઈલ પર વાતચીત કરવાનું શરૂ કર્યું હતું. લગ્નનું નક્કી કરવા તેઓ લુધિયાણાની એક હોટલમાં મળ્યા હતા. બાદમાં તેમને લુધિયાણામાં જ શિલ્પા સોહનલાલ પ્રશાર (શર્મા)ના ઘરે મળવા બોલાવ્યા હતા. શિલ્પાની ઓળખ મનદીપકૌરે બહેનપણીની પુત્રી તરીકે આપી હતી. ૧૭ જાન્યુઆરી ૨૦૨૩ના રોજ હુકુમસિંહ અને મનદીપકૌરના લગ્ન ફિરોજપુરના જીરા ખાતે ગુરુદ્વારામાં થયા હતા. બાદમાં મનદીપકૌર મહેસાણા રહેવા આવી ગઈ હતી. જોકે, કોઈને કોઈ કારણોસર તેણે હુકુમસિંહને શારીરિક સંબંધ નહોતો બાંધવા દીધો. મનદીપકૌર અવારનવાર પંજાબ આવતી-જતી હતી. તેની સાથે શિલ્પાની પણ અવરજવર રહેતી હતી. અવારનવાર સગાની બીમારીના બહાના હેઠળ હુકુમસિંહ પાસેથી તેના તથા શિલ્પાના બેંક અકાઉન્ટમાં રૂપિયા ટ્રાન્સફર કરાવતી હતી.

### મનદીપકૌર અવારનવાર પંજાબ આવતી-જતી હતી

એ સમયે મનદીપકૌરે હુકુમસિંહના મૃતક પુત્ર સુખવિંદરસિંહ તથા તેની પત્નીના ૧૮ તોલા (૯ લાખ રૂપિયાની કિંમતના)ના ઘરેણાં પહેરવા માટે લીધા હતા. પરંતુ ત્યાં સગાઈ યોજાઈ જ નહોતી. બીજા દિવસે હુકુમસિંહ મહેસાણા આવી ગયા જ્યારે મનદીપકૌર થોડા દિવસ પછી આવશે એમ કહીને રોકાઈ હતી. બાદમાં કેટલાય દિવસો વિત્યા પણ તે પાછી ના આવી અને વિવિધ બહાના બતાવતી રહી. જેથી તપાસ કરતાં હુકુમસિંહને ખબર પડી કે, મનદીપકૌર પૈસા પડાવીને છેતરપિંડી કરવાની ટેવવાળી હોવાનો ખુલાસો થયો હતો. જેથી તેમણે તેની સામે મહેસામાની બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

### કપાસના ભાવમાં ૨૦ રૂપિયાનો વધારો થયો

# ઉનાવા યાર્ડમાં કપાસની આવકમાં ઘરખમ વધારો

। (એજન્સી) મહેસાણા, તા.૯ ।

ઉત્તર ગુજરાતમાં આવેલું ઉનાવા માર્કેટ યાર્ડમાં કપાસ,તમાકુ અને એરંડાની સૌથી વધારે આવક થતી હોય છે. ૮ ફેબ્રુઆરીનાં મહેસાણાના ઉનાવા માર્કેટ યાર્ડમાં કપાસની આવકમાં વધારો જોવા મળ્યો છે. યાર્ડમાં કપાસની ૨૩૭૫ મણ આવક થઈ હતી. નીચો ભાવ ૧૦૭૫ અને ઊંચો ભાવ ૧૪૭૧ પ્રતિ મણ નોંધાયો હતો. આવકમાં વધારો થયો છે. સાથે ભાવમાં પણ ૨૦ રૂપિયા જેટલો વધારો નોંધાયો છે. છેલ્લા અઠવાડિયામાં કપાસની આવકમાં સતત ઘટાડો જોવા મળી રહ્યો છે, પરંતુ છેલ્લા બે દિવસથી કપાસની આવકમાં બે ગણો વધારો નોંધાયો છે અને ૨૩૭૫ મણની આવક નોંધાઈ છે અને તેના ભાવમાં ગયા અઠવાડિયા કરતા ૨૦ રૂપિયા જેટલો વધારો જોવા મળી રહ્યો છે. ઉત્તર ગુજરાતના લગભગ દરેક માર્કેટ યાર્ડમાં સૌથી વધારે આવક એરંડાની આવતી હોય છે. ઉનાવા માર્કેટ યાર્ડમાં એરંડાની ૪૭૫ બોરીની આવક થઈ હતી. જેનો ખેડૂતોને ૧૦૯૧ રૂપિયાથી લઈને ૧૧૪૫ રૂપિયા ભાવ મળ્યો હતો. છેલ્લા અઠવાડિયાથી ભાવમાં ૭૦ નો ઘટાડો જોવા મળ્યો છે. એરંડાની આવકમાં ઘટાડો નોંધાયો છે. ઉનાવા માર્કેટ યાર્ડના ચેરમેન રાજેન્દ્ર પટેલે જણાવ્યું હતુ કે, માર્કેટ ઉઘડતાની સાથે જ નવા કપાસની હરાજી શરૂ કરાઈ હતી. માર્કેટ યાર્ડમાં કપાસની ૨૩૭૫ મણની આવક નોંધાઈ હતી. કપાસમાંથી તૈયાર કરાતી ગાંસડીના ભાવમાં થયેલા ઘટાડાના કારણે કપાસના ભાવમાં ઘટાડો જોવા મળતો હોય છે.

## વિશેષ

### અંદાજપત્ર ૨૦૨૪-૨૫ની સામાન્ય ચર્ચા પર કેબિનેટ મંત્રી ઋષિકેશ પટેલ

# વિકસીત ભારત-૨૦૪૭ સંકલ્પને પૂર્ણ કરવા ગુજરાત સારથીની ભૂમિકા ભજવશે : મંત્રી ઋષિકેશ પટેલ

## મહિલાઓ, યુવાનો, ખેડૂતો સહિત સમાજના દરેક વર્ગને સમાવિષ્ટ કરતું વર્ષ ૨૦૨૪-૨૫નું બજેટ વિકસીત ભારત-૨૦૪૭ સંકલ્પપૂર્તિ માટે પહેલું કદમ

। (માહિતી) ગાંધીનગર ।

રાજ્ય સરકારના કેબિનેટ મંત્રી શ્રી ઋષિકેશ પટેલે અંદાજપત્ર ૨૦૨૪-૨૫ ની વિવિધ જોગવાઈ પર વિધાનસભામાં થયેલ સામાન્ય ચર્ચામાં જણાવ્યું કે,આ વર્ષનું બજેટ મહિલાઓ, યુવાનો, ખેડૂતો સહિત સમાજના દરેક વર્ગને સમાવિષ્ટ કરે છે. સર્વગ્રાહી, સર્વસમાવેશી અને સર્વસ્પર્શી આ બજેટ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના વર્ષ ૨૦૪૭ સુધીના વિકસીત ભારત સંકલ્પને પૂર્ણ કરવાની દિશામાં પહેલું કદમ છે.

વિકસીત ભારત ૨૦૪૭ના સંકલ્પને પૂર્ણ કરવા ગુજરાત સારથીની ભૂમિકા ભજવશે તેમ મંત્રીશ્રી એ જણાવ્યું હતુ.

આરોગ્ય અને શિક્ષણ સેવાનું માધ્યમ છે તેમ જણાવી રાજ્ય સરકારે કુલ બજેટના અંદાજીત ૨૩ ટકા રકમ આ બંને વિભાગો માટે ફાળવી હોવાનું તેમણે કહ્યુ હતુ. રાજ્યમાં બાળમૃત્યુદર અને માતામૃત્યુદર ઘટાડવા માટે આ વર્ષના અંદાજપત્રમાં હાઈરિસ્ક ધરાવતી સગર્ભા મહિલાઓની સંસ્થાકીય પ્રસૂતિ કરાવવા અને ત્યારબાદ હોસ્પિટલ ખાતે રોકાણ કરી સારવાર આપવા માટે રૂ. ૧૫ હજાર રૂપિયા અને આશા બહેનોને રૂ. ૩ હજારની પ્રસુતિદીઠ પ્રોત્સાહન રકમ આપવાની નવી યોજનાની જોગવાઈ કરાઈ છે.

"મારૂ ગામ , કુપોષણ મુક્ત ગામ" જેવી પહેલમાં સરકાર સાથે સામાજીક અને સ્વૈચ્છિક સેવાભાવી સંસ્થાઓ, પદાધિકારીઓને એકજૂટ થવા મંત્રીશ્રીએ અનુરોધ કર્યો હતો.

મેડિકલ કૉલેજ અને હોસ્પિટલ સાથે ત્રિ-સ્તરીય આરોગ્ય વ્યવસ્થા અંતર્ગત તમામ આરોગ્ય કેન્દ્રોના બાંધકામ અને સાધનોની વ્યવસ્થાઓને સુદ્રઢ કરવા માટે રૂ.૨૩૦૮ કરોડની જોગવાઈ રાજ્ય સરકારે કરી છે. અમદાવાદ સિવિલ મેડિસીટીની સ્પાઈન ઈન્સ્ટીટ્યુટ, આંખની એમ. એન્ડ જે ઈન્સ્ટીટ્યુટ અને



ડેન્ટલ હોસ્પિટલને ઓટોનોમસ બનાવવા રૂ. ૧૦૦ કરોડની ઐતિહાસિક નાણાકીય જોગવાઈ કરાઈ છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં કેન્સરની વર્લ્ડ ક્લાસ સારવાર માટે સાયક્લોટ્રોન અને પ્રોટોન જેવી થેરાપી માટે રૂ. ૬૦૦ કરોડ રૂપિયાની ફાળવણી કરી છે. સ્પોર્ટ્સ ક્ષેત્રે ટેકનોલોજીના મદદથી સંશોધન અને નવીનીકરણ કરવા માટે રૂ. ૩૫ કરોડના ખર્ચે નવીન સ્પોર્ટ્સ ટેકનોલોજી સેન્ટર બનાવવાની પહેલ રાજ્ય સરકારે હાથ ધરી છે. કૌશલ્ય અને ટેકનોલોજીના સમન્વયથી ગુજરાતમાં આંતરરાષ્ટ્રીય અને ઓલ્મિપક સ્તરના ખેલાડીઓ તૈયાર થશે તેવો ભાવ મંત્રી શ્રી એ વ્યક્ત કર્યો હતો. રાજ્યનો કોઈપણ ગરીબ ભૂખ્યો ન સૂવે તેની દરકાર ગુજરાત સરકારે કરી છે. જે માટે નેશનલ ફૂડ સિક્યોરીટી એક્ટ-૨૦૧૩ હેઠળ અગ્રતા ધરાવતા અંદાજે ૭૨ લાખ કુટુંબોને NFSA હેઠળ આવરી અનાજ પૂરું પાડવા માટે રૂ.૬૭૫ કરોડની જોગવાઈ કરાઈ છે. NFSA રેશનકાર્ડ ધારકોને રાશનની સાથે પ્રોટીનયુક્ત પોષણક્ષમ આહાર પણ મળી રહે તે માટે તુવેરદાળ અને ચણાના વિતરણ માટે રૂ. ૭૬૭ કરોડની જોગવાઈ કરાઈ હોવાનું તેમણે ઉમેર્યુ હતુ.

ગુજરાતમાં અંદાજીત ૫૦% જેટલી વસ્તિ શહેરી વિસ્તારમાં વસવાટ કરે છે. જે વર્ષ ૨૦૪૭ સુધીમાં ૭૦ % જેટલો થવાનો અંદાજ છે.જેને ધ્યાનમાં રાખીને આ વર્ષના બજેટમાં નવસારી, ગાંધીધામ, મોરબી, વાપી, આણંદ,મહેસાણા અને સુરેન્દ્રનગર / વઢવાણને નગરપાલિકામાંથી રૂપાંતરિત કરીને મહાનગર પાલિકાનો દરજ્જો આપવાનું મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની સરકારે નક્કી કર્યું છે જે કદમ સરાહનીય છે. વર્ષ ૨૦૨૩ માં ગુજરાતમાં ગુજરાત અને ગુજરાત બહારના ૧૭.૬૫ કરોડ અને ૨૪.૦૯ લાખ જેટલા વિદેશી પ્રવાસીઓએ ગુજરાતના વિવિધ પ્રવાસન સ્થળોની મુલાકાત લીધી હોવાનું મંત્રીશ્રીએ ઉમેર્યુ હતુ.

**ન્યૂઝ બ્રિફ**

## ભાજપને ૨૦૨૨-૨૩માં ૨૩૬૧ કરોડની આવક



। (એજન્સી) નવી દિલ્હી, તા.૯ ।

રાજકીય પક્ષો દ્વારા ચૂંટણી પંચને આપવામાં આવેલી આવક અને ખર્ચની વિગતો મુજબ ભાજપને મળતા દાનમાં નોંધપાત્ર વધારો થયો છે. ભારતીય જનતા પાર્ટી (ભાજપ)ને ૨૦૨૧-૨૨ની સરખામણીમાં ૨૦૨૨-૨૩માં ૨૩ ટકા વધુ દાન મળ્યું છે. જેમાં તેને કુલ રૂ. ૨૩૬૧ કરોડની આવકમાંથી ૫૪ ટકા રકમ ચૂંટણી બોન્ડમાંથી મળી હતી. જો ખર્ચની વાત કરીએ તો તેમાં પણ જબરદસ્ત વધારો થયો છે. ભાજપે ૧૩૬૧ કરોડ રૂપિયા ખર્ચ્યા હતા જે ગયા વર્ષ કરતા ૫૯ ટકા વધુ છે. પાર્ટીના વાર્ષિક ઓડિટ રિપોર્ટ અનુસાર ભાજપે પ્રચાર પર ૮૪૪ કરોડ રૂપિયા અને પ્રવાસ પર ૧૩૨ કરોડ રૂપિયા ખર્ચ્યા હતા. અહેવાલ અનુસાર, ભાજપને એક વર્ષમાં ઈલેક્ટોરલ બોન્ડથી ૧૨૯૪ કરોડ રૂપિયા મળ્યા હતા, જે ગયા વર્ષની સરખામણીમાં ૨૫ ટકા વધુ છે. આ સિવાય વ્યક્તિગત દાન, કોર્પોરેટ અને ઈલેક્ટોરલ ટ્રસ્ટ પર મળતી રકમમાં ઘટાડો થયો હતો. ભાજપની આ આવક ૭૨૧.૭ કરોડથી ઘટીને ૬૪૮ કરોડ થઈ ગઈ છે. આ સિવાય પાર્ટીને લાઈફ ટાઈમ સપોર્ટ ફંડથી ઘણો ફાયદો થયો છે. જેમાં અંદાજે ૯ ગણો વધારો થયો છે.

## ઈવીએમ ચોરી સંદર્ભે ત્રણ અધિકારીને સસ્પેન્ડ કરવા પંચે નિર્દેશ આપવામાં આવ્યો

। (એજન્સી) મુંબઇ, તા.૯ ।

પુણે જિલ્લાના સાસવડમાં ઈવીએમના કન્ટ્રોલ યુનિટની ચોરી થઈ હતી તેના સંદર્ભમાં ચૂંટણી પંચે ત્રણ અધિકારીને સસ્પેન્ડ કરવાનો મહારાષ્ટ્ર સરકારને નિર્દેશ આપ્યા છે. ત્રીજી ફેબ્રુઆરીએ તહેસીલદારની ઓફિસમાંથી ઈવીએમનું કન્ટ્રોલ યુનિટ અને કેટલીક સ્ટેશનરીની ચોરી થઈ હતી. આ ઘટનાનું સીસીટીવી ફૂટેજ સોશિયલ મિડિયા પર વાયરલ થયું હતું. ચોરી થઈ હોવાની જાણ ઉચ્ચ અધિકારીઓને થતા કલેક્ટર અને અન્ય અધિકારીઓએ ઘટના સ્થળનું નિરીક્ષણ કર્યું હતું. ચોરીની ઘટના પછી પોલીસે પુણે જિલ્લાના જેજુટી વિસ્તારમાંથી બે વ્યક્તિની બુધવારે ધરપકડ કરી હતી અને તેમની પાસેથી ઈવીએમનું કન્ટ્રોલ યુનિટ કબ્જે લેવાયું હતું. એક ત્રીજા વ્યક્તિને પોલીસ શોધી રહી છે. સાસવડ પોલીસ મથકમાં ત્રણ આરોપીઓ સામે કેસ નોંધવામાં આવ્યો છે. આ મામલાની નોંધ લઈ ચૂંટણી પંચે સબડિવિઝનલ ઓફિસર, તહેસીલદાર અને વિસ્તારના પોલીસ અધિકારીને સસ્પેન્ડ કરવા અને તેમની સામે કાર્યવાહી શરૂ કરવા નિર્દેશ આપ્યા છે. ડિસ્ટ્રિક્ટ ઈલેક્શન ઓફિસર, સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ પોલીસ (એસપી) પાસેથી સુરક્ષા પ્રોટોકોલનું પાલન કેમ ન થયું તેનો જવાબ માગવા રાજ્ય સરકારને નિર્દેશ આપ્યા છે. તહેસીલદાર વિક્રમ રાજપૂત, સબડિવિઝનલ અધિકારી વર્ષા લાંડગે અને પોલીસ અધિકારી તાનાજી બર્ડેને સસ્પેન્ડ કર્યા હતા. સાસવડ તહેસીલ ઓફિસમાં ૪૦ ઈવીએમ રાખવામાં આવ્યા હતા. જેમાંતી ડેમોયુનિટની ચોરી કરવામાં આવી હતી. એક ચૂંટણી અધિકારીએ કહ્યું કે મતદાર જાગૃતિ ઝુંબેશ માટે ડેમો ઈવીએમ સ્ટ્રોન્ગરૂમમાં મૂકવામાં આવ્યા હતા.

## જાપાનની સોફ્ટ બેંકે પેટીએમમાંથી મોટો હિસ્સો વેચી નાખ્યો હતો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૯ ।

ભારતીય રિઝર્વ બેંક (આરબીઆઈ)ની તાજેતરની કાર્યવાહી બાદ ફિનટેક શેર પેટીએમ (પેટીએમ)ની કિંમત સતત ઘટી રહી છે. આજે શુક્રવારે પણ પેટીએમના શેરમાં આજે પણ ૭ ટકા જેટલો કડાકો બોલાઈ ચૂક્યો છે. ત્યારે એક બાબત લોકોનું ધ્યાન આકર્ષિત કરી રહી છે અને તે છે પેટીએમના તાજેતરના ૫૦ ટકાના ક્રેશ પહેલા જાપાની રોકાણકાર સોફ્ટબેંક દ્વારા તેનો હિસ્સો ઘટાડવો. સોફ્ટબેંકે હવે તેનું કારણ સમજાવ્યું છે. સોફ્ટબેંકે તાજેતરમાં પેટીએમમાંતેનો મોટાભાગનો હિસ્સો વેચી દીધો હતો. રિઝર્વ બેંકે ૩૧ જાન્યુઆરીના રોજ પેટીએમ પેમેન્ટ બેંક સામે કાર્યવાહી કરી હતી. તે પહેલા જ સોફ્ટબેંક દ્વારા પેટીએમના શેર વેચી દેવાયાનો ખુલાસો થયો છે. અહેવાલ અનુસાર સોફ્ટબેંકનું કહેવું છે કે તેને ભારતના નિયમનકારી વાતાવરણમાં અનિશ્ચિતતાની અપેક્ષા હતી. આ ઉપરાંત તેને પેટીએમ પેમેન્ટ્સ બેંકના લાયસન્સ અંગે પણ શંકા હતી. સોફ્ટબેંકના ફાયનાન્સ ચીફ નવનીત ગોવિલે જણાવ્યું કે, અમને લાગ્યું કે મનીટાઈઝ શરૂ કરવું યોગ્ય રહેશે. અમે ખુશ છીએ કે પેટીએમશેરમાં તાજેતરના ક્રેશ પહેલા અમે યોગ્ય હિસ્સો વેચીને બહાર નીકળી ગયા. ઉલ્લેખનીય છે કે પેટીએમ સામે આરબીઆઈની કાર્યવાહી બાદ તેના સ્ટોક્સમાં સતત બે દિવસ ૨૦ ટકાની લૉઅર સર્કિટ બાદ ૧૦ ટકાની પણ લૉઅર સર્કિટ લાગી હતી જેના લીધે શેરની કિંમતો ૫૦ ટકા સુધી ગગડી ગઈ હતી. સોફ્ટબેંકએ પેટીએમમાં રોકાણ કરનાર મોટા રોકાણકારો પૈકી એક છે. સોફ્ટબેંકે તેના આઈપીઓપહેલા જ પેટીએમમાં મોટું રોકાણ કર્યું હતું. ૨૦૨૧માં આઈપીઓલોન્ચ થયો તે સમયે, સોફ્ટબેંકપાસે પેટીએમમાં ૧૮.૫ ટકા હિસ્સો હતો.

### પિતાને ભારત રત્ન મળતાં પૌત્ર જયંત ચૌધરી મોદી પર ફિદા

# એનડીએમાં જવા માટે હવે હું કયા મોઢે ના પાડું, કોઈ કસર બાકી નથી : જયંત

। (એજન્સી) નવી દિલ્હી, તા.૯ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પૂર્વ વડાપ્રધાન નરસિમ્હા રાવ, પૂર્વ વડાપ્રધાન ચૌધરી ચરણ સિંહ અને કૃષિ ક્ષેત્રમાં અભૂતપૂર્વ યોગદાન આપનાર એસ.સ્વામીનાથનને ભારત રત્નથી સન્માનિત કરવાની જાહેરાત કર્યા બાદ ચૌધરી ચરણ સિંહના પૌત્ર અને રાષ્ટ્રીય લોકતાંત્રીક દળના અધ્યક્ષ જયંત ચૌધરીએ કહ્યું કે, ‘વડાપ્રધાન મોદીએ સાબિત કરી દીધું છે કે, તેઓ દેશની ભાવનાઓને સમજે છે.’ ભાજપ સાથે હાથ જોડાવાના સવાલ પર તેમણે કહ્યું કે, ‘એનડીએમાં જવા માટે હવે હું કયા મોઢે ના પાડું. કોઈ કસર બાકી નથી.’ જયંત ચૌધરીએ મીડિયા સાથેની વાતચીતમાં કહ્યું કે, ‘આજના સમયમાં બેઠક અને ચૂંટણીની વાત કરવી નાના બનવા સમાન કહેવાશે. વડાપ્રધાને દેશના દિલને જીતવાનું કામ કર્યું છે.’ એનડીએ સાથે જોડાવાના સવાલ પર તેમણે કહ્યું કે, ‘અમે એનડીએ સાથે જવાની કોઈપણ જાહેરાત કરી નથી, પરંતુ કયા મોઢે ઈકાર કરવામાં આવે. કોઈ કસર બાકી રહી હોય તો જણાવો. હું બેઠક અંગે કોઈની પણ સાથે વાત નહીં કરું. હું બેઠક અંગે વડાપ્રધાન સાથે પણ વાત નહીં કરું અને ભાજપના કોઈ વ્યક્તિ સાથે પણ નહીં.’



### વડાપ્રધાન મોદીએ દેશના દિલને જીતી લીધું

જયંત ચૌધરીને પૂછવામાં આવ્યું કે, શું તેઓ એમએસપીની માંગ અને ખેડૂત આંદોલન જેવા મુદ્દાઓ પરથી હટી જશે? તો તેમણે કહ્યું કે, ‘આ એક સજાગ પ્રયાસ હોય છે. ભારત સરકારે ખેડૂતો પાસે પ્રતિ ભાવ રજુ કર્યા છે અને તે સારી બાબત છે.’ આરએલડી એનડીઓમાં સામેલ થઈ જશે, તો તેમણે કહ્યું કે, ‘આ મામલે ઓમપ્રકાશ રાજભરને વધુ ખબર હશે.’ ઉલ્લેખનિય છે કે, વડાપ્રધાન મોદીએ આજે ટ્વિટ કરીને ત્રણ મહાનુભાવોને ભારત રત્નથી સન્માનિત કરવાની જાહેરાત કરી હતી.

### પ્રારંભિક નુકશાનમાંથી રિકવર થતું શેરબજાર

## સેન્સેક્સમાં ૧૬૭, નિફ્ટીમાં ૬૪ પોઈન્ટનો વધારો જોવા મળ્યો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૯ ।

શુક્રવારે નબળાઈ સાથે કારોબારની શરૂઆત કરનાર મુંબઈ સ્ટોક એક્સચેન્જના સેન્સેક્સે ૧૬૭ પોઈન્ટના વધારા સાથે ૭૧,૫૯૫ના સ્તરે કારોબાર સમાપ્ત કર્યો. એ જ રીતે નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી ૬૪ પોઈન્ટના વધારા સાથે ૨૧૭૮૨ પોઈન્ટની સપાટીએ બંધ થવામાં સફળ રહ્યો હતો. શેરબજારમાં ગ્રાસિમ ઈન્ડસ્ટ્રીઝના શેરમાં ૬ ટકાનો વધારો નોંધાયો હતો જ્યારે એસબીઆઈ ૩.૬ ટકાના વધારા સાથે બંધ થયો હતો. કાચા તેલની કિંમતમાં વધારાને કારણે શુક્રવારે પેટ્રોલિયમ માર્કેટિંગ કંપનીઓના શેરમાં ભારે વેચવાલી જોવા મળી હતી. શેરબજારના ટોપ ગેનર્સમાં ગ્રાસિમ ઈન્ડસ્ટ્રીઝ, એસબીઆઈ, અપોલો હોસ્પિટલ, અદાણી પોર્ટ્સ, સન ફાર્મા, આઈસીઆઈસીઆઈ બેંક અને હીરો મોટોકોર્પના શેરનો સમાવેશ થાય છે, જ્યારે મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, ઓએનજીસી, ભારતી એરટેલ, એનટીપીસી, હિન્દાલ્કો, ટાટા સ્ટીલ અને ઈન્ફોસીસના શેરનો સમાવેશ થાય છે. ટોચના લાભકર્તાઓમાં હતા. નબળાઈ નોંધાઈ હતી. શેરબજારના સૂચકાંકોની વાત કરીએ તો, નિફ્ટી બેંક, નિફ્ટી ફાર્મા, નિફ્ટી એફએમસીજી અને નિફ્ટી ફાઈનાન્શિયલ સર્વિસિસ ઈન્ડેક્સ સિવાય, અન્ય તમામ સૂચકાંકો લાલ રંગમાં કામ કરી રહ્યા હતા. નિફ્ટી મિડકેપ, બીએસઈ સ્મોલ કેપ, નિફ્ટી આઈટી અને નિફ્ટી ઓટો ઈન્ડેક્સમાં નબળાઈ નોંધાઈ છે.




ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુ નવી દિલ્હીમાં ICAR-IARIના સાઠ બીજા દીક્ષાંત સમારોહમાં ઉપસ્થિત રહ્યા હતાં.

## પાકિસ્તાનમાં નેશનલ એસેમ્બલીમાં ૩૩૬ સીટોમાંથી ૨૬૬ પર ચૂંટણી થઈ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૯ ।

મીડિયા રિપોર્ટ મુજબ પાકિસ્તાનના પૂર્વ પીએમ નવાઝ શરીફ મનસેહરા બેઠક પરથી ચૂંટણી હારી ગયા છે. અપક્ષ ઉમેદવાર શાહજાદા ગસ્તાસપે તેમને કારમી હાર આપી હતી. શાહજાદા ગસ્તાસપને ૭૪,૭૧૩ વોટ મળ્યા જ્યારે નવાઝને ૬૩,૦૫૪ વોટથી સંતોષ માનવો પડ્યો. પાકિસ્તાનમાં નેશનલ એસેમ્બલી અને પ્રાંતીય ચૂંટણીઓ માટે મતદાન સમાપ્ત થયા બાદ મતગણતરી ચાલુ છે. જોકે, સત્તાવાર પરિણામો આજે એટલે કે ૯મી ફેબ્રુઆરી સુધીમાં જ આવવાની ધારણા છે. મનસેહરાને પાકિસ્તાન મુસ્લિમ લીગ-નવાઝનો ગઢ માનવામાં આવે છે. આમ છતાં તેને હારનો સામનો કરવો પડ્યો છે.પરંતુ આ ચૂંટણીમાં તેમણે અન્ય બેઠક લાહોર દ્ધછ૧૩૦ પરથી પણ ઉમેદવારી નોંધાવી હતી. તેઓ લાહોર બેઠક પરથી ચૂંટણી જીત્યા છે.

### શ્રીકાશી વિશ્વનાથ મંદિરમાં ચાર દાયકા બાદ નિર્ણય

# શ્રીકાશી વિશ્વનાથ મંદિરમાં ચાર દાયકા બાદ પૂજારી સેવા માર્ગદર્શિકા માર્ગ મોકળો

। (એજન્સી) વારાણસી, તા.૯ ।

શ્રીકાશી વિશ્વનાથ મંદિરમાં ચાર દાયકા બાદ પૂજારી સેવા માર્ગદર્શિકા લાગુ થવાનો માર્ગ વિસ્તૃત થઈ ગયો છે. મંદિરના ટ્રસ્ટની ગુરુવારે આયોજિત ૧૦૫મી બેઠકમાં આની પર ચર્ચા કરવામાં આવી. સમસ્ત મુદ્દાઓ પર વિચાર-વિમર્શ કર્યા બાદ પરિષદે સર્વસંમતિથી સંમતિ વ્યક્ત કરી દીધી. પ્રદેશ સરકારે ૧૯૮૩માં મંદિરનો કબ્જો લીધો હતો. જે બાદ પ્રસ્તાવ તો ઘણી વખત પાસ થયા પરંતુ સેવા માર્ગદર્શિકા હવે બની શકી છે. જેમાં પૂજારીઓની નિમણૂક પ્રક્રિયા, પગાર, સેવાનિવૃતિ સહિત તમામ મુદ્દાઓને સામેલ કરવામાં આવ્યા છે. મંદિરમાં લગભગ ૫૦ પૂજારી હશે જેમાં મુખ્ય, જુનિયર અને સહાયક પુરોહિત વગેરે જેવી શ્રેણીઓ હશે. મંદિર ટ્રસ્ટની બેઠકમાં નક્કી કરવામાં આવ્યુ કે ધોરણ ૬થી ૧૨ સુધીના તમામ બાળકોને મફત પુસ્તક-ડ્રેસ આપવામાં આવશે. શાળાઓને સંગીતનાં સાધનો આપવામાં આવશે. એકાદ-બે મહિનામાં તેનો અમલ કરવામાં આવશે. આ સિવાય વિશ્વનાથ મંદિરમાં પ્રથમ વખત સંસ્કૃતની આંતર-શાળા સ્પર્ધાઓ સહિત વિવિધ સ્તરે સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવશે. જેમાં વડાપ્રધાનને પણ આમંત્રણ આપવામાં આવશે. આ દરમિયાન ટ્રસ્ટી સભ્ય સંપૂર્ણાનંદ યુનિવર્સિટીના કુલપતિ પ્રો. બિહારીલાલ શર્માના આગ્રહ પર યુનિવર્સિટીને મકાનનું સમારકામ અને સારસંભાળ માટે એક કરોડ રૂપિયા સુધીનું બજેટ ન્યાસ પરિષદ તરફથી આપવાની સંમતિ આપવામાં આવી. દરરોજ બાબાનો ભોગ-પ્રસાદ શહેરના સ્ટેશન, બસ સ્ટેશન અને ઘાટો પર રહેતા લોકોને વહેંચવામાં આવશે. મંદિર અન્નક્ષેત્રમાં ભોગ-પ્રસાદ તૈયાર કરાવીને પેક કરાવવામાં આવશે અને મંદિરના વાહનથી બપોરે વહેંચવામાં આવશે.



### દર્શનાર્થીઓની વધતી સંખ્યાને જોતા શ્રદ્ધાળુઓની સુવિધામાં વધારો

**તિરુપતિ બાલાજી અને મહાકાલ મંદિરની જેમ શ્રીકાશી વિશ્વનાથ મંદિરમાં પણ પ્રસાદની અલગ રેસિપી તૈયાર કરવાનો પ્રસ્તાવ પાસ કરવામાં આવ્યો. ભૂમિ-ભવનના ઉપયોગ માટે આર્કિટેક્ટ કંપની ઈનપેનલમેન્ટ કરવા પર ચર્ચા થઈ. દર્શનાર્થીઓની વધતી સંખ્યાને જોતા શ્રદ્ધાળુઓની સુવિધામાં વધારો અને જમીન-મકાનોની ખરીદી કરીને રોડ પહોળો કરવો અને પાર્કિંગનું નિર્માણ કરવાનો નિર્ણય લેવાયો. બેઠકની અધ્યક્ષતા ટ્રસ્ટના અધ્યક્ષ પ્રો. નાગેન્દ્ર પાંડેએ કરી હતી. મુખ્ય કારોબારી અધિકારી વિશ્વભૂષણ મિશ્રાએ ગત બેઠકમાં લેવાયેલા નિર્ણય અને આગામી સત્ર માટેના બજેટનો અનુપાલન અહેવાલ રજૂ કર્યો હતો. જેને ટ્રસ્ટ દ્વારા સંમતિ આપવામાં આવી હતી.**

### લોકસભાની ચૂંટણીમાં લોકોની સૌથી વધુ મહારાષ્ટ્ર પર નજર

## મહારાષ્ટ્રમાં પક્ષોની તોડફોડથી ભાજપે ઘણું નુકસાન વેઠવું પડશે

### જાન્યુઆરી ૨૦૨૪માં ચૂંટણી યોજાઈ હોત તો ભાજપ અને તેના સહયોગીઓને ભારે નુકસાન થયું હોત



। (એજન્સી) નવી દિલ્હી, તા.૯ ।

આગામી લોકસભા ચૂંટણી દરમિયાન સૌથી વધુ લોકોની નજર મહારાષ્ટ્ર પર રહેશે. તેનું મુખ્ય કારણ રાજ્યની રાજકીય ગતિવિધિઓ છે. મહારાષ્ટ્ર એકમાત્ર એવું રાજ્ય છે જેણે ૨૦૧૯ની સામાન્ય ચૂંટણી પછી ગઠબંધનની રાજનીતિમાં મોટો ફેરફાર જોયો છે. શિવસેના અને એનસીપી વચ્ચેના વિભાજનથી લઈને આ પક્ષોની ‘માલિકીના અધિકારો’ અંગે તાજેતરમાં મહારાષ્ટ્રમાં ભારે હોબાળો થયો.આવી સ્થિતિમાં સવાલ એ ઊભો થાય છે કે શું મહારાષ્ટ્રનું બદલાયેલું રાજકીય વાતાવરણ સંસદીય ચૂંટણીમાં ભાજપની આગેવાની હેઠળના નેશનલ ડેમોક્રેટિક એલાયન્સ (એનડીએ)ને મદદ કરશે કે તેની વિપરીત અસર જશે?

ચાલો સમજીએ. એક સરવે અનુસાર જો જાન્યુઆરીમાં ચૂંટણી યોજાઈ હોત તો ભાજપ અને તેના સહયોગીઓને ભારે નુકસાન થયું હોત. સર્વે અનુસાર મહારાષ્ટ્રની કુલ ૪૮ લોકસભા બેઠકોમાંથી ભાજપ અને તેના સહયોગી પક્ષોને ૨૨ બેઠકો મળી શકી હોત. એનડીએને ૨૦૧૯માં મળેલી બેઠકો કરતાં આ ૧૯ બેઠકો ઓછી છે. સર્વે અનુસાર, જો ૨૦૨૪ની લોકસભાની ચૂંટણી જાન્યુઆરીમાં યોજાઈ હોત તો કોંગ્રેસની આગેવાની હેઠળના ઈન્ડિયાગઠબંધનને મહારાષ્ટ્રમાં ૨૬ બેઠકો મળી હોત. જેના પરથી કહી શકાય કે ૨૦૧૯ની સરખામણીમાં કોંગ્રેસ અને તેના ગઠબંધનને ૨૧ સીટોનો સીધો ફાયદો થયો હોત. સર્વે મુજબ એનડીએ (એનડીએ) નો વોટ શેર ૪૦ ટકા રહ્યો હોત. જ્યારે કોંગ્રેસને ૧૨ બેઠકો મળી હોત. આ સિવાય શરદ પવારની આગેવાની હેઠળના એનસીપીજૂથ અને ઉદ્ધવ ઠાકરેની શિવ સેનાને ૧૪ બેઠકો મળી શકે તેમ હતી. જ્યારે વિપક્ષી ઈન્ડિયાગઠબંધનનો વોટ શેર ૪૫ ટકા રહેવાનો અંદાજ હતો. ૨૦૧૯ની લોકસભા ચૂંટણી પછી મહારાષ્ટ્રમાં રાજકીય ગતિવિધિઓ ઝડપથી બદલાઈ. પાર્ટીઓની અંદર અને બહાર ઘણું બધું થયું. શિવસેના અને રાષ્ટ્રવાદી કોંગ્રેસ (એનસીપી) વચ્ચે વિભાજન થયું હતું અને હવે ચૂંટણી પંચ દ્વારા જાહેર ‘અસલ પક્ષો’ ભાજપ સાથે છે. લગભગ આવી જ સ્થિતિ બિહારમાં પણ છે. પરંતુ મહારાષ્ટ્રમાં જે સમીકરણો છે તે ભાજપ અને તેના સાથી પક્ષો માટે યોગ્ય નથી દેખાતા.

# રેલવેના ૧૨૩૪૩ કરોડના છ પ્રોજેક્ટને મંજૂરી અપાઈ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૯ ।

આર્થિક બાબતોની મંત્રીમંડળ સમિતિએ રેલવે મંત્રાલયના છ પ્રોજેક્ટને મંજૂરી આપી છે, જેની અંદાજિત કિંમત અંદાજે ૧૨,૩૪૩ કરોડ રૂપિયા છે. કેન્દ્ર સરકારે ગુરુવારે એક નિવેદનમાં આ માહિતી આપી હતી. મંત્રીમંડળ સમિતિ દ્વારા મંજૂર કરાયેલા પ્રોજેક્ટ્સને કેન્દ્ર સરકાર દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવશે. વડાપ્રધાન મોદીએ કેન્દ્રીય કેબિનેટ દ્વારા લેવામાં આવેલા વિવિધ નિર્ણયોની પ્રશંસા કરી હતી. તેમણે કહ્યું હતું કે, ‘રેલ પ્રોજેક્ટ્સને મંજૂરી આપવાથી ઈન્ફ્રાસ્ટ્રક્ચરને વેગ મળશે અને વ્યસ્ત માર્ગો પર ભીડ ઘટશે. આ પ્રોજેક્ટ્સ વાણિજ્ય તેમજ કનેક્ટિવિટીમાં સુધારો કરશે.’ કેન્દ્ર સરકારે 'ફિશરીઝ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ ફંડ' (એફઆઈડીએફ) ને નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ સુધી લંબાવવાનું નક્કી કર્યું છે, જેમાં ૭,૫૨૨.૪૮ કરોડ રૂપિયાના પહેલાથી જ મંજૂર ફંડ અને ૯૩૯.૪૮ કરોડ રૂપિયાનું બજેટ સમર્થન છે. રેલવેમંત્રી અશ્વિની વૈષ્ણવે ‘એક્સ’પર પોસ્ટ કરીને લખ્યું કે, રાજસ્થાન, આસામ, તેલંગાણા, ગુજરાત, આંધ્રપ્રદેશ અને નાગાલેન્ડમાં રૂ. ૧૨,૩૪૩ કરોડના છ ‘મલ્ટી ટ્રેક’ પ્રોજેક્ટને મંજૂરી આપવા બદલ વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો આભાર. નિવેદનમાંકહેવામાં આવ્યું છે કે આ પ્રોજેક્ટ્સ કામગીરીને સરળ બનાવશે અને ભીડ ઓછી કરશે. આ ઉપરાંત ભારતીય રેલ્વેના સૌથી વ્યસ્ત વિભાગો પર જરૂરી માળખાકીય વિકાસ થશે. વધુમાં જણાવાયું છે કે, "આ પ્રોજેક્ટ્સ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ‘નવા ભારત’ના વિઝનને અનુરૂપ છે જે વિસ્તારના વ્યાપક વિકાસ દ્વારા સ્થાનિક લોકોને આત્મનિર્ભર બનાવશે અને તેના કારણે તેમની રોજગાર/સ્વ-રોજગારની તકોમાં વધારો થશે." રાજ્યોના ૧૮ જિલ્લાઓને આવરી લેતા આ પ્રોજેક્ટ્સ ભારતીય રેલ્વેના વર્તમાન નેટવર્કમાં ૧,૦૨૦ કિમીનો વધારો કરશે.

## તંત્રી લેખ...

# ઉત્તરાખંડના હલ્દવાનીમાં હિંસા

ઉત્તરાખંડના હલ્દવાની શહેરમાં ગુરૂવારે સાંજે હિંસા ભડકી, ગુરૂવારે બપોરે ૨ વાગ્યે ૬૦૦થી વધઆરે પોલીસકર્મી બનભૂલપુરા સ્ટેશન પર ભેગા થયા, શહેરના મલિકના બગીચામાં સ્થિત ગેરકાયદેસર મદરેસા અને નમાજ સ્થળને તોડવા માટે નગર નિગમના કર્મચારી અને પોલીસકર્મી આગળ વધ્યા. તે દરમિયાન સાંજે ૪ વાગ્યે વિસ્તારના સ્થાનિક લોકોએ પોલીસ પર ૩ તરફથી પથ્થરબાજી અને હુમલો કરી દીધો. પોલીસકર્મીઓ મુશ્કેલીથી પોતાનો જીવ બચાવીને ત્યાંથી ભાગ્યા. દરેક ગલી અને દરેક છતની ઉપરથી પથ્થરમારો પોલીસ પર કરવામાં આવ્યો. ગેરકાયદેસર મદરેસા અને નમાજ સ્થળ તોડવા પહોંચેલી પોલીસ અને નગર નિગમના કર્મચારીઓ ઉપદ્રવિયોના પથ્થરબાજીનો શિકાર થઈ ગયા. આ દરમિયાન આગચંપી થઈ. બનભૂલપુરા સ્ટેશનને પણ આગ લગાવવામાં આવી. ઉપદ્રવિયોએ વિસ્તારમાં ઉભી રહેલી પોલીસની અને પ્રાઈવેટ ગાડીમાં આગ લગાવી દીધી. નૈનીતાલના ડીએમ વંદના સિંહે જણાવ્યું કે આ હિંસામાં ૪ લોકોના મોત અને ૧૩૯ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. સાથે જ તેમને કહ્યું કે ઉપદ્રવિયો દ્વારા ચારે બાજુથી પોલીસની ઉપર પથ્થરમારો કરવામાં આવ્યો, જેમાં ૫૦થી વધુ પોલસસકર્મી સહિત ૧૩૯ લોકો ઘાયલ થયા છે. હિંસામાં પત્રકાર અને નગર નિગમના કર્મચારી પણ ઘાયલ થયા છે. હિંસા બાદ વિસ્તારમાં કર્ફ્યૂ લગાવી દેવામાં આવ્યો છે. ઘટનાસ્થળ પરથી આવી રહેલી તસ્વીરો જણાવી રહી છે કે કેવી રીતે બનભૂલ પુરા સ્ટેશનની અંદર ઘુસીને ઉપદ્રવિયોએ પોલીસ સ્ટેશનમાં તોડફોડ કરી અને આગ લગાવી દીધી અને બહાર ઉભી રહેલી પોલીસની ગાડીઓને પણ આગ લગાવી દીધી. રસ્તા પર દરેક બાજુ પથ્થર જ નજર આવી રહ્યા છે, જે પોલીસકર્મી અને નગર નિગમના કર્મચારીઓ ઉપર ફેંકવામાં આવ્યા. વિસ્તારમાં વધતી હિંસાને જોઈ આસપાસના જિલ્લામાંથી વધુ ફોર્સ મગાવવામાં આવી છે. પેરામિલિટ્રી ફોર્સની ૪ કંપની એક્સ્ટ્રા બોલાવવામાં આવી છે. સમગ્ર વિસ્તારમાં પોલસકર્મી અને ફોર્સ તૈનાત કરવામાં આવી છે. પથ્થરમારો અને આગચંપી બાદ બનભૂલપુરા સ્ટેશનમાં ડીએમ વંદના સિંહ અને એસએસપી પ્રહલાદ મીણાએ નિરીક્ષણ કરી બેઝ હોસ્પિટલમાં ઘાયલ પોલીસકર્મીઓની તબિયત જાણી.

## વઘઈ તાલુકાના ભદરપાડા, ડુંગરડા અને આહવા તાલુકાના પિમ્પરી તથા મુળચોંન્ડ ગામે 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા'ના કાર્યક્રમો યોજાયા

### પ્રથમ દિવસે ચાર ગામોમાં કુલ ૧૫૪૬ લોકોએ ભાગ લીધો : ગ્રામજનોએ રથનું ભવ્ય સ્વાગત કર્યું




। (માહિતી) ડાંગ ।

'જનજાતીય ગૌરવ દિવસ'થી દેશ સમસ્તમાં, જનહિતલક્ષી યોજનાઓના લાભથી પાત્રતા ધરાવતો એક પણ વ્યક્તિ વંચિત ન રહે તે માટે જનજાગૃતિ કેળવવા 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા'નો પ્રારંભ કરવામા આવ્યો છે. વિકસિત ભારતના સંકલ્પ સાથે ડાંગના ડુંગરા ખુંદવા નીકળેલી 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા-૨' નો પ્રારંભ, ડાંગ જિલ્લાના વઘઈ તાલુકાના ભદરપાડા તથા આહવા તાલુકાના પિમ્પરી ખાતેથી કરાયો છે. આ યાત્રાના માધ્યમથી છેવાડાના લોકો સુધી પહોંચી, સરકારી યોજનાઓની જાણકારી અને તેનો લાભ પુરો પાડવા માટે સરકાર સંકલ્પબદ્ધ હોવાની પ્રતીતિ સાથે, પ્રજાજનોને મળવાપાત્ર લાભો સહિત અનેક સેવાઓ ઘરઆંગણે પુરી પાડવામાં આવી રહી છે. તા.૮મી ફેબ્રુઆરીના રોજ ડાંગ જિલ્લાના વઘઈ તાલુકાના ભદરપાડા અને ડુંગરડા, તથા આહવા તાલુકાના પિમ્પરી અને મુળચોંન્ડ ગામમા 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા' પહોંચી હતી. જેમા કુલ ૧૫૪૬ લોકોએ યાત્રામા ભાગ લઈ, વિકસિત ભારતનો સંકલ્પ લીધો હતો. સાથે જ અહિ વિવધ કાર્યક્રમો પણ યોજાયા હતા. 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા' સાથે ગામમા વિશેષ 'ગ્રામસભા', તબીબી નિદાન અને સારવાર કેમ્પ, પશુ આરોગ્ય મેળા, શૈક્ષણિક સ્પર્ધાઓ, ક્વિઝ કોમ્પિટિશન, ગામના ગૌરવનુ સન્માન સહિત શ્રેણીબદ્ધ કાર્યક્રમ યોજવામા આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે, ૮મી ફેબ્રુઆરીએ યોજાયેલ 'યાત્રા'માં આ ચાર ગામોના કુલ ૧૫૪૬ ગ્રામજનો જોડાયા હતા. દરમિયાન બન્ને ગામોના કુલ ૮૭૮ લોકોએ અહીં આયોજિત આરોગ્ય કેમ્પનો લાભ લીધો હતો. જેમા ૭૪ વ્યક્તિઓનુ ટી.બી સ્ક્રિનીંગ, તથા ૬૧ જેટલા લોકોનું સિકલસેલનું સ્ક્રિનીંગ પણ હાથ ધરાયુ હતુ.

**આ દિવસે પીળા રંગનું પણ ખૂબ મહત્વ છે, મા સરસ્વતીને પીળા વસ્ત્ર પહેરાવી, પીળા ચંદનનું તિલક કરી, પીળા પુષ્પથી પૂજન કરવામાં આવે છે**

# ચાલો પ્રકૃતિના સંવર્ધન અને સર્જન માટે સરસ્વતીનાં બાર નામનો જાપ કરી વસંત પંચમી ઉજવીએ



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**આપણે સૌ વસંતનાં તહેવાર અનુરૂપ અંતરમાં શુદ્ધ સાત્વિક પ્રેમ ભરેલા હૃદયથી સદાકાળ એકબીજા સાથે જોડાયેલા રહી શકીએ તો સમજવું કે આપણે પણ વસંતનાં સાચાં મર્મ અને અર્થને સમજ્યો છે આપણી ઉંમર પ્રમાણે આપણે કેટલીય વસંત આવી ને ગઈ પણ આપણે જીવન મહેંકાવી શક્યાં નથી**

હે ઈશ્વર.

આજે મહા સુદ એકમ એટલે કે મહા સુદ એકમ એટલે મહા નવરાત્રીનો પ્રથમ દિવસ અને આજથી વસંત ઋતુની શરૂઆત થઈ, એટલે કે વસંતોત્સવનો તહેવાર આજથી શરૂ થાય છે.આ દિવસોમાં સૃષ્ટિનું સર્જન થતું હોવાથી વસંતને ઋતુરાજ પણ કહેવામાં આવે છે. વસંત ઋતુ એ સૃષ્ટિનુ યૌવન છે, સૃષ્ટિ શણગાર સજે છે.પ્રકૃતિમાં સૂક્ષ્મ ઊર્જા સંચાર થઈ રહ્યો હોય છે. આ દિવસે કામદેવ અને રતિનું સુગંધિત આંબાનાં મ્હોરથી પૂજન કરવાથી પ્રેમીઓને શાશ્વત પ્રેમની પ્રાપ્તિ થાય છે, એવી પણ એક ધારણા આ વસંત પંચમી સાથે સંકળાયેલી છે. આમ જુદું જુદું મહત્વ ધરાવતી વસંત પંચમી વિશે આજે આપણે ચિંતનમાં વાત કરીશું. પ્રકૃતિનું સૌથી રમણીય રૂપ જોવુ હોય તો વસંત પંચમીથી, કુદરતને ધ્યાનથી નિહાળવા નું શરૂ કરો. સોળે કળાએ ખીલી ઊઠેલી પ્રકૃતિ, સૌંદર્યની લહાણ કરતી હોય એમ સૌને આકર્ષે છે. આપણે જેમ ઉત્સવ ઊજવીએ છીએ, તેમ પ્રકૃતિ પણ પોતાનો ઉત્સવ ઊજવે છે, અને તે ઉત્સવના વધામણાં આપતો મહા સુદ પાંચમનો દિવસ એટલે વસંત પંચમી.પ્રકૃતિ કે નિસર્ગ સાથે સંકળાયેલો માણસ તેનાથી અલિપ્ત કેમ રહી શકે? તેથી માનવ સમાજ પણ વસંત પંચમીનો ઉત્સવ, ઉલ્લાસ અને ઉમંગથી ઊજવે છે. એટલે જ કદાચ આપણે ત્યાં આ ઋતુમાં લગ્ન પણ યોજવામાં આવે છે, જેથી કરીને તેઓનું મિલન આલ્હાદક બને.

વસંત એ તો સૃષ્ટિનું યૌવન છે, અને યૌવન એ જીવનની વસંત છે. વસંતમાં એટલે જ નિસર્ગનો છલકાતો વૈભવ માણવા મળે છે. વસંતની કેટકેટલી વ્યાખ્યા કરીશું,વસંત એટલે જીવન ખિલવવાનો ઉત્સવ. વસંતઋતુ એટલે તરુવરોનો શણગાર. વસંત એટલે નવપલ્લવિત થયેલું, ખીલેલું, આમ્રકુંજોની મહોરની માદક સુવાસથી મહેંકી ઊઠેલું,તેમજ ઉલ્લાસ અને પ્રસન્નતાથી છલકાતું પ્રકૃતિનું વાતાવરણ. અને તેમાંયે કોયલનું મધુર કુંજન, પણ મનને આનંદવિભોર બનાવે છે.વસંત ઋતુ એટલે બધી રીતે સમાનતા. આ દિવસો દરમિયાન કડકડાતી ઠંડી લાગતી નથી કે પરસેવો પાડનારો તાપ પણ હોતો નથી. દરેકને ગમે તેવુ ઋતુ, જીવનમાં વસંત ખીલવવે હોય તો જીવનમાં આવનારાં સુખદુ:ખ, જયપરાજય, યશઅપયશ વગેરેમાં સમાનતા રાખતા આવડવી જોઈએ. વનસ્પતિ સૃષ્ટિની જેમ માનવ જીવનમાં પણ પાનખર આવે જ છે, ત્યારે ઈશશ્રદ્ધા રાખી પોતાના પુરુષાર્થમાં મક્કમતાથી આગળ વધીશું તો પ્રભુ આપણું જીવન ખીલવશે જ, એવા આશાદીપને સતત પ્રજવલિત રાખવાનું સૂચન વસંત કરે છે. તે આપણું જીવન હરિયાળું બનાવશે જ, તેની શ્રદ્ધા રાખવાની છે.વસંત ઋતુ એક વેદકાલીન પર્વ પણ છે. આ દિવસે બ્રાહ્મણો પોતાના બાળકોનો ઉપનયન સંસ્કાર કરી ઋષિ આશ્રમમાં પ્રવેશ આપતા. સતી જ્યારે દક્ષ યજ્ઞમાં પોતાની જાતને સમાહિત કરે છે, અને શંકર ભગવાન તેના વિયોગમાં સમાધિમાં લીન થઈ જાય છે, ત્યારબાદ હિમાચલ પુત્રી તરીકે સતીનો પાર્વતી તરીકે તેનો જન્મ થાય છે, અને પાર્વતી સાથે તેના લગ્ન કરાવવા માટે શંકરની સમાધી તોડવા માટે પણ કામદેવને વસંત ઋતુનો સહારો લેવો પડે છે, અને એ ચોપાઈમા પણ વસંતનું વર્ણન કરવામાં આવે છે. આપણે બધા જ જાણીએ છીએ, કે શંકરની સમાધી તૂટતા જ તે કામદેવને ભસ્મ કરી નાખે છે, અને તેની પત્ની જ્યારે શંકર ભગવાન પાસે વિલાપ કરે છે, ત્યારે શંકર ભગવાન તેને વરદાન આપે છે, કે આજથી તારો પતિ દરેકમાં કામ બની જીવશે, એટલે આ ઋતુનો સહારો લીધો હોવાની આ સમય દરમિયાન કામનું પ્રભુત્વ વધુ જોવા મળે છે. બીજી એક પ્રણાલીકા એ છે કે સૃષ્ટિમાં જે દિવસે બ્રહ્માજીએ શબ્દ ઉર્જાનો સંચાર કર્યો હતો, અને એ કરવા માટે મા સરસ્વતીની ઉત્પત્તિ જે દિવસે થઈ હતી એ દિવસ વસંતપંચમી હતી.એટલે કે અવાજ ને સૂર લયમાં કે સ્વરમાં શબ્દ વાચા મળી હતી.આપણે અગાઉ ચિંતનમાં વાત કરી હતી કે પ્રકૃતિમાં પણ ધીમું સંગીત વહેતું હોય છે, અને તે જેને સંભળાય છે,તેને ખબર હશે કે તેને પણ પોતાની એક આગવી ભાષા પણ છે.આ દિવસે સરસ્વતી ના બાર નામનો મંત્ર જાપ કરવાથી કલાની પ્રાપ્તિ થાય છે, એવી પણ એક પ્રણાલી છે. ભારતી, સરસ્વતી, શારદા, હંસવાહિની, જગતી, વાગીશ્વરી, કુમુદી, બ્રહ્મચારિણી, બુદ્ધિદાત્રી, વરદાયિની, ચંદ્રકાંતિ ભુવનેશ્વરી. શબ્દ ઉર્જા આપણને આ દિવસે પ્રાપ્ત થઈ હોવાથી, શિક્ષણક્ષેત્રે આ દિવસે સરસ્વતી પૂજન કરવામાં આવે છે. બદલાતા સમય સાથે આપણે ટેકનોલોજીની નજીક, અને કુદરતથી દૂર થતા જઈ રહ્યા છે. તેવા સમયે કુદરતના રૂપને નિહાળીશુ તો ખ્યાલ આવશે, કે આપણે કોની અવગણના કરી રહ્યા છીએ, અને શુ ગુમાવી રહ્યા છીએ. એમાં પણ આજના વિજ્ઞાનની તરક્કીથી આપણે પ્રકૃતિને કેટલું નુકશાન પહોંચાડી રહ્યા છીએ, તેનો આપણને અંદાજ પણ નથી.આ જીવના મંતવ્ય મુજબ તો આજના દિવસે આપણે ઈશ્વર સમાન નિસર્ગ કહો કે, પ્રકૃતિ કહો, કે પછી સૃષ્ટિ કહો તેનું સંવર્ધન કરવાના પ્રયાસ કરીશું, એવો સંકલ્પ લઈને આજનો તહેવાર ઉજવવો જોઈએ, નહીં તો આવતી પેઢી માટે કદાચ વસંતનું આ સૌંદર્ય જ નહીં રહે. જે હજી આજે પ્રમાણમાં આપણે માણી શકીએ છીએ.વિચાર કરીએ તો શંકરની સમાધિ તોડાવી શકે એવી વસંતની કલ્પના પણ આલ્હાદક છે,જે તુલસીદાસ જી એ રામાયણમાં કરી છે, પણ આજે આ વસંતમાં નથી. એટલુ નુકશાન તો આપણે કરી જ ચૂક્યા છીએ,અને હવે જો આમ જ રહેશે તો ફક્ત કલ્પના માત્ર રહી જશે કે, વૃક્ષ-વનસ્પતિમાં નવું ચેતન ઊભરાય છે, ડાળી ડાળીએ નવું જીવન રેડાય છે, લીલા પર્ણો ફૂટે છે, આમ્રવૃક્ષોનો ઉત્સાહ સમાતો નથી, વૃક્ષોમાં પણ જીવ છે, વિવિધ પુષ્પોની સુગંધથી વાતાવરણ છલકાય છે, વસંતઋતુના કામણ પણ અજબ હોય છે, રૂપ, રસ, રંગ, સુગંધ, પંચમસ્વર વગેરેની વસંત પંચમીના દિવસે રંગત જામે છે, લગ્નનાં ઉત્સવ-સામૈયાનું આયોજન કરવામાં આવે છે. ઋતુરાજ વસંતનો વિજય થાય છે. ભલભલા મુનિવર્યોને કે મુનિવરોને વસંતે પીગળાવી નાંખ્યાં છે.ઈમાનદારીથી સ્વીકારવું પડે કે હકીકતમાં વર્ણન કરીએ છીએ એવો અનુભવ થતો નથી,હા પ્રમાણમાં ઋતુ પ્રભાવ જરુર બદલાય છે,તો બસ ગુગલ સર્ચ કરીને આવો નિબંધ જ આવતી પેઢી લખશે, જેણે માહિતી વર્ધક લેખ માટે ચિંતનમાં પણ એણે થોડી મદદ કરી છે

**સંજોગો ગમે તેટલા મુશ્કેલ હોય, વ્યક્તિએ ક્યારેય ધીરજ ન છોડવી જોઈએ, જો પાનખરના રૂપમાં પ્રતિકૂળતાઓ તમને ચારે બાજુથી ઘેરી લે છે**

# જીવનમાં એવું કોઈ મોટું દુ:ખ નથી કે જેમાં સુખનો પડછાયો ન દેખાય



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**ધીરજ રાખો! વમળો અને પક્ષીઓના કિલકિલાટ સાથે એક નવુંવસંત ચોક્કસપણે આવવાનું છે ધીરજપૂર્વક અને સતત પ્રયાસ કરો, જીવનના પરિણામો ચોક્કસ પણે બદલાશે આજે મહા સુદ એકમ બેસતો મહીનો મોંઘવારી ભ્રષ્ટાચાર બેરોજગારીના વાવાઝોડા વચ્ચે શ્રેષ્ઠ મંગળકારી રહે તેવી પ્રાર્થના સાથે અસ્તુ**

તમારા વિચારોની તમારા જીવન પર મોટી અસર પડે છે. તમારું વલણ તમારા જીવનના નિર્માણમાં અથવા જીવનને ખુશ કરવામાં ખૂબ જ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. તમે રસ્તામાં પડેલા પથ્થરને પણ અવરોધ માની શકો છો અને જો તમે ઈચ્છો તો તે પથ્થરને સીડી બનાવીને ઉપર ચઢી શકો છો. માત્ર એવા લોકો જ જીવનનો આનંદ માણી શકે છે જેમની વિચારવાની રીત સકારાત્મક છે. દુ:ખમાં સુખ શોધવું, નુકસાનમાં લાભ શોધવો, પ્રતિકૂળતામાં પણ તક શોધવી,આને કહેવાય હકારાત્મક અભિગમ. જીવનમાં એવું કોઈ મોટું દુ:ખ નથી કે જેમાં સુખનો પડછાયો ન દેખાય. જીવનમાં એવો કોઈ અવરોધ નથી કે જેમાંથી પ્રેરણા ન લઈ શકાય. સકારાત્મક વિચારો, સકારાત્મક જુઓ. તેનાથી તમને ગરીબીમાં પણ જીવવાનો આનંદ મળશે. જીવન એક ઉત્સવ છે,દરેક ક્ષણ ને ઉત્સવની જેમ જીવો અને સુખી અને આનંદમય જીવન માટે ઈશ્વર પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરો.સાધના મનને કાબૂમાં રાખવાની છે. જેનું મન નિયંત્રણમાં નથી તે લાચાર છે. શ્રીમદ ભગવદ ગીતામાં ભગવાન શ્રી કૃષ્ણ અર્જુનને કહે છે કે આ મન ખૂબ ચંચળ છે, સ્વાર્થી સ્વભાવ ધરાવે છે, બળવાન અને બળવાન છે. આતેથી તેને રોકવું એ હવાને રોકવા જેવું છે.મન ક્યારેય સંતુષ્ટ થતું નથી કે એક ક્ષણ પણ મૌન રહેતું નથી.તે વંચિતતા અને દુ:ખ તરફ વારંવાર ધ્યાન દોરતું રહે છે.થોડું ઓછું માન મળવાથી કોઈ પણ કારણ વગર અપમાનની લાગણી થાય છે. તે મન છે જે વ્યક્તિને માન અને અપમાનની જાણ કરે છે.

વિક્ષેપ બીજે ક્યાંયથી આવતો નથી, તે અંદરથી આવે છે, તેનો જન્મદાતા મન છે. જેણે પોતાના મનમાં નિપુણતા મેળવી છે તે ઋષિ છે.આ મનને સતત અભ્યાસ દ્વારા નિયંત્રિત કરી શકાય છે. જે અંદર શાંત છે તેને બહાર પણ સર્વત્ર શાંતિ છે. સતત અભ્યાસ દ્વારા મનને કાબૂમાં રાખવાનો પ્રયાસ કરો કારણ કે જે મન ગુમાવે છે તે બધું ગુમાવે છે. તમે જે પણ મેળવો છો તેનાથી સંતુષ્ટ રહેવું, જ્યારે તમે તે મેળવો છો, ત્યારે તે તમને આનંદથી ભરી દે છે એટલું જ નહીં અન્ય લોકોમાં તમારા માટે આદરની ભાવના પણ જન્મે છે. જીવન દરેક ક્ષણે એક નવો પડકાર રજૂ કરે છે. પણ જે આ બધી પ્રતિકૂળતાઓ કે ઉપકાર ને સમભાવથી સ્વીકારે છે તે ચોક્કસપણે મહાન કે પૂજનીય બને છે. ભગવાન ભોલેનાથના જીવનનો આ પાઠ ખૂબ જ અદભૂત છે. ક્યારેક તેને દૂધ મળ્યું ત્યારે પણ તે ખુશ થઈ ગયો અને ક્યારેક તેને માત્ર પાણી મળ્યું ત્યારે પણ તે ખુશ થઈ ગયો. ક્યારેક કોઈએ મધ અર્પણ કર્યું ત્યારે તે ખુશ થઈજાય છે અને જ્યારે કોઈ ધતુરા પણ ચઢાવે છે ત્યારે તેણે તેનો સહર્ષ સ્વીકાર કર્યો છે.માત્ર એક જ બિલ્વના પાનથી પ્રસન્ન થયેલા ભગવાન ભોલેનાથ આત્માને આ શીખવવા માંગે છે કે જરૂરી નથી કે દરેક વખતે એક તે ઈચ્છે તેટલુંતમે જે પણ મેળવો છો તેનાથી સંતુષ્ટ રહેવું, જ્યારે તમે તે મેળવો છો, ત્યારે તે તમને આનંદથી ભરી દે છે એટલું જ નહીં અન્ય લોકોમાં તમારા માટે આદરની ભાવના પણ જન્મે છે. જીવન દરેક ક્ષણે એક નવો પડકાર રજૂ કરે છે.પણ જે આ બધી પ્રતિકૂળતાઓ કે ઉપકાર ને સમભાવથી સ્વીકારે છે તે ચોક્કસપણે મહાન કે પૂજનીય બને છે.

ભગવાન ભોલેનાથના જીવનનો આ પાઠ ખૂબ જ અદભૂત છે. ક્યારેક તેને દૂધ મળ્યું ત્યારે પણ તે ખુશ થઈ ગયો અને ક્યારેક તેને માત્ર પાણી મળ્યું ત્યારે પણ તે ખુશ થઈ ગયો. ક્યારેક કોઈએ મધ અર્પણ કર્યું ત્યારે તે ખુશ થઈ જાય છે અને જ્યારે કોઈ ધતુરા પણ ચઢાવે છે ત્યારે તેણે તેનો સહર્ષ સ્વીકાર કર્યો છે.માત્ર એક જ બિલ્વના પાનથી પ્રસન્ન થયેલા ભગવાન ભોલેનાથ આત્માને આ શીખવવા માંગે છે કે જરૂરી નથી કે દરેક વખતે એક તે ઈચ્છે તેટલું મળશે. શું તમે ઈચ્છો છો.ભલે ગમે તેટલું ઓછું મળે કે ગમે તેટલું મળે તો પણ જે મળે તેનાથી સંતુષ્ટ રહેતા શીખો,તમે ચોક્કસ આશુ તોષ તરીકે પૂજશો.

શું તમે ઈચ્છો છો.ભલે ગમે તેટલું ઓછું મળે કે ગમે તેટલું મળે તો પણ જે મળે તેનાથી સંતુષ્ટ રહેતા શીખો, તમે ચોક્કસ આશુ તોષ તરીકે પૂજશો. જ્યાં પ્રેમ હોય ત્યાં ભગવાન પણ જીવના વશમાં થઈ જાય છે. પ્રેમ માં અદ્ભુત શક્તિ હોય છે. હોડી વાળાની સામે હોય,શબરીની સામે હોય,હનુમાનજીની સામે હોય, સુગ્રીવની સામે હોય કે વિભીષણ ની સામે હોય, એ પ્રભુને કેટલી વાર પ્રેમના તાલે ઝૂકતા જોયા છે. ભગવાન પ્રેમમાં નમી જાય છે.જે પ્રેમ ખુદ ઈશ્વરને ઝુકાવી શકે છે તે મનુષ્યને કેમ ન વાળી શકે? અલબત્ત તે માણસોને પણ વાળી શકે છે.પ્રેમમાં ઝૂકીને પ્રભુએ આપણને શીખવ્યું છે કે જો તમે સામેની વ્યક્તિ સાથે પ્રેમથી વર્તે તો તમે પણ તેના પર તમારું વર્ચ સ્વ સ્થાપિત કરો. જો તમારે કોઈને જીતવું હોય તો પ્રેમથી જીતો.બળના ઉપયોગથી ફક્ત થોડા જ જીતી શકાય છે, પરંતુ દરેકને પ્રેમ દ્વારા જીતી શકાય છે.પ્રેમએ મધ છે જે સંબંધોને મધુર બનાવે છે.મધુર સંબંધો કૌટુંબિક સુખને જન્મ આપે છે અને પારિવારિક સુખ એ સફળ અને સુખી જીવનનો પાયો છે.

વ્યક્તિ અનિશ્ચિતતાની સ્થિતિમાં રહીને પોતાને નુકસાન પહોંચાડે છે. યોગ્ય સમયે યોગ્ય નિર્ણય ન લઈ શકવો એ પણ વ્યક્તિની નિષ્ફળતાનું એક મોટું કારણ છે. તમારા નિર્ણયો સાચા હોવા જોઈએ પરંતુ વધુ મહત્ત્વની વાત એ છે કે તે નિર્ણય લેવાનો સમય પણ યોગ્ય હોવો જોઈએ.

લોકો તમારા વિશે શું વિચારે છે તે વધુ મહત્વનું નથી? તમે તમારા વિશે શું વિચારો છો તે મહત્વનું છે. એક ક્ષણ માટે પણ તમારા વિશે નકારાત્મક ન વિચારો અને નિરાશાને તમારા પર કબજો ન થવા દો.અનિશ્ચિતતાની સ્થિતિમાં અટવાયેલી વ્યક્તિની સ્થિતિ મધ્ય પ્રવાહમાં અટવાયેલા નાવિક જેવી થઈ જાય છે, જેનો સમય સાચો અને ખોટો રસ્તો નક્કી કરવામાં ઘણો બગાડવામાં આવે છે. જીવનમાં સફળ થવા માટે ત્રણ બાબતો ખૂબ જ જરૂરી છે. સાચા નિર્ણયો લો, હિંમતભર્યા નિર્ણયો લો અને યોગ્ય સમયે નિર્ણયો લો,અને છેલ્લે આ એક વાત સાથે વાત પૂરી કરીએ..જીવનના સૌથી મુશ્કેલ પ્રતિકૂળ સંજોગોમાં પણ વ્યક્તિએ સતત પ્રયત્નો અને ધીરજ છોડવી જોઈએ નહીં.

પ્રયત્ન - તમે બધાએ સાંભળ્યું જ હશે કે મોજાના ડરથી હોડી ઓળંગી શકતી નથી. જેઓ પ્રયત્ન કરે છે તેઓ ક્યારેય હારતા નથી. જ્યારે તમને લાગે કે આશાના બધા દરવાજા બંધ થઈ ગયા છે, ત્યારે પણ તમારા પ્રયત્નો ચાલુ રાખવા જોઈએ. જેમ ક્યારેક તાળાની છેલ્લી ચાવી પણ તાળું ખોલે છે, તેવી જ રીતે છેલ્લી ક્ષણોમાં પણ પૂરા સમર્પણ સાથે કરેલા તમારા પ્રયત્નો ટેબલને ફેરવી શકે છે.

# જૂનાગઢ જિલ્લા પંચાયત દ્વારા જિલ્લા કક્ષાની પશુપાલન શિબિર કમ પ્રદર્શન શ્રી વલ્લભ ગૌશાળા વાડલા ખાતે યોજાઈ


। (માહિતી) જૂનાગઢ ।

જૂનાગઢ જિલ્લા પંચાયત દ્વારા જિલ્લા કક્ષાની પશુપાલન શિબિર કમ પ્રદર્શન શ્રી વલ્લભ ગૌશાળા વાડલા ખાતે જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી હરેશભાઈ ઠુંમરના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી. જિલ્લા પંચાયત જૂનાગઢ પ્રમુખ શ્રી હરેશભાઈ ઠુંમરે આ તકે ખેડૂતોને આધુનિક ઢબે પશુપાલન થકી આર્થીક રીતે સમૃધ્ધ થવા, પશુપાલકોની આવક બમણી કરવા તેમજ ગૌપાલનથી ઉર્જાવાન બનવા આહવાન કરવામાં આવ્યુ હતુ. તેમજ શિબીરના સુંદર આયોજન બદલ પશુપાલન ટીમને અભિનંદન આપ્યા હતા.




જૂનાગઢ જિલ્લા વિકાસ અધિકારીશ્રી નિતીન સાંગવાન એ પશુપાલન ખાતાની યોજનાઓનો લાભ લઈ આધુનિક ઢબે પશુપાલન થકી આવક બમણી કરવા અપીલ કરી હતી. તેમજ સારી ઓલાદની વાછરડીઓ માટે સેક્સડ સીમેન ડોઝ દ્વારા પશુઓના સંવર્ધન કરવા ભાર મુકવામાં આવ્યો હતો. શિબીરમા જિલ્લામાં પ્રાકૃતિક કૃષિ અને પશુપાલન કરતા ખેડુત શ્રી અશોકભાઈ ભાલોડીયાએ પ્રાકૃતિક ખેતી અને પશુ સાર સંભાળ અને માવજત અંગે તેમના અનુભવો જણાવ્યા હતા. અને નફાકારક પશુપાલન અને પ્રાકૃતિક ખેતી કરવા જણાવેલ તેમજ તેમના દ્વારા ઉત્પાદન થતી પ્રાકૃતીક ખેત પેદાશો ખેત ઉત્પાદન બજાર સરદાર બાગ, જૂનાગઢ ખાતે વેચાંણ કરી સારો નફો મેળવી રહયા છે. એમ જણાવ્યુ હતુ. આ પ્રસંગે ઉપપ્રમુખશ્રી, જિલ્લા પંચાયત જૂનાગઢ શ્રી મુકેશભાઈ કણસાગરા, ચેરમેનશ્રી ખેતી પશુપાલન સહકાર સિંચાઈ શ્રી ઠાકરશી ભાઈ જાવિયા, શિક્ષણ સમિતી ચેરમેનશ્રી અરજણભાઈ દિવરાણીયા, સભ્યશ્રી જિલ્લા પંચાયત શ્રી કંચનબેન ડઢાણીયા, ઉપ-પ્રમુખશ્રી, તાલુકા પંચાયત વંથલી શ્રી ગોવિંદભાઈ હુંબલ, રાજકીય આગેવાનશ્રી, મનોજભાઈ ઠુમર, મનોજભાઈ જાની, ચેરમેનશ્રી માર્કેટીંગ યાર્ડ-વંથલી શ્રી ભાવેશભાઈ મેંદપરા, રમેશભાઈ ડાંગર, દિનેશભાઈ સુવાગીયા માજી. ચેરમેનશ્રી સામજીક ન્યાય સમિતી, જિલ્લા પંચાયત જુનાગઢ શ્રી કાંતીભાઈ કાબા સરપંચશ્રીઓ વગેરે મહાનુભાવો હાજર રહી પશુપાલકોને માર્ગદર્શન અને પ્રોત્સાહન પુરૂ પાડયુ હતુ. આ શિબીરમાં જિલ્લામાંથી ૩૦૦થી વધુ પશુપાલકોએ ભાગ લીધો હતો. શિબીરમાં આધુનિક ઢબે પશુપલાન કરવા સફળ પશુપાલનના ચાર મુખ્ય આધાર સ્તંભો પશુપસંદગી, પશુસંવર્ધન, પશુઆરોગ્ય અને પશુપોષણ અને પશુમાવજતની સાથે પશુપાલનને સફળ બનાવવા સરકારશ્રીની પશુપાલનની સહાયકારી યોજનાઓ વિશે નાયબ પશુપાલન નિયામકશ્રી, ડો વિરલ આહિર, મદદનીશ પશુપાલન નિયમાકશ્રી ડો.એ.પી.ગજેરા, નિવૃત મદદનીશ પશુપાલન નિયામકશ્રી ડો.કારેથા, મદદનીશ પશુપલાન નિયામકશ્રી ડો.દિલીપ પાનેરા, ડૉ. સબાપરા વેટરનરી કોલેજના સહ પ્રાધ્યાપક, આત્મા પ્રોજેકટ ડાયરેકટરશ્રી, દિપક રાઠોડ વગેરે દ્વારા ઉપસ્થિત પશુપાલકોને વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ.

આ શિબીરનું સફળ આયોજન જિલ્લા પંચાયત ના પ્રમુખશ્રી હરેશભાઈ ઠુમર,જિલ્લા વિકાસ અધિકરીશ્રી નિતીન સાંગવાન અને જિલ્લા કલેકટરશ્રી અનિલ રાણાવસીયાની સુચના તેમજ જિલ્લા પશુપાલન ખેતી સહકાર સિંચાઈ સમીતીના અધ્યક્ષા શ્રીમતી આરતીબેન હિતેશભાઈ જાવીયાના માર્ગદર્શનમાં કરવામાં આવ્યુ હતુ. શિબીરને સફળ બનાવવા પશુચિકિત્સા અધિકારીશ્રી ડો.ડી.કે.ચોચા, ડો. એમ.જી.ચોથાણી, ડો.બી.બી.રાતીયા, ડો.કે.પી. સોલંકી, ડો.એસ.બી.દુધાત્રા તેમજ જિલ્લા પશુપાલન ટીમ દ્વારા ખાસ જહેમત ઉઠાવી હતી.



# તમારી સ્કિન ઓઈલી છે તો તમે નારિયેળ તેલનો ઉપયોગ કરશો નહીં

લોકોના ચહેરા પર ખીલ થતા હોય છે. ખીલ થવા પાછળ અનેક કારણો જવાબદાર હોય છે. તો જાણી લો તમારી આ આદતો વિશે જેના કારણે તમારા ચહેરા પર ખીલ થાય છે અને ફેસ ખરાબ લાગે છે. આજકાલ બજારમાં અનેક પ્રકારની સ્કિન કેર પ્રોડક્ટ્સ મળતી હોય છે. આ પ્રોડક્ટ્સનો લોકો અનેક રીતે ઉપયોગ કરતા હોય છે. સામાન્ય રીતે સ્કિન કેર પ્રોડક્ટ્સ ત્વચા પર બ્રેકઆઉટ્સ, એક્ને અને પિંપલ્સનું કારણ બને છે. સ્કિન ટાઈપ પર તમે ધ્યાન આપતા નથી તો ખીલ થઈ જાય છે. આમ, ચહેરા પર ખીલ થવા પાછળ એક નહીં, પરંતુ અનેક કારણો જવાબદાર હોય છે. તો જાણો આ સ્કિન પ્રોડક્ટ્સ વિશે જેના કારણે ચહેરા પર ખીલ થાય છે. સ્ક્રબના ઉપયોગથી ત્વચા એક્સફોલિએટ થાય છે. તમે સાચી રીતે સ્કિન એક્સફોલિએટ કરો છો તો ચહેરા પરના ડાઘા ધબ્બા, ડેડ સ્કિન સેલ્સ અને નાની-નાની અશુદ્ધિઓ દૂર થઈ જાય છે, પરંતુ જરૂરિયાત કરતાો વધારે સ્ક્રબનો ઉપયોગ તમે કરો છો તો ખીલ થાય છે. જરૂરિયાત કરતા વધારે ઓઈલી પ્રોડક્ટ્સને કારણે પિંપલ્સ થાય છે. તમારી સ્કિન ઓઈલી છે તો તમે એ ટાઈપની પ્રોડક્ટ્સનો ઉપયોગ કરશો નહીં જે ઓઈલી હોય. ઓઈલી સ્કિન છે તો વોટર બેસ્ડ પ્રોડક્ટ્સનો ઉપયોગ કરવાની સલાહ આપવામાં આવે છે. અનેક પ્રકારના સ્કિન હેક્સ એવા હોય છે જેમાં બેકિંગ સોડાને ચહેરા પર લગાવવા માટેની સલાહ આપવામાં આવે છે, પરંતુ બેકિંગ સોડા ચહેરા પર લગાવવાથી બ્રેકાઉટ્સ થઈ શકે છે. આનાથી સ્કિન ફાટી જાય છે અને ખીલનું કારણ બની શકે છે. આમ તમને ખીલ થાય છે અને તમે બેકિંગ સોડા લગાવી રહ્યા છો તો આ તમારી સૌથી મોટી ભૂલ છે. આમ, ચહેરા પર તમે બેકિંગ સોડા લગાવો છો તો એક્સપર્ટની સલાહ લેવી ખાસ જરૂરી છે. તમારી સ્કિન ઓઈલી છે તો તમે નારિયેળ તેલનો ઉપયોગ કરશો નહીં. નારિયેળ તેલ રોમ છિદ્ર બંધ કરી શકે છે જેના કારણે ખીલ થાય છે.

# ખાંસીથી પરેશાન થઈ ગયાં હોય તો મધથી ઘરે બનાવો દેશી કફ સિરપ

શિયાળાની સીઝન ચાલી રહી છે અને આ વચ્ચે માવઠુ તો ક્યારેક ગરમીનો અહેસાસ થઈ રહ્યો છે. આ બેવડી ઋતુની સૌથી વધારે અસર ઈમ્યુન સિસ્ટમ પર પડે છે અને આ જ કારણ છે કે તેના કારણે શરદી, ઉધરસ, ગળામાં ખરાશ અને ફ્લૂના લક્ષણોનું જોખમ વધી જાય છે. શિયાળામાં સૌથી વધારે સમસ્યા ખાંસીની રહે છે. આમ તો ખાંસી સામાન્ય સમસ્યા છે પરંતુ તેના કારણે આપણા રોજિંદા કામકાજ ખૂબ જ પ્રભાવિત થાય છે.

ખાસ કરીને અસ્થમા કે શ્વાસના અન્ય વિકારોથી પિડીત દર્દીઓને ખાંસી વધારે તકલીફ આપે છે. ખાંસી માટે દર વખતે બહારથી દવા લેવી યોગ્ય નથી. ખાંસીથી રાહત મેળવવા માટે તમે કેટલાંક ઘરેલુ નુસખા પણ અજમાવી શકો છો. અમે તમને ઘરે કફ સિરપ બનાવવાની રીત જણાવી રહ્યાં છીએ, જેનાથી તમને ચોક્કસપણે ખાંસીની સમસ્યામાં રાહત મળી શકે છે. ખાંસીથી છૂટકારો મેળવવા માટે તમે કાચા મધનો ઉપયોગ કરી શકો છો. ઘણી હેલ્થ એજન્સી મધને ખાંસીના ઈલાજનો સૌથી સારો ઓપ્શન માને છે અને તેને ઉપયોગ કરવાની સલાહ આપે છે. મધમાં એન્ટીબાયોટિક ગુણ હોય છે જેના કારણે તે ખાંસીના ઈલાજમાં



મદદરૂપ છે.મધમાં એન્ટીમાઅક્રોબિયલ અને એન્ટી ઈન્ફ્લેમેટરી ગુણ હોય છે અને આ જ કારણ છે કે મધ ખાંસી માટે આપવામાં આવતી દવાઓની સરખામણીમાં સુરક્ષિત અને અસરકારક છે. એક તપેલીમાં લીંબુની છાલ, આદુના ટુકડા અને એક કપ પાણી નાંખો અને મિશ્રણને ૫ મિનિટ સુધી ગરમ કરો. ગરમ કર્યા પછી, તેને એક કપ માં ભરો અને હવે સોસપેનમાં એક કપ મધ ઉમેરો.મધને ધીમી આંચ પર ગરમ કરો અને તેમાં લીંબુ અને આદુનું મિશ્રણ નાખીને ઘટ્ટ સિરપ બનાવો. વાતાવરણ ઠંડક અને ગરમી એમ ડબલ સીઝનને કારણે ઘણાં લોકોને શરદી, ખાંસી અને કફની સમસ્યા વધી જાય છે. જે લોકોની કફ પ્રકૃતિ હોય તેમણે આ સીઝનમાં વધુ તકલીફ થાય છે. છાતી અને ગળામાં કફ જમા થઈ જવાની સમસ્યામાં દવાઓ કરતાં ઘરના નુસખાઓ અપનાવવા જોઈએ. હની કફ દૂર કરવા માટે બેસ્ટ ઉપાય છે. તેના માટે હર્બલ ટીમાં અથવા ૧ કપ નવશેકા પાણીમાં ૧ ચમચી શુદ્ધ મધ મિક્સ કરીને દિવસમાં ૨વાર પીવો. આનાથી કફ છૂટો પડશે અને દૂર થવા લાગશે. આયુર્વેદમાં મધને સ્વાસ્થ્યનો ખજાનો માનવામાં આવે છે. ઔષધીય ગુણોથી ભરપૂર મધ તમને ઘણી ગંભીર સમસ્યાઓથી બચાવી શકે છે. આ સ્વાદિષ્ટ હોવાની સાથે સાથે તે સ્વાસ્થ્ય માટે ખૂબ જ ગુણકારી પણ છે. શિયાળામાં લોકો ઘણા પ્રકારની સ્વાસ્થ્ય સંબંધી સમસ્યાઓને ઓછી કરવા માટે મધનો ઉપયોગ ઘરગથ્થુ ઉપાય માટે કરે છે. તેમાં કેલ્શિયમ, કોપર, પોટેશિયમ, મેંગનીઝ, ઝિંક જેવા તમામ પોષક તત્વ હોય છે. આ વજન ઓછુ કરવાની સાથે ઘણી બીમારીઓને કંટ્રોલ કરવામાં તમારી મદદ કરે છે.મધમાં એન્ટી ઈન્ફ્લેમેટરી ગુણ હોય છે જે ખાંસીને શાંત કરવામાં મદદ કરે છે. જો તમે સતત ખાંસીથી પરેશાન છો તો એવામાં મધ તમારી મદદ કરી શકે છે. એક ચમચી મધમાં હળદર અને થોડો આદુનો રસ મિક્સ કરીને ત્રણ વખત પીવો. તેનાથી ખાંસીની સમસ્યા દૂર થઈ જશે.

## રોજ યોગા કરવાથી તણાવ મુક્તિ સાથે ઘણા ફાયદા

યોગ મન અને શરીરને સંતુષ્ટ રાખવામાં મદદ કરે છે. એક યોગ વ્યક્તિ યોગા કરનારો વ્યક્તિ યોગા ન કરનારા વ્યક્તિ કરતા વધુ સ્વસ્થ અને ખુશ હોય છે. યોગ દ્વારા આંતરિક સુખ મળે છે, આનંદની અનુભૂતિ થાય છે અને મન પ્રસન્ન રહે છે. યોગ દરમિયાન ધ્યાનનો અભ્યાસ કરવામાં આવે છે, જે શરીર અને મનને એક કરવામાં મદદ કરે છે. મન અને મગજ શાંત રહે યોગ કે યોગ આસનો કરીને તમે તમારા મન અને મનને શાંત રાખી શકો છો. આ દ્વારા તમે માનસિક રીતે સ્વસ્થ રહી શકશો. હકીકતમાં, યોગ કરી રહ્યા છીએ સારી ઊંઘ આવે છે જેના કારણે મન શાંત રહે છે. જિમ અથવા કસરતમાંથી તમે શારીરિક રીતે ફિટ રહી શકો છો, પરંતુ યોગ એટલે કે ધ્યાન તમને માનસિક રીતે ફિટ રાખશે. રાહત પણ આપે છે. સ્વસ્થ મન અને શરીર માટે દરરોજ યોગનો અભ્યાસ કરો. બીમારીઓથી કરો બચાવ યોગ શરીર માટે ખૂબ લાભકારી હોય છે. નિયમિત રૂપથી યોગ કરવાથી બીમારીઓ આસપાસ ભટકતી નથી. યોગ કરનારા વ્યક્તિ હંમેશા સ્વસ્થ રહે છે. યોગાભ્યાસ રોગોથી મુક્તિ અપ ાવવામાં મદદ કરે છે. યોગ ગંભીરથી ગંભીર બીમારીઓથી અમારો બચાવ કરવામાં મદદરૂપ છે. એટલુ જ નહી જો કોઈ વ્યક્તિ ગંભીર બીમારીથી પીડિત છે તો યોગ તેની સામે લડવાની પણ શક્તિ આપે છે. રોજ સવાર સવારે યોગ કરવો ખૂબ ફાયદાકારક હોય છે. સવારે યોગ કરવાથી તમે આખો દિવસ ઉર્જાવાન રહી શકો છો. યોગ શરીરમાંથી આળસ દૂર કરીને તમને તાજગી આપે છે. રાખવામાં પણ મદદ કરે છે યોગ કરનાર વ્યક્તિ શારીરિક રીતે સક્રિય રહે છે યોગ કરવાથી વ્યક્તિ તનાવ મુક્ત રહે છે અને હંમેશા ખુશ દેખાય છે. યોગ વ્યક્તિને પ્રકૃતિના નિકટ લઈ જાય છે. જો તમે દરરોજ યોગ, પ્રાણાયામ કે કસરત કરશો તો તેનાથી તમારું શરીર લચીલું બનશે. બનાવી શકાય છે. યોગ આખા શરીરમાં રક્ત પરિભ્રમણને સુધારે છે.

**લસણ ખોરાકને ખૂબ જ આકર્ષક અને ખૂબ જ પ્રિય બનાવે છે, આયુર્વેદમાં તેને દવાઓનો રાજા**




# લસણની અપાર લોકપ્રિયતા અને તેના ઔષધીય ગુણો

લસણનો મહિમા બધે જ દેખાય છે. લસણ જેટલી માંગ વિશ્વમાં ભાગ્યે જ કોઈ અન્ય મસાલા અથવા વનસ્પતિની છે. હકીકતમાં, લસણને પ્રકૃતિમાં જોવા મળતા સૌથી મૂલ્યવાન ખોરાકમાંનું એક માનવામાં આવે છે. વિશ્વની દરેક સભ્યતા અને સંસ્કૃતિમાં લસણના વખાણ પોતપોતાની રીતે કરવામાં આવ્યા છે અને આ બધા વખાણ તેના ફાયદા તપાસ્યા પછી જ કરવામાં આવ્યા છે. એક તરફ, લસણ હજારો વાનગીઓમાં ઉપયોગમાં લેવાતી સૌથી મહત્ત્વપૂર્ણ અને સુગંધિત વનસ્પતિ છે, તો બીજી તરફ તે હજારો રોગોની દવા તરીકે પણ કામ કરે છે. આ જ કારણ છે કે એવો કોઈ દેશ નથી કે એવી કોઈ સંસ્કૃતિ નથી, જ્યાં લસણ ખાવાની સેંકડો પરંપરાઓ નથી અને તે બધામાં લસણના ફાયદાનો ઉલ્લેખ ન થયો હોય. શા માટે તે ખૂબ મહત્ત્વનું છે? લસણ એટલું મહત્ત્વનું છે કારણ કે તેમાં એલિસિન નામનું તત્ત્વ હોય છે, જે તેને તીવ્ર ગંધ અને તીખો સ્વાદ આપે છે. લસણમાં અનેક પોષક તત્ત્વો એકસાથે મળી આવે છે. ઉદાહરણ તરીકે, મેંગેનીઝ, સેલેનિયમ, વિટામિન સી, વિટામિન બી, એન્ટીઑક્સિડન્ટો, ખનિજો અને સલ્ફર સંયોજનો ઉપરાંત, એન્ઝોઈન અને એલીન સંયોજનો પણ લસણમાં જોવા મળે છે, જે તેને અસરકારક દવામાં ફેરવે છે. લસણમાં ચેપ દૂર કરવાની અદભુત ક્ષમતા હોય છે. આ ઉપરાંત, તેનો તીખો અને કડવો સ્વાદ મનુષ્યની સ્વાદ ગ્રંથિને ખૂબ જ પસંદ છે. લસણ એ ભારત અને ચીન જેવા પરંપરાગત દેશોમાં સૌથી પ્રાચીન વાનગીઓના સ્વાદનું રહસ્ય છે, તો બીજી તરફ આધુનિક યુરોપિયન ભોજન પણ તેના વિના અધૂં છે. માખણમાં લસણ ઉમેરીને યુરોપમાં સેંકડો અદ્ભુત સ્વાદ વિકસાવવામાં આવ્યા છે. ગાર્લિક બ્રેડ પણ ઓછામાં ઓછી સો અલગ અલગ રીતે બનતા હશે અને દરેકનો સ્વાદ અન્ય કરતાં વધુ સ્વાદિષ્ટ અને આત્માને તૃપ્ત કરનારો હોય છે. યુરોપમાં લસણની મદદથી સેંકડો પ્રકારના સોસેજ વિકસાવવામાં આવ્યા છે, જે વિવિધ માંસની વાનગીઓને અવિસ્મરણીય સ્વાદથી ભરે છે. બીજી તરફ, જાપાન અને ભારત જેવા દેશોમાં જ્યાં મોટી સંખ્યામાં લોકો શાકાહાર પસંદ કરે છે, ત્યાં લસણની મદદથી અવિસ્મરણીય સ્વાદથી ભરપૂર હજારો વાનગીઓ વિકસાવવામાં આવી છે. આ ફ્યુઝન પરંપરા રાંધણકળામાં વિકસી છે.

**BOLLYWOOD NEWS FLASH**

# રેની સેન પર આવ્યું મુનવ્વર ફારૂકીનું દિલ?

થોડા સમય પહેલાં જ 'બિગ બોસ ૧૭'ના વિજેતાની જાહેરાત કરવામાં આવી છે. મુનવ્વર ફારુકીએ આ સિઝનની ટ્રોફી જીતી છે. મુનવ્વર બિગ બોસ ૧૭ સીઝનથી સતત ચર્ચામાં છે. સ્ટેન્ડઅપ કોમેડિયનની પર્સનલ લાઈફની પણ શો દરમિયાન ખૂબ ચર્ચા થઈ હતી. હવે બુધવારે રાત્રે મુનવ્વર સ્ટાઈલમાં પાર્ટીમાં પહોંચતો જોવા મળ્યો હતો. તે ઓફ-વ્હાઈટ કો-ઓર્ડ સેટમાં હંમેશાની જેમ હેન્ડસમ દેખાતો હતો, જે તેણે સાથે મેચિંગ સ્નીકર્સ પેર કર્યા હતાં. જો કે, પાર્ટી નાઈટ માટે મુનવ્વરની કંપનીએ સૌનું ધ્યાન ખેંચ્યું હતું. પાર્ટીમાં મુનવ્વર બોલિવૂડ એક્ટ્રેસ સુષ્મિતા સેનની દીકરી રેને સેન સાથે પહોંચ્યો



હતો. ઈન્સ્ટન્ટ બોલિવૂડના ઓફિશિયલ ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પરથી મુનવ્વર અને રેને એક જ કારમાં પાર્ટીમાં પહોંચ્યા અને થોડી જ વારમાં આ વીડિયો સોશિયલ મીડિયા પર ટ્રેન્ડ થવા લાગ્યો. સુષ્મિતા સેનની મોટી દીકરી મુનવ્વર સાથે જોઈને યુઝર્સ ચોંકી ઉઠ્યા છે. જોકે, બિગ બોસ વિનર અને રેને સાથે ઓરી પણ હાજર હતો.

# એક કો-સ્ટારે સલમાનની સાથે એક ફિલ્મ કરવાથી ઇનકાર કરી દીધો હતો

વર્ષ ૧૯૯૦ના દશકની ઓલટાઈમ બ્લોકબસ્ટર ફિલ્મોમાંથી એક આપ્યા પછી સલમાનની એક હિરોઈને તેની સાથે કામ કરવાનો ઈનકાર કરી દીધો હતો. સલમાનની એક કો-સ્ટારે સલમાનની સાથે એક ફિલ્મ કરવાથી ઈનકાર કરી દીધો હતો, કારણ કે તે તેની ભાભીનો રોલ કરવા તૈયાર ન હતી. તે કોઈ બીજુ નહીં પરંતુ માધુરી દીક્ષિત છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, માધુરીને હમ સાથ સાથ હૈ (૧૯૯૯)માં એક રોલ ઓફર કરવામાં આવ્યો હતો, પરંતુ તેણે ફિલ્મ ઠુકરાવી દીધી. આ આશ્ચર્યની વાત હોઈ શકે છે કે માધુરીએ તે ડાયરેક્ટરની ફિલ્મને નકારી કાઢી જેણે તેને તેના કરિયરની સૌથી મોટી હિટ ફિલ્મોમાંથી એક 'હમ આપ કે હૈ કૌન' (૧૯૯૪) આપી હતી. જ્યારે હમ સાથ સાથ હૈ પ્રી-પ્રોડક્શન ફેઝમાં હતી, જ્યારે માધુરીને સાધનાની ભૂમિકા ઓફર કરવામાં આવી હતી, પરંતુ એક્ટ્રેસે પ્રેમ એટલે કે સલમાનની ભાભીનો રોલ કરવાથી ઈનકાર કરી દીધો. માધુરીને લાગ્યુ કે હમ આપકે હૈ કોનમાં લવર બન્યા બાદ પબ્લિક તેને અને સલમાનને ઓન-સ્કીન દિયર-ભાભી તરીકે સ્વીકાર નહીં કરે. આખરે તબ્બૂએ માધુરીની જગ્યા લીધી અને તેણે તેની ઓન-સ્કીન ભાભીનો રોલ કર્યો.



## અમુત સીન કરવા તૈયાર ન હતી માધુરી

રેડિફ સાથેના એક ઈન્ટરવ્યુમાં, માધુરીએ જણાવ્યું કે શા માટે તેને સ્ક્રિપ્ટ પસંદ હોવા છતાં તેણે ફિલ્મમાંથી પીછેહઠ કરી. તેણે કહ્યું, 'જો તમે મને તબ્બુની જગ્યાએ રાખો અને સલમાન મારા પગને સ્પર્શે તેવી કલ્પના કરો, તો મને લાગે છે કે લોકો થિયેટરોમાં બૂમાબૂમ કરશે. અને મને લાગે છે કે તે સાચું છે, કારણ કે 'HAHK' સલમાન અને મારી વચ્ચેની લવ સ્ટોરી હતી. માધુરી દીક્ષિતે વધુમાં જણાવ્યું કે તેને હમ સાથ સાથ હૈમાં કરિશ્મા અને નીલમના રોલ ભજવવામાં રસ હતો, પરંતુ સૂરજને તે આ ભૂમિકાઓ માટે યોગ્ય ન લાગી. હમ સાથ સાથ હૈ ૫ નવેમ્બર ૧૯૯૯ના રોજ રિલીઝ થઈ હતી અને તે બ્લોકબસ્ટર સાબિત થઈ હતી.

# શાહરૂખ ખાનના ઘરની અંદરનો વીડિયો વાયરલ

શાહરૂખ ખાન હંમેશા તેની ફિલ્મો તેમજ તેના અંગત જીવન અને તેના આલીશાન ઘર મન્નતને લઈને ચર્ચાનો ભાગ બને છે. શાહરૂખ ખાને બેક ટુ બેક ત્રણ હિટ ફિલ્મો આપીને તેના ચાહકોને ખુશ કર્યા છે. ૪ વર્ષ બાદ કિંગ ખાને ધમાકેદાર વાપસી કરી છે. આ દરમિયાન શાહરૂખના ઘરનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. વાસ્તવમાં, શાહરૂખ ખાનના ઘર મન્નતની અંદરનો એક વીડિયો સર્વત્ર છે. સુપરસ્ટારનો આ વીડિયો તેના પાડોશીએ લીક કર્યો છે. વાયરલ થઈ રહેલા વીડિયોમાં જોઈ શકાય છે કે શાહરૂખ ખાન તેના નાના પુત્ર અબરામ ખાન સાથે ફૂટબોલ રમતા જોવા મળી રહ્યો છે. તે જ સમયે, કિંગ ખાસ સાથે, અન્ય ઘણા લોકો પણ તેની સાથે રમતા જોવા મળે છે. આ વીડિયો સામે આવ્યા બાદ ઘણા ચાહકો ખુશ છે. તો કેટલાક યુઝર્સ માને છે કે આ કોઈપણની ગોપનીયતા સાથે ન કરવું જોઈએ.



# 'થલાઈવા'માં ૪૦ મિનિટના રોલ માટે રજનીકાંતે લીધા હતા કરોડો

કોલીવૂડ સુપરસ્ટાર રજનીકાંતની તાજેતરની રીલિઝ થયેલી 'લાલ સલામ' રિલીઝ થતાની સાથે જ સિનેમાઘરોમાં હાહાકાર મચાવી રહી છે. આ ફિલ્મમાં સુપરસ્ટાર માત્ર ૪૦ મિનિટ માટે જોવા મળે છે. પરંતુ તેમની ફી જાણીને તમે ચોંકી જશો. 'જેલર'ની બમ્પર સફળતા બાદ કોલીવુડ સુપરસ્ટાર રજનીકાંત ફરી એકવાર પોતાના ફેન્સનું મનોરંજન કરવા થિયેટરોમાં પહોંચ્યા છે. ૭૩ વર્ષની ઉંમરે પણ 'થલાઈવા'નો જાદુ સિનેમાના દર્શકોને મંત્રમુગ્ધ કરી રહ્યો છે. 'જેલર'ની સફળતા બાદ સુપરસ્ટાર રજનીકાંત પોતાની આગામી ફિલ્મ 'લાલ સલામ' સાથે થિયેટરોમાં પહોંચી ગયા છે. આ ફિલ્મ આજે જ રીલિઝ થઈ ગઈ છે. જેને દર્શકોનો સારો પ્રતિસાદ મળ્યો છે. સુપરસ્ટાર રજનીકાંતની આ ફિલ્મ માટે સવારથી જ સિનેમાઘરોમાં દર્શકોની ભારે ભીડ જોવા મળી હતી. જે બાદ દર્શકોએ ફિલ્મને ફુલ માર્ક્સ આપ્યા છે અને સોશિયલ મીડિયા પર ફિલ્મના વખાણ કર્યા છે. ત્યારથી આ ફિલ્મની સફળતાની ખાતરી માનવામાં આવી રહી છે. કોલીવુડ સુપરસ્ટાર રજનીકાંત ઈન્ડસ્ટ્રીના ટોપ પેઈડ એક્ટર છે. ૭૩ વર્ષની ઉંમરે પણ તેમનો ચાર્મ સ્પષ્ટપણે જોવા મળે છે. સામાન્ય રીતે સુપરસ્ટાર રજનીકાંત એક ફિલ્મ માટે ૧૦૦-૧૫૦ કરોડ રૂપિયા લે છે.આટલું જ નહીં, એવા અહેવાલો પણ છે કે રજનીકાંત નિર્દેશક લોકેશ કનાગરાજની આગામી ફિલ્મ માટે પૂરા ૨૫૦ કરોડ રૂપિયા લેવાના છે.

# ટીવી-શો તારક મહેતાના ૪૦૦૦ એપિસોડ પૂરા




ટીવી શો તારક મહેતા કા ઉલ્ટા ચશ્માએ ૪૦૦૦ એપિસોડ પૂરા કરી લીધા છે. આ ખાસ અવસર પર બબીતાજીએ એક વિડીયો શેર કર્યો છે જેમાં ફૂલ ટીમ મસ્તી કરતી જોવા મળી રહી છે. આ વિડીયો લોકોને ખૂબ પસંદ પડી રહ્યો છે. એક્ટ્રેસ મુનમુન દત્તા લોકપ્રિય શો તારક મહેતા કા ઉલ્ટા ચશ્મામાં બબીતા અય્યરના નામથી જાણીતી છે. એક્ટ્રેસે તારક મહેતા શોના ૪૦૦૦ એપિસોડ પૂરા થવા પર લોકોનો આભાર વ્યક્ત કર્યો છે. આ શો પહેલી વાર જુલાઈ ૨૦૦૮માં પ્રસારિત થયો, જ્યારે હાલમાં ૧૬માં વર્ષમાં છે. આ ચિત્રલેખા મેગેઝિનમાં તારક મહેતાના વીકલી કોલમ દુનિયાના ઉંધા ચશ્મા પર આધારિત છે.

# બબીતાજીએ તારક મહેતાની ટીમ સાથે ખૂબ મસ્તી કરી

પ્રશ્ચિમ બંગાળમાં રહેતી ૩૬ વર્ષીય એક્ટ્રેસ જે બબીતાની ભૂમિકા નિભાવે છે એ અય્યરની પત્ની છે. જ્યારે જેઠાલાલની સિક્રેટ ક્રશ છે. શોના નિર્માતાઓ દ્વારા હાંસિલ કરેલી આ ઉપલબ્ધિમાં મુનમુને ઈન્સ્ટાગ્રામ પર ૪૦૦૦ એપિસોડનો જશ્ન મનાવતા અન્ય કલાકારોની સાથે અનેક તસવીરો અને બિહેન્ડ ધ સીનના વિડીયો શેર કર્યા છે. તસવીરોમાં મુનમુન ગોકુલધામ હાઉસિંગ સોસાયટીની બહાર પોઝ આપતી જોઈ શકાય છે. બબીતાજીએ બ્લુ કલરનું ફ્લોરલ પેન્ટ શૂટ પહેર્યુ છે અને ૪૦૦૦ એપિસોડ બતાવનાર માર્કી લાઈટ્સની સામે પોઝ આપીને સ્માઈલ આપી રહી છે. તસવીરોની સીરિઝને શેર કરતા કેપ્શનમાં લખ્યુ છે કે ૪૦૦૦ એપિસોડ..આજે દરેક વસ્તુ માટે આભારી છું, મોટા સપના વાળી અને નાના શહેરની છોકરી, ૧૬ વર્ષ




પછી, સખત મહેનત અને દ્રઢતા પછી,,હું આજે અહીંયા છું. આ સાથે પોસ્ટમાં લખ્યુ છે કે ડિગ્નિટની સાથે ઉભા રહો. આજે મેં જે કંઈ હાંસિલ કર્યુ છે એ મારું પોતાનું છે જેનાથી મને કોઈ છીનવી શકતુ નથી. આ બ્રહ્માંડમાં દરેક લોકોની આભારી છું. વિડીયોમાં મુનમુનને અન્ય સ્ટાર કાસ્ટની સાથે મજેદાર વાતચીત કરતી જોવા મળી રહી છે.

### વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન એવમ વિશ્વ હિન્દુ પરિષદ અને અખિલ ભારતીય સંત સમિતિ દ્વારા કાર્યક્રમનું આયોજન

# શ્રીરામ જન્મભૂમિ મુક્તિ આંદોલનના ૧૫૦૦થી વધુ કારસેવકોનું વિશ્વ ઉમિયાધામ ખાતે આજે અભિવાદન કરાશે



। (માહિતી) અમદાવાદ, તા.૯ ।

સદીઓની કષ્ટદાયક પ્રતિક્ષાનો અંત આવ્યો. પ્રભુ શ્રી રામલલ્લા પોતાના જન્મસ્થાન પર પુનઃ પ્રતિષ્ઠિત થયા. આ અવસર છે અનેરા આનંદનો, ગૌરવાન્વિત થવાનો. ભારતીય અસ્મિતાના પુનઃ જાગરણનો. શ્રીરામ જન્મભૂમિ મુક્તિ આંદોલનના હુતાત્મા સંતો, ભક્તો,કારસેવકોના સાદર ઋણ સ્વીકારનો પણ છે. આ અંતર્ગત વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન એવમ અખિલ ભારતીય સંત સમિતિ અને વિશ્વ હિન્દુ પરિષદના સંયુક્ત ઉપક્રમે 'કારસેવકોના અભિવાદન સમારોહ'નું આયોજન સંતો-મહંતો તેમજ સામાજીક અને રાજકીય મહેમાનોની ઉપસ્થિતિમાં કરવામાં આવેલ છે, જેમાં ૩૦ ઓક્ટોબર ૧૯૯૦ તથા ૬ ડિસેમ્બર ૧૯૯૨ માં અયોધ્યા રામ જન્મભૂમિ મુક્તિ અભિયાનમાં જોડાયેલા ૧૫૦૦થી વધુ કારસેવકોનું તા. ૧૦-૨-૨૦૨૪, શનિવારના રોજ સાંજે ૪-૦૦ કલાકે આસ્થા, એકતા અને ઊર્જાનું ધામ સમા વિશ્વ ઉમિયાધામ, જાસપુર, અમદાવાદ ખાતે કાર સેવક અભિવાદન સમારોહનું આયોજન કરાશે. આ સમારોહ અંગે વાત કરતા વિશ્વ ઉમિયાધામના પ્રમુખશ્રી આર.પી. પટેલ જણાવે છે કે સન ૧૯૮૪ માં શ્રી રામ જન્મભૂમિ મુક્તિ આંદોલન સમિતિની રચના થઈ. અને ૧૯૮૫ રામજાનકી રથયાત્રાનું (જનજાગરણ) આયોજન અને ત્યારબાદ તા. ૦૯-૧૧-૧૯૮૯ માં સતત ૪૦ દિવસ સુધી કારસેવકોની સતત મહેનતથી રામશીલાનું – ગામે ગામ અભિયાન ચલાવવામાં આવેલ. ૫૦૦ વર્ષની સંઘર્ષ બાદ પ્રભુશ્રી રામ લલ્લા નિજ મંદિરમાં બિરાજમાન થયા છે. આ પ્રભુશ્રી રામ લલ્લાને બિરાજમાન કરવાની ક્ષણના આપ ણે સાક્ષી બન્યા છીએ એ આપણું સૌભાગ્ય છે. સનાતન ધર્મની મહતાને વૈશ્વિક કક્ષાએ ઉજાગર કરવા કારસેવકોની મહેનત સાથે સમગ્ર હિન્દુ સમાજની લાગણી જોડાયેલ છે.રામ જન્મભૂમિ આંદોલનમાં જે તે સમયે ભાગ લેનાર કાર સેવકોના બલિદાન એવમ તેમની લડતના કારણે આપણે પ્રભુ શ્રી રામ લલ્લાની પ્રતિષ્ઠાને પુનઃસ્થાપિત કરી શક્યા છીએ.

# ઝાલોદ પોલીસને જોઇ દારુ લઈને આવતા બે ઇસમો ફરાર : બાઇક અને દારુ પોલિસ દ્વારા જપ્ત કરાયું

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૯ ।

ઝાલોદ પોલીસને ગેરકાયદેસર રીતે દારૂ લાવનાર વ્યક્તિની બાતમી મળેલ હતી તેના આધારે પોલિસ દ્વારા રાજસ્થાન બાજુ થી ધાવડીયાના ભૂરીઘાટી તરફ આવતા રસ્તા પર ચેકીંગમાં ઉભા હતા તે દરમ્યાન પોલીસને બાતમી વાળી અપાચી બાઈક જેનો નંબર GJ-06-EC-7867 જેને લઈ બે ઈસમો આવી રહેલ હતા રાત્રીનો સમય હોવાથી પોલિસ દ્વારા બાઈકને બેટરી મારી રોકવા ઈસારો કરેલ હતો. બાઈક પર સવાર બંને ઈસમો પોલીસને જોતા દૂરથી જ બાઈક લઈ ભાગી જવાનો પ્રયાસ કર્યો હતો. પોલિસ દ્વારા બાઈકનો પીછો કરાતા બંને ઈસમો દ્વારા બાઈક અને ઈંગ્લીશ દારૂ ભરેલ બેગ રોડની સાઈડમાં મૂકી અંધારાનો લાભ લઈ નાસી ગયેલ હતા. પોલિસ દ્વારા બેગની તલાસી લેતા તે બેગ માંથી અલગ અલગ બ્રાંડની વિદેશી દારૂની બોટલો મળી આવેલ હતી જેની કિંમત અંદાજીત ૪૮૩૦ અને અપાચી બાઈકની કીમત ૪૫૦૦૦ થઈ કુલ ૪૯૮૩૦ નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવેલ હતો અને નાસી ગયેલ બંને અજાણ્યા ઈસમો વિરુદ્ધ પોલિસ દ્વારા ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરેલ છે.

# ખેડા જીલ્લામાં આરોગ્ય શાખા દ્વારા ૬૦ મેડીકલ ઓફિસરો માટે સર્પદંશની સારવાર અંગે સેમીનાર યોજાયો



। (જિલ્લા માહિતી કચેરી) નડિયાદ, તા.૯ ।

સમગ્ર પ્રાણી જગતમાં સૌથી વધારે કુતુહલ 'સાપ' જગાડે છે. સર્પદંશ એક બહુ મોટી જાહેર આરોગ્યની સમસ્યા છે. સામાન્ય રીતે વાડી-ખેતર અને ગ્રામ્ય વિસ્તારોમાં સાપ નીકળતા હોય છે. આ ઉપરાંત ભેજવાળા વિસ્તારમાં સાપ જોવા મળતા હોય છે ત્યારે સર્પદંશનો ભોગ પણ આ વિસ્તારમાં રહેતા લોકો વધારે બનતા હોય છે. ગુજરાત સહીત ભારતમાં સર્પદંશથી થતા સૌથી વધુ મૃત્યુ પાછળ મુખ્યત્વે ૪ ઝેરી સાપ કારણભુત હોય છે. જેમાં નાગ(ઈન્ડિયન કોબ્રા), કાળોતરો(ઈન્ડિયન ક્રેટ), ખડચિતળો(રસેલ્સ વાઈપર) અને ફુરસો(સો સ્કેલ્ડ વાઈપર)નો સમાવેશ થાય છે. સર્પદંશથી થતા મૃત્યુ અટકાવવા અને સમયસર ઝડપી નિવારણ માટે ખેડા જીલ્લા આરોગ્ય વિભાગ દ્વારા સર્પદંશ વિશેની તાલીમનું જિલ્લા પંચાયત નડિયાદ ખાતે આયોજન કરવામાં આવ્યું હતું, જેના ભાગરૂપે જીલ્લાના આરોગ્ય કેન્દ્રો ખાતે ફરજ બજાવતા તબીબી અધિકારીઓને 'સર્પદંશ'ની સમયસર સારવાર અને તેના યોગ્ય નિવારણ વિશેની તાલીમ આપવામાં આવી હતી.આ તાલીમમાં સર્પદંશથી ૨૦ હજારથી વધુ લોકોનો જીવ બચાવનાર ડો. ડી.સી. પટેલે સર્પદંશની જાગૃતિ અને સારવાર ઉપર પોતાની આગવી શૈલીમાં માહિતી આપી હતી. આ ઉપરાંત સર્પદંશ અંગે લોકોને માહિતગાર કરવા અને જાગૃતિ લાવવા પણ અનુરોધ કર્યો હતો. આ વર્કશોપમાં સર્પદંશ વિશેની ટુંકી ફિલ્મ તથા સાપના પ્રકારો વિશે પ્રેઝન્ટેશન દ્વારા રજુ કરવામાં આવ્યું હતું. તેમજ સર્પદંશની સારવાર કેવી રીતે કરવી અને સાપની ઓળખ કેવી રીતે કરવી તે અંગેની વિસ્તૃત જાણકારી આપવામાં આવી. આ અંગે જીલ્લા રોગચાળા તબીબી અધિકારી ડો. અલ્પેશ મકવાણાએ કહ્યું કે ખેડા જીલ્લામાં સર્પદંશથી થતા મૃત્યુ અટકાવવા અને સમયસર સારવાર મળી રહે તે હેતુથી આ તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. ખેડા જીલ્લાના તમામ આરોગ્ય કેન્દ્રોના ૬૦ જેટલા મેડીકલ ઓફિસર શ્રીઓને આ તાલીમ આપવામાં આવી હતી.


# વિકસિત ભારત સંકલ્પ યાત્રાનું પુનઃ આયોજન : આધાર-પુરાવાના કારણે વંચિત રહી ગયેલા લાભાર્થીઓ લાભ મળશે



। (માહિતી) છોટાઉદેપુર, તા.૯ ।

છોટાઉદેપુર જિલ્લાના છોટાઉદેપુર તાલુકાના ઝેર અને મીઠીબોર, કવાંટ તાલુકાના હાફેશ્વર અને જામલી(વ) ખાતે આધાર-પુરાવાના કારણે વંચિત રહી ગયેલા લાભાર્થીઓને વિકસિત ભારત સંકલ્પ યાત્રાનું પુનઃઆયોજન કરી લાભ આપવામાં આવ્યા હતા. આ સંકલ્પ યાત્રા રાજ્યની કુલ આઠ ટ્રાયબલ જિલ્લાની ૪૬૫ ગ્રામ પંચાયતોમાં ભ્રમણ કરી રહી છે.છોટાઉદેપુર અને કવાંટ તાલુકામાં વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો કાર્યક્રમ યોજાયો હતો. આધાર-પુરાવાના કારણે વંચિત રહેલા ગ્રામ્યજનોને કેન્દ્ર સરકાર અને રાજય સરકારની વિવિધ યોજનાઓનો લાભ આપવામાં આવ્યો હતો. આધાર-પુરાવાના કારણે વંચિત રહી ગયેલા લાભાર્થીઓ ફરી વાર આયોજિત આ સંકલ્પ યાત્રાનો લાભ લઈને આગામી વર્ષ ૨૦૪૭ સુધી ભારતને વિકસિત બનાવવાના સંકલ્પનાને સાકાર કરવામાં પોતાની ભાગીદારી અદા કરી શકે છે અને ઘરઆંગણે વિવિધ યોજનાકીય સહાય મેળવી શકે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના કુશળ નેતૃત્વવાળી કેન્દ્ર-રાજય સરકાર છેવાડાના માનવી સુધી સરકારની વિવિધ લોકકલ્યાણકારી યોજનાઓ પહોંચાડવા માટેની સુદ્રઢ પ્રતિબધ્ધતા દાખવી રહી છે.

# અમદાવાદ ડિવિઝનને એપ્રિલ ૨૦૨૩થી જાન્યુઆરી ૨૦૨૪ સુધી વિવિધ ટિકિટ ચેકિંગ ઝુંબેશથી રૂ. ૨૩.૦૨ કરોડ ની આવક પ્રાપ્ત કરી






। અમદાવાદ, તા.૯ ।

પશ્ચિમ રેલવેના અમદાવાદ ડિવિઝનમાં તમામ કાયદેસરના યાત્રીઓને આરામદાયક યાત્રા અને વધુ સારી સેવાઓ સુનિશ્ચિત કરવા તથા રેલ ટ્રાફિકમાં અનધિકૃત યાત્રાને અટકાવવા માટે મેલ/એક્સપ્રેસ તેમજ પેસેન્જર ટ્રેનો અને હોલિડે સ્પેશિયલ ટ્રેનોમાં ટિકિટ વગરના/અનિયમિત યાત્રીઓને નિયંત્રિત કરવા માટે સઘન ટિકિટ ચેકિંગ ઝુંબેશ હાથ ધરવામાં આવેલ.

રેલ ટ્રાફિકમાં અનધિકૃત યાત્રાને અટકાવવા માટે વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક, અમદાવાદ શ્રી પવન કુમાર સિંહના નેનૃત્વમાં વિવિધ પ્રકારની ટિકિટ ચેકિંગ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. આ વર્ષે, જાન્યુઆરી ૨૦૨૪ ના અંત સુધીમાં, અમદાવાદ ડિવિઝન દ્વારા વધુ ને વધુ ટિકિટ ચેકિંગ સ્ટાફની મદદથી જેમાં મહિલા ટિકિટ ચેકિંગ સ્કવોડ સહિત ના સહયોગ થી મણિનગર-નડિયાદ, અસારવા-દહેગામ, મહેસાણા પાલનપુર, પાલનપુર-ગાંધીધામ સેક્શન અને અમદાવાદ સ્ટેશન પર વિવિધ પ્રકારની ટિકિટ ચકાસણી ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. આ મોટા પાયે થયેલ ચેકિંગ દરમિયાન ૨૯૮૮૫ કેસ નોંધાયા હતા અને રૂ. ૨.૦૧ કરોડથી વધુની વસૂલાત કરવામાં આવી હતી જે ગયા વર્ષની સરખામણીમાં ૨૨.૭૮ ટકા વધુ છે. આ વર્ષે ડિવિઝન દ્વારા એપ્રિલ-૨૦૨૩ થી જાન્યુઆરી-૨૦૨૪ સુધીમાં ટિકિટ વગરના, અનિયમિત ટિકિટ, બુક કર્યા વગરના માલના કુલ ૩.૨૧ લાખ કેસ અને રૂ. ૨૩.૦૨ કરોડની આવક પ્રાપ્ત થઈ છે. તમામ યાત્રીઓને વિનંતી કરવામાં આવે છે કે તેઓ માત્ર યોગ્ય ટ્રેન ટિકિટ પર જ યાત્રા કરે, આનાથી તમે રેલવેની પ્રગતિમાં યોગદાન આપીને સન્માનપૂર્વક યાત્રા પણ કરી શકશો.

# કરજણના જલારામ વિસ્તારમાં ગંભીર રીતે ઇજાગ્રસ્ત ગાયને કરુણા એમ્બ્યુલન્સ દ્વારા યોગ્ય સમયે સારવાર મળતા જીવ બચ્યો



। (ગુજરાત માહિતી બ્યુરો) વડોદરા, તા.૯ ।

ગુજરાત સરકારના પશુપાલન વિભાગ અને EMRI ગ્રીન હેલ્થ સર્વિસના સંકલનથી દસ ગામ દીઠ કરુણા અંતર્ગત ફરતું પશુ દવાખાનું કાર્યરત છે. વડોદરા જિલ્લાના આજુબાજુના ગામડાઓમાં અબોલ પશુ પક્ષીઓ માટે વિનામૂલ્યે સારવાર આપવામાં ૧૯૬૨ કરુણા એમ્બ્યુલન્સ એક અમૂલ્ય વરદાન સાબિત થયેલ છે.

વડોદરા જિલ્લાના કરજણ નગરના જલારામ વિસ્તારમાં રખડતી ગાયને ગંભીર હાલતમાં જોઈ પ્રત્યક્ષ દર્શીએ તરત જ ૧૯૬૨ કરુણા હેલ્પલાઈન ૧૯૬૨ પર કૉલ કર્યો હતો. કોલ કર્યાની ગણતરીની પળોમાં કરમડી ગામના ડૉ. મેઘા પટેલ તથા પાયલોટ કમ ડ્રેસર રણજીત ભાઈ ઘટના સ્થળ આવી પહોંચ્યા હતાં. ઘટના સ્થળે પહોંચ્યા બાદ ઈજાગ્રસ્ત ગાયનું નિરીક્ષણ કરતા જાણ્યું કે આગળના ડાબા પગે ઓપન ફ્રેક્ચર અને અનેક શારીરિક ઈજાઓ હતી. ગાયની હાલત ખૂબ જ ગંભીર હતી અને ઉભી થવામાં અસક્ષમ હતી. પરિસ્થિતિની ગંભીરતા જાણીને કરુણા એમ્બ્યુલન્સની ટીમે તાત્કાલિક ગાયને ઘૂંટણના નીચેના હાડકામાં ફ્રેકચર પર ડ્રેસિંગ કર્યું. બીજી પ્રાથમિક સારવાર કરી તેને જરૂરી એન્ટીબાયોટિક તથા દુઃખાવાના ઈંજેકશન પણ આપીને તેની પીડામાં રાહત આપી હતી. લગભગ એકાદ કલાકની ભારે મહેનતના અંતે ફળસ્વરૂપ ગાયની ગંભીર સ્થિતિમાં સુધાર આવતા કરુણા ટીમ અને ઉપસ્થિત લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો. આ સમગ્ર ઘટનાના પ્રત્યક્ષીઓએ ગુજરાત સરકારના પશુપાલન વિભાગ તથા ૧૯૬૩ કરુણા ઈમરજન્સી સેવાને બિરદાવી હતી.

# ઉગામેડીનાં હંસાબેન પ્રવિણભાઈ ધોપાળે પોતાના સપને સેવેલું ઘર થયું સાકાર

। (માહિતી બ્યુરો) બોટાદ, તા.૯ ।

સરકારશ્રી દ્વારા જાહેર કરાયેલ 'પ્રધાનમંત્રી આવાસ યોજના' અંતર્ગત સમાજના આર્થિક રીતે નબળા વર્ગને ઘર બાંધવા માટે નાણાકીય સહાય પૂરી પાડવામાં આવે છે. આ યોજનાથી અનેક પરિવારમાં ખુશીઓના મોજા ફરી વળ્યા છે જેમાથી એક પરીવાર છે ઉગામેડી ગામના હંસાબેન ધોપાળનું. હંસાબેન ગઢડા તાલુકાનાં ઉગામેડી ગામના વતની છે. જેઓને પહેલા કાચું નળીયા વાળું મકાન હતું જે હવે 'પ્રધાનમંત્રી આવાસ યોજના'ની સહાયથી સપનાનું મજબુત ઘર બની ગયું છે. નળીયા વાળા મકાનમાં ચોમાસા દરમિયાન ઘરમાં પાણી ઘુસી જતું હતુ.

# વિકસિત ભારત સંકલ્પ યાત્રાના રથનું ભવ્ય સ્વાગત કરતા માંડવી તાલુકાના બોરી ગામના ગ્રામવાસીઓ

। (માહિતી) સુરત, તા.૯ ।

કેન્દ્ર અને રાજ્ય સરકારની ફ્લેગશીપ યોજનાઓના લાભો ગામે ગામ સુધી પહોંચે તેવા આશયથી સુરતના માંડવી તાલુકાના બોરી ગામે વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો રથ આવી પહોંચ્યો હતો. જ્યાં ગ્રામજનો દ્વારા સંકલ્પ યાત્રાના રથનું ભવ્ય સ્વાગત કરી વિકસિત ભારતની સામૂહિક પ્રતિજ્ઞા લીધી હતી. શાળાના શિક્ષક ઈશ્વરભાઈ ચૌધરી દ્વારા પ્રાસંગિક ઉદ્દબોધન કરવામાં આવ્યું હતું અને વિકસિત ભારત સંકલ્પ યાત્રા વિશે તેમજ તમામ યોજના વિશે ગ્રામજનોને માહિતી પૂરી પાડી હતી. તેમજ વિવિધ શાખાના અધિકારી, કર્મચારી દ્વારા કેન્દ્ર અને રાજય સરકારની પોષણ અભિયાન, પી.એમ કિસાન સન્માન નિધિ યોજના, કિસાન ક્રેડિટ કાર્ડ યોજના, વિશ્વકર્મા યોજના, આયુષ્યમાન કાર્ડ, જલ જીવન મિશન યોજના, અટલ પેન્શન યોજના, પ્રાકૃતિક ખેતી, આઈ.સી.ડી.એસ. વિભાગ, પશુપાલન માટેની યોજનાઓ જેવી વિવિધ વિભાગોની યોજનાઓ વિષે વિસ્તૃત માહિતી પુરી પાડવામાં આવી હતી. આ અવસરે મહાનુભવોના હસ્તે સરકારશ્રીની વિવિધ કલ્યાણકારી યોજનાઓના લાભોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

# પ્રધાનમંત્રી આવાસ યોજના થકી રાસલોડના રંજનબેન પરમારે બનાવ્યું પોતાનું પાકું મકાન

। (માહિતી) સાબરકાંઠા, તા.૯ ।

સાબરકાંઠા જિલ્લામાં પ્રધાનમંત્રી આવાસ યોજના થકી પ્રાંતિજ તાલુ-કાના રાસલોડ ગામના વતની પરમાર રંજનબેન રાજેશજીએ પોતાનું પાકુ મકાન બનાવીને પરીવાર સાથે સુખેથી રહે છે. નાગરિકોનો સામાજિક વિકાસ થાય અને છેવાડાના માનવીને પ્રાથમિક જરૂરીયાતો સંતોષાય તે માટે સુધી અનેક યોજનાઓ અમલી છે. પ્રધાનમંત્રી આવાસ યોજનાનો લાભ મળતા રંજનબેન પરમાર જણાવે છે કે છુટક મજુરી કરી પોતાનું ગુજરાન ચલાવતા પહેલા અમે કાચા આવાસમાં વસવાટ કરવાની સાથે ખુબ જ દયનીય પરિસ્થિતિમાં જીવતા હતા. બે બાળકોની ભરણ પોષણની જવાબદારી સાથે પાકું મકાન બનાવવું અશક્ય હતુ. તેઓ વધુમાં જણાવે છે કે અમે સપનામાં પણ વિચાર્યુ નહોતું કે હું મારા બાળકો માટે પાકું મકાન બનાવી શકીશ.કાચા આવાસના કારણે ઘણી જ મુશ્કેલીઓ પડતી હતી. વળી પાકું મકાન ન હોવાથી કુટુંબમાં કોઈ માન સન્માન પણ આપતુ ન હતુ.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે જીવન તરફ ઉદાર અભિગમ કેળવો. તમે જે પરિસ્થિતિમાં જીવો છો તે વિશે ફરિયાદ કરવાનો અથવા તે અંગે નિરાશ થવાનો કોઈ અર્થ નથી. તમે જો થોડા વધુ નાણાં મેળવવા માર્ગ શોધી રહ્યા હો તો-સુરક્ષિત આર્થિક યોજનાઓમાં રોકાણ કરો. ઘરના મોરચે તમારૂં જીવન શાંત અને ગમે તેવું રહેશે. પ્રિયતમ આજે તમારી પાસે થી કંઇ માંગ કરી શકે છે.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે ગુસ્સાની લહેર આજે વાદ-વિવાદ તથા ઘર્ષણ ભણી દોરી જશે. તમે જાણો છો એવા લોકો દ્વારા આવકનો નવો સ્રોત ઊભો થશે. મિત્રો સાથે સાંજ મોજ-મજા માટે તથા રજાઓના આયોજન માટે સારી રહેશે. આજે તમારો પ્રેમી તેની વાતો તમારી વાત સાંભળવા કરતાં વધુ કહેવા માંગશે, જેના કારણે તમે થોડા પરેશાન થઈ શકો છો.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે હૃદયરોગના દર્દીઓ માટે કૉફી છોડવાનો આ યોગ્ય સમય છે. તેનો હજી વધુ ઉપયોદ હૃદય પર બિનજરૂરી દબાણ વધારશે. નાણાંપ્રવાહમાં વધારો લાંબા સમયથી ચૂકવવાની બાકી રકમ તથા બિલો ચૂકવવા આસાન બનાવશે. પારિવારિક રહસ્યના સમાચાર તમને આશ્ચર્યચકિત કરશે. આનંદ આપીને તથા ભૂતકાળની ભૂલોને માફ કરીને તમે તમારા જીવનને લાયક બનાવશો.

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે ધ્યાન તથા યોગ આધ્યાત્મિક તથા શારીરિક લાભ માટે ઉપયોગી સાબિત થશે. લાંબા-ગાળાના લાભ માટે શેર્સ તથા મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરો. લાંબા સમયથી જેના સંપર્કમાં ન હો એવા લોકો તથા સંબંધોને ફરી તાજા કરવા માટે સારો દિવસ. તમે પ્રેમમાં ધીમે પણ એકધારા બળશો. તમે આજે કેવું અનુભવો છો તે અન્યોને જણાવવા ઉતાવળા ન બનો.

**સિંહ (મ,ટ) :**
આજના દિવસે બાળકો તમારી સાંજને આહલાદક બનાવી દેશે. દોડધામભર્યા અને નીરસ દિવસની અલવિદા કહેવા એક સારા ડીનરનું આયોજન કરો. તેમનો સાથ તેમારા શરીરમાં નવું જોમ ભરી દેશે. પોતાના જીવનસાથી જોડે ધન સંબંધી કોઈ બાબત ને લયી ઝગડો થયી શકે છે. જોકે તમે તમારા શાંત સ્વભાવ થી બધું ઠીક કરી દેશો?

**કન્યા (પ,ઠ,ણ) :**
આજના દિવસે લાંબા ગાળાની બીમારીમાંથી તમે સાજા થશો. પણ સ્વાર્થી તથા ઝટ ગુસ્સે થઈ જાય એવી વ્યક્તિને ટાળજો કેમ કે એ તમારી તાણ વધારી શકે છે-જ તમારી સમસ્યાને ઓર વકરાવી શકે છે. અનિચ્છીત કોઈ મહેમાન આજે ઘરે આવી શકે છે જેના આવવા થી તમારે તે વસ્તુઓ ઉપર પણ ખર્ચ કરવો પડી શકે છે જેને તમે આવતા મહિને કરવાનું વિચાર્યું હતું?

**તુલા (ર,ત) :**
આજના દિવસે તમારી સૌથી મોટી મૂડી છે તમારી રમૂજવૃત્તિ, તમારી બીમારીને સાજી કરવા તેનો ઉપયોગ કરો. રાત્રી ના સમયે આજે તમને ધન લાભ થવા ની પૂરી શક્યતા છે કે કેમ કે તમારા દ્વારા આપેલું ધન આજે પાછું આવી શકે છે. ખુશખુશાલ-ઊર્જાસભર-પ્રેમાળ મૂડમાં-તમારો આનંદી સ્વભાવ તમારી આસપાસના લોકો માટે ખુશી તથા આનંદ લાવશે.

**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે આજે તમારો આત્મવિશ્વાસ વધશે તથા તમારૂં આગળ વધવું નિશ્ચિત છે. તમારા ધન સંચિત કરવા ના પ્રયાસ આજે અસફળ થયી શકે છે. પરંતુ ઘબરાવાની જરૂર નથી કેમકે પરિસ્થિતિ જલ્દી સુધરશે? પાડોશી સાથેનો ઝઘડો તમારો મૂડ બગાડી નાખશે. પણ તમારો મિજાજ ગુમાવતા નહીં કારણ કે આ બાબત બળતામાં ઘી ઉમેરશે.

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે તમારા ભયનો ઈલાજ કરવાનો સમય પાકી ગયો છે.તમારે એ સમજવું જોઈએ કે ભય માત્ર શારીરિક ક્ષમતાઓને જ હાનિ નથી પહોંચાડતો પણ જીવનને પણ ટૂંકાવે છે. આજનો દિવસ છેલ્લો છે એ રીતે જીવવાના તથા મનોરંજન પાછળ વધુ પડતો ખર્ચ કરવાના તમારા વલણ પ્રત્યે ધ્યાન આપો. તમારા જીવનસાથીની તબિયત ચિંતા કરાવી શકે છે.

**મકર (ખ,જ) :**
આજના દિવસે તમારી લાગણીઓ પર અંકુશ રાખવું તમને મુશ્કેલ લાગશે-તમારૂં અસામાન્ય વર્તન તમારી આસપાસના લોકોને મૂંઝવી નાખશે તથા તમને હતોત્સાહી કરી મુકશે. આજ ના દિવસે તમે ઘરે થી ઘણી સકારાત્મકતા સાથે નીકળશો પરંતુ કોઈ મોંઘી વસ્તુ ના ચોરી થવા થી તમારું મૂડ ખરાબ થયી શકે છે. તમારી વધારાની ઊર્જા તથા અસાધારણ ઉત્સાહ તમારી તરફેણમાં પરિણામો લાવશે તથા ઘરના મોરચે રહેલું ટેન્શન હળવું કરશે.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે તમારૂં સૌથી પ્રિય સપનું સાકાર થશે. પણ તમારો આવેશ કાબૂમાં રાખજો કેમ કે વધુ પડતી ખુશી કેટલીક સમસ્યાઓ સર્જી શકે છે. વધારાનાં નાણાં રિયલ એસ્ટેટમાં રોકજો. તમારો વિનોદી સ્વભાવ તમારી આસપાસનું વાતાવરણ ઝળકાવશે. તમારા પ્રિયપાત્ર સાથે બહાર જતા હો ત્યારે દેખાવ અને વર્તનમાં તમે જેવા છો એવા જ રહો.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસે હસતા રહો કેમ કે એ તમારી તમામ સમસ્યાનું મારણ છે. તમે જો બધું જ બરાબર કરશો તો આજે તમે વધારાના નાણાં કમાઈ શકશો. ઘરના કામો તમને મોટા ભાગના સમયે વ્યસ્ત રાખે છે. તમે લોકપ્રિય હશો તથા સામી જાતિની વ્યક્તિને આસાનીથી તમારી તરફ આકર્ષી લેશો. આજ ના સમય માં તમારા માટે સમય શોધવો ખૂબ મુશ્કેલ છે.




હરકિરત બાજવાનો જન્મ ભારતના મોહાલી શહેરમાં થયો હતો. તેને મેલબોર્નનો ટર્બનેટર પણ કહેવામાં આવે છે

### ભારતીય છોકરો ઓસ્ટ્રેલિયન ટીમમાં

# અંડર-૧૯ વર્લ્ડ કપ સ્પિનર હરકિરત બાજવાની ધૂમ

। (એજન્સી) મેલબોર્ન, તા.૯ ।

એક ભારતીય છોકરો અંડર-૧૯ વર્લ્ડ કપ ૨૦૨૪માં ઓસ્ટ્રેલિયન ટીમ માટે રમી રહ્યો છે. જે પણ ભારે ધમાલ મચાવી રહ્યો છે. હા, અમે વાત કરી રહ્યા છીએ સ્પિન બોલર હરકિરત બાજવાની.

હરકિરત બાજવા પૂર્વ ભારતીય સ્પિન બોલર હરભજન સિંહની જેમ ઓફ-સ્પિન બોલિંગ કરે છે. હરિકરત બાજવાનો જન્મ ભારતના મોહાલી શહેરમાં થયો હતો. તેને મેલબોર્નનો ટર્બનેટર પણ કહેવામાં આવે છે.

હરકિરતના પિતા ઓસ્ટ્રેલિયામાં રહે છે અને ટેક્સી ચલાવે છે. ૨૦૧૨માં હરકિરતનો પરિવાર મોહાલીથી ઓસ્ટ્રેલિયા આવી ગયો હતો અને હવે તે ઓસ્ટ્રેલિયા તરફથી રમી રહ્યો છે. હરકિરતને ભારતીય સ્પિનર આર. અશ્વિનને ખૂબ પસંદ કરે છે.



### ઈંગ્લેન્ડ સામે ત્રીજી ટેસ્ટ પહેલા ટીમ ઈન્ડિયાને ઝટકો

# શ્રેયસ અય્યર સીરિઝની અંતિમ ત્રણ ટેસ્ટથી બહાર થવાની શક્યતા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૯ ।

ઈંગ્લેન્ડ સામે ત્રીજી ટેસ્ટ મેચ પહેલા ટીમ ઈન્ડિયાને એક મોટો ઝટકો લાગશે તેવુ નજર આવી રહ્યુ છે. વિરાટ કોહલી અને રવિન્દ્ર જાડેજા ઈજાગ્રસ્ત થવાના કારણે નુકસાન વેઠી રહેલી ભારતીય ટીમને શ્રેયસ અય્યરના તરીકે વધુ એક ઝટકો લાગી શકે છે. રિપોર્ટ અનુસાર શ્રેયસ અય્યર સીરિઝના અંતિમ ત્રણ ટેસ્ટ મેચથી બહાર થઈ શકે છે. કહેવાય રહ્યુ છે કે શ્રેયસે પ્રેક્ટિસ દરમિયાન પીઠ જકડાઈ જવાની અને ગ્રોઈન ઈજાઓની ફરિયાદ કરી છે જે બાદ ન માત્ર ત્રીજી ટેસ્ટમાં પરંતુ સમગ્ર સિરીઝથી તેમના બહાર થવાનું જોખમ મંડરાઈ રહ્યુ છે. જાણકારી અનુસાર વિશાખાપટ્ટનમમાં બીજી ટેસ્ટ પૂરી થયા બાદ ટીમના તમામ ખેલાડીઓની પ્લેઈંગ કિટ રાજકોટ પહોંચાડી દેવામાં આવી પરંતુ શ્રેયસ અય્યરની કિટ રાજકોટ પહોંચી નથી. તેમની કિટને મુંબઈમાં તેમના ઘરે મોકલી દેવાઈ છે. અય્યરની ઈજાના કારણે આગલી ત્રણ ટેસ્ટ માટે ટીમની જાહેરાત ટાળવામાં આવી રહી હતી પરંતુ હવે શુક્રવારે ટીમની જાહેરાત થઈ શકે છે. રિપોર્ટ અનુસાર શ્રેયસ અય્યરને એનસીએમાં મોકલવાની તૈયારી છે. આ ઈજાના કારણે શ્રેયસ અય્યર ઈંગ્લેન્ડ સામે બચેલી ત્રણેય ટેસ્ટ મેચથી બહાર થઈ શકે છે. જોકે આગલા મહિને શરૂ થનારી IPLમાં તેમની વાપસીની શક્યતા છે.

### શ્રેયસ ઐયરે પ્રેક્ટિસ દરમિયાન પીઠ જકડાઈ જવાની અને ગ્રોઈન ઈજાઓની ફરિયાદ કરી

**શ્રેયસ અય્યર ગયા વર્ષે પણ બેક ઈજાથી પરેશાન હતા જે બાદ તેમની સર્જરી થઈ હતી. અય્યરે સપ્ટેમ્બર-ઓક્ટોબરમાં એશિયા કપ દ્વારા ટીમમાં વાપસી કરી હતી. શ્રેયસ અય્યર જો સિરીઝથી બહાર થાય છે તો સેલેક્ટર્સને તેમનું રિપ્લેસમેન્ટ શોધવુ પડશે. ટીમ ઈન્ડિયાને વિશાખાપટ્ટનમ ટેસ્ટમાં પહેલાથી જ જાડેજા અને રાહુલ તરીકે બે ઝટકા લાગી ગયા હતા. જાડેજા અને રાહુલ ઈજાના કારણે બીજી ટેસ્ટ રમ્યા નહોતા. વિરાટ કોહલીએ અંગત કારણનો હવાલો આપતા બ્રેક માંગ્યો હતો. હવે ત્રીજી ટેસ્ટમાં કોહલી, જાડેજા, રાહુલ અને અય્યર ન હોવાથી ભારતીય ટીમ કમજોર થતી નજર આવી રહી છે.**

# હોકી ખેલાડી પર ગંભીર આરોપ, ખેલાડીએ તેના પરના આરોપોને નકારી કાઢ્યા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૯ ।

ભારતીય હોકી ટીમના ખેલાડી અને અર્જુન એવોર્ડ વિજેતા વરુણ કુમાર આ દિવસોમાં મુશ્કેલીમાં છે. વરુણ કુમાર પર તાજેતરમાં પોક્સો એક્ટ હેઠળ બળાત્કારનો આરોપ મૂકવામાં આવ્યો હતો, જેને તેણે ખોટો ગણાવ્યો હતો. આ મામલાની વચ્ચે વરુણ કુમારે હવે FIH પ્રો લીગમાંથી પોતાનું નામ પાછું ખેંચી લીધું છે. તેણે આ કાનૂની લડાઈ લડવા માટે કર્યું છે. હોકી ઈન્ડિયાએ ૨૮ વર્ષીય ખેલાડીને તાત્કાલિક રજા આપી દીધી છે કારણ કે ખેલાડીએ કહ્યું હતું કે આ ઘટના તેના માનસિક અને શારીરિક સ્વાસ્થ્યને અસર કરી રહી છે. એક મહિલાએ આરોપ લગાવ્યો છે કે જ્યારે તે સગીર હતી ત્યારે વરુણે તેનું અનેકવાર યૌન શોષણ કર્યું હતું, ત્યારબાદ બેંગલુરુ પોલીસે હોકી ખેલાડી વિરુદ્ધ કેસ નોંધ્યો છે. સોમવારે નોંધાવેલી પોતાની ફરિયાદમાં ૨૨ વર્ષની મહિલાએ કહ્યું છે કે તે ૨૦૧૮માં ઈન્સ્ટાગ્રામ દ્વારા વરુણના સંપર્કમાં આવી હતી અને જ્યારે તે ૧૭ વર્ષની હતી ત્યારે ખેલાડીએ લગ્નના બહાને તેની સાથે અનેકવાર બળાત્કાર કર્યો હતો. ભારતના પ્રમુખ દિલીપ તિર્કીને પત્ર લખીને તેમણે દાવો કર્યો છે કે તેમની સામે દાખલ કરવામાં આવેલી ફરિયાદ ખોટી છે અને તે રાજ્ય સરકારના તંત્રનો દુરુપયોગ છે. વરુણે લખ્યું છે કે મને મીડિયા રિપોર્ટ્સથી ખબર પડી છે કે ભૂતકાળમાં હું જેની સાથે રિલેશનશિપમાં હતો તેણે મારી વિરુદ્ધ ખોટો કેસ દાખલ કર્યો છે અને આ મામલામાં બેંગલુરુમાં એફઆઈઆર નોંધવામાં આવી છે, જો કે કોઈ પોલીસ અધિકારીએ આ કેસની નોંધ લીધી નથી. આ અંગે કોઈ કાર્યવાહ થઈ નથી અને કોઈએ મારો સંપર્ક કર્યો નથી. તેણે કહ્યું કે આ મામલો બીજું કંઈ નથી પરંતુ મારી પાસેથી પૈસા પડાવવાનો અને મારી પ્રતિષ્ઠા અને છબીને કલંકિત કરવાનો ઈરાદાપૂર્વકનો પ્રયાસ છે, કારણ કે હું એક પ્રતિષ્ઠિત હોકી ખેલાડી છું અને ભારત માટે રમું છું અને અર્જુન એવોર્ડી છું. તેઓ જાણે છે કે આવો કિસ્સો મારી કરિયર અને ઈમેજને બગાડી શકે છે.

### સાફ મહિલા અંડર-૧૯ની ફૂટબોલ ફાઈનલ વિવાદમાં રહી

# ભારત-બાંગ્લાદેશને સંયુક્ત વિજેતા જાહેર કરવામાં આવ્યા

। (એજન્સી) ઢાકા, તા.૯ ।


ભારતને ગુરુવારે યજમાન બાંગ્લાદેશ સાથે સાફમહિલા અંડર-૧૯ ફૂટબોલ ચેમ્પિયનશિપનું સંયુક્ત વિજેતા જાહેર કરાયું. નિર્ધારિત ૯૦ મિનિટની રમત બાદ મેચ ૧-૧ની બરાબરી પર સમાપ્ત થઈ હતી. ત્યારપછી પેનલ્ટી શૂટઆઉટ પણ ડ્રો રહ્યો. જોકે આ મેચ વિવાદાસ્પદ રહી હતી. ચાલો જાણીએ શું હતો મામલો?

પછીથી ટોસના આધારે બાંગ્લાદેશને લાગ્યું કે તેઓ મેચ જીતી ગયા છે. પરંતુ આ પછી બંને ટીમોને સંયુક્ત વિજેતા જાહેર કરવામાં આવી હતી. જ્યારે પરિણામ બાંગ્લાદેશ ટીમની તરફેણમાં ન આવ્યું તો બાંગ્લાદેશી ચાહકો ગુસ્સે થઈ ગયા અને તેમના પર પથ્થરો અને બોટલો ફેંકવા લાગ્યા હતા. મેચ અધિકારીઓએ સિક્કો ઉછાળીને ભારતને ટૂર્નામેન્ટ વિજેતા જાહેર કરતાની સાથે જ બાંગ્લાદેશી ચાહકોએ મેદાન પર પથ્થરો અને બોટલો ફેંકવાનું શરૂ કરી દીધું હતું. ત્યારપછી આ પરિણામ પાછું ખેંચી લેવામાં આવ્યું હતું અને બંને ટીમોને સંયુક્ત વિજેતા જાહેર કરવામાં આવી હતી. નિર્ધારિત ૯૦ મિનિટની રમત બાદ બંને ટીમો વચ્ચેની રમત ૧-૧ની બરાબરી પર સમાપ્ત થઈ હતી. આ પછી, પેનલ્ટી શૂટઆઉટ થયું, તે પણ ટાઈ રહ્યું અને ગોલકીપર્સ સહિત બંને ટીમના તમામ ૧૧ ખેલાડીઓએ તેમની પેનલ્ટી કિકને ગોલમાં ફેરવી હતી. સ્કોરલાઈન ૧૧-૧૧ સુધી પહોંચ્યા બાદ રેફરી પેનલ્ટી શૂટઆઉટ ચાલુ રાખવાના હતા પરંતુ પછીતેમને અટકાવી દેવાયા. તેમણે બંને પક્ષના કેપ્ટનોને બોલાવ્યા અને ટોસ ઉછાળ્યો. ભારત ટોસ જીતવામાં સફળ રહ્યું અને જશ્ન મનાવવાનું શરૂ કર્યું. બાંગ્લાદેશીઓએ આનો વિરોધ કર્યો અને તેમના ખેલાડીઓએ લાંબા સમય સુધી રમતનું મેદાન છોડવાની ના પાડી. ત્યારબાદ ચારેકોર અરાજકતાનો માહોલ સર્જાયો. મોટી ભીડ મેદાનમાં બોટલો ફેંકવા અને સૂત્રોચ્ચાર કરવા લાગી.

# ડી વિલિયર્સે પોતાની જ વાત પરથી પલટી મારી, કહ્યું “મારાથી મોટી ભૂલ થઈ”

। (એજન્સી) નવી દિલ્હી, તા.૯ ।

બોલિવુડ અભિનેત્રી અનુષ્કા શર્મા અને ક્રિકેટર વિરાટ કોહલીની જોડી ફેન્સની ફેવરિટ છે. લોકો આ કપલના જીવનની દરેક અપડેટ જાણવા માંગે છે. બંનેના લગ્નને ૬ વર્ષ થયા છે અને બંને વામિકાના માતા-પિતા છે. તાજેતરમાં એવા અહેવાલો આવ્યા હતા કે અનુષ્કા શર્મા બીજી વખત પ્રેગ્નેન્ટ છે. બન્ને આ વિશે હજુ સુધી કઈ જ નિવેદન આપ્યુ નથી અને મૌન જાળવી રાખ્યું છે. અનુષ્કાનો બેબી બમ્પ પણ ઘણી વખત જોવા મળ્યો હતો, આમ છતાં બંનેએ ક્યારેય પોતાની પ્રેગનન્સી વિશે વાત કરી ન હતી, પરંતુ હાલમાં જ ક્રિકેટર એબી ડી વિલિયર્સે એક્ટ્રેસની પ્રેગ્નન્સી વિશે વાત કરી હતી. પરંતુ હવે પોતાના શબ્દો પરથી પલટી મારી છે. ડી વિલિયર્સે દાવો કર્યો છે કે તેણે ભૂલ કરી છે. તેણે કહ્યું કે વિરાટ અને અનુષ્કાના બીજા બાળકની અપેક્ષાના સમાચાર સાચા નથી. પરિવાર પહેલા આવે છે અને પછી ક્રિકેટ. ડી વિલિયર્સે કહ્યું





કે મારી યુટ્યુબ ચેનલ પર મારાથી મોટી ભૂલ થઈ છે. તે માહિતી ખોટી હતી અને બિલકુલ સાચી નહોતી. મને લાગે છે કે વિરાટના પરિવાર માટે જે પણ શ્રેષ્ઠ છે તે પહેલા આવે છે. કોઈને ખબર નથી કે ત્યાં શું થઈ રહ્યું છે, હું એટલું જ કરી શકું છું. હું તેને સારા સ્વાસ્થ્યની કામના કરું છું. તેના બ્રેકનું કારણ ગમે તે હોય, હું આશા રાખું છું કે તે વધુ મજબૂત, વધુ સારી રીતે વાપસી કરશે. વિરાટના નજીકના મિત્ર એબી ડી વિલિયર્સે કહ્યું હતું કે વિરુષ્કાના ઘરમાં ફરી એકવાર હાસ્ય ગુંજવા જઈ રહ્યું છે. ડી વિલિયર્સે પોતાની યુટ્યુબ ચેનલ પર એક ફેન સાથે વાત કરતા આ વાત કહી. તેણે કહ્યું હતું કે, ‘આ વિરાટ કોહલી માટે પારિવારિક સમય છે. તેમના ઘરે બીજું બાળક આવવાનું છે.

જ્યારે ડી વિલિયર્સ યુટ્યુબ પર ચાહકોના પ્રશ્નોના જવાબ આપી રહ્યો હતો ત્યારે એક પ્રશંસકે તેને વિરાટ વિશે પૂછ્યું અને તેણે વિરાટ સાથે કરેલી ચર્ચાનો ઉલ્લેખ મેસેજ પર કર્યો. જેના જવાબમાં ડી વિલિયર્સે કહ્યું, ‘મને તે જોવા દો. તેઓએ શું કહ્યું. હું તમને (ચાહકોને) થોડો પ્રેમ આપવા માંગુ છું. તેથી મેં તેને લખ્યું કે હું તમને થોડા સમય માટે મળવા માંગુ છું. તમે કેમ છો?’ આના જવાબમાં વિરાટે કહ્યું, ‘અત્યારે મારે મારા પરિવાર સાથે રહેવાની જરૂર છે. હું મઝામાં છું.’ આ વિશે વધુ વાત કરતાં ડી વિલિયર્સે કહ્યું, ‘હા, તેનું બીજું બાળક આવવાનું છે. હા, આ પારિવારિક સમય છે અને વસ્તુઓ તેમના માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે.

## વિશેષ

### લોકસભા ચૂંટણીના ૮૮ મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીઓના પાંચ દિવસીય તાલીમ કાર્યક્રમનો બીજો તબક્કો સંપન્ન

# તાલીમ કાર્યક્રમના બીજા તબક્કામાં ભારતના ચૂંટણી પંચના નેશનલ લેવલ માસ્ટર ટ્રેઈનર્સ દ્વારા ગાંધીનગર અને રાજકોટ ખાતે રાજ્યના ૮૮ મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીઓને તાલીમ

### રાજ્યકક્ષાના તાલીમ કાર્યક્રમના સમાપન પૂર્વે ભારતના ચૂંટણી પંચ દ્વારા તમામ મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીઓનું ઓનલાઈન મૂલ્યાંકન કરવામાં આવ્યું





। (માહિતી) ગાંધીનગર ।

લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ની પૂર્વતૈયારીઓના ભાગરૂપે ભારતના ચૂંટણી પંચ તથા મુખ્ય નિર્વાચન અધિકારીશ્રીની કચેરી દ્વારા ગાંધીનગર અને રાજકોટ ખાતે મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીઓ માટે રાજ્યકક્ષાનો પાંચ દિવસીય તાલીમ કાર્યક્રમ યોજાયો હતો. તા.૦૯ જાન્યુઆરીના રોજ પૂર્ણ થયેલા બીજા તબક્કાના તાલીમ કાર્યક્રમમાં ભારતના ચૂંટણી પંચના ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ અને કર્ણાટક રાજ્યના નેશનલ લેવલ માસ્ટર ટ્રેઈનર્સ દ્વારા ૮૮ જેટલા મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીઓને ચૂંટણી પ્રક્રિયા સંબંધી તાલીમ આપવામાં આવી હતી.

તા.૦૯ ફેબ્રુઆરીના રોજ પૂર્ણ થયેલા આ પાંચ દિવસીય તાલીમ કાર્યક્રમમાં મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીઓને ઉમેદવારી પત્રો અને તેને સંલગ્ન બાબતો, EVM-VVPATના સંગ્રહ-પરિવહન અને જાળવણી, મતદાન મથકને લગતી બાબતો, મતદાનના દિવસની વ્યવસ્થાઓ, પોલીંગ સ્ટાફ, આદર્શ આચારસંહિતા, પોસ્ટલ બેલેટ, મતગણતરી અને પરિણામોની જાહેરાત, પેઈડ ન્યૂઝ, મીડિયા સર્ટિફિકેશન અને મોનિટરીંગ કમિટી, આઈ. ટી. ઍપ્લિકેશન્સ તથા ખર્ચ નિરિક્ષણ સહિતની બાબતો અંગે વિસ્તૃત તાલીમ આપવામાં આવી. ભારતના ચૂંટણી પંચ દ્વારા ઘડવામાં આવેલા નિયમો, તેને અનુરૂપ અદ્યતન સૂચનાઓ અને નિયત ચૂંટણી પ્રક્રિયાઓ થકી ચૂંટણીઓનું સરળ સંચાલન સુનિશ્ચિત કરવા ભારતના ચૂંટણી પંચ તથા મુખ્ય નિર્વાચન અધિકારીશ્રીની કચેરી દ્વારા આ તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

ગાંધીનગર અને રાજકોટ ખાતે તા. ૦૫મી ફેબ્રુઆરી, ૨૦૨૪થી તા. ૦૯મી ફેબ્રુઆરી, ૨૦૨૪ સુધી યોજાયેલા આ બીજા તબક્કાના તાલીમ કાર્યક્રમમાં ભારતના ચૂંટણી પંચના નેશનલ લેવલ માસ્ટર ટ્રેઈનર્સ દ્વારા ૮૮ જેટલા મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીઓને ચૂંટણીની કામગીરી સંબંધિત તમામ વિષયો પર વિગતવાર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તાલીમ કાર્યક્રમના સમાપન પૂર્વે ભારતના ચૂંટણી પંચ દ્વારા તમામ મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીઓનું ઑનલાઈન મૂલ્યાંકન પણ કરવામાં આવ્યું હતું.

## ન્યૂઝ બ્રિફ

### ઇચ્છાપોરમાં પ્લાસ્ટિકના દાણા બનાવતી ફેક્ટરીમાં આગ લાગી

। (એજન્સી) સુરત, તા.૯ ।

ઈચ્છાપોર વિસ્તારમાં આગની ઘટનાના પગલે ઈમરજન્સી સર્વિસીસના સાયરનોથી વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું. પ્લાસ્ટિકના દાણા બનાવતી ફેક્ટરીમાં આગ લાગી હતી. આગમાં લાખોના નુકસાનની આશંકા વ્યક્ત કરાઈ છે. આગ વિકરાળ સ્વરૂપ ધારણ કરી લેતા માલસામાનનું નુકસાન થયું છે. સુરતના પાલનપુર અડાજણ મોરાભાગલની ફાયર ટિમ ઘટના સ્થળે મોકલવામાં આવી હતી. આરજેડી ટેક્સટાઈલ પાર્કમાં પ્લાસ્ટિકના દાણા બનાવતી ફેક્ટરીમાં આગ લાગવાની ઘટના બની હતી. ચાર માળની પલાસ્ટીકની ફેક્ટરીમાં ચોથા માળે આગ લાગી હતી. આ આગ ત્રીજા માળ સુધી પ્રસરી ગઈ હતી. સદનસીબે ઘટનામાં કોઈ જાનહાની નોંધાઈ નથી.

### દીકરીને મેડિકલનો અભ્યાસ કરાવવા માટે એક પિતાએ કરોડોની ચોરી કરી

। (એજન્સી) અમદાવાદ, તા.૯ ।

અમદાવાદમાં એક પિતાએ પોતાની દીકરીને ડોકટર બનાવવા ઘરઘાટી બની ચોરી કરી અને તે પણ કોઈ નાની મોટી નહીં. એક કરોડથી વધુની ચોરી કરી. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે આ ચોરને પશ્ચિમ બંગાળથી ઝડપી પાડી રૂપિયા ૬.૮૦ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે. ચોરી કરનાર આ શખ્સનું સાચુ નામ રાજા મોન્ટુ ચૌધરી છે. તે પશ્ચિમ બંગાળથી અમદાવાદમાં રમેશ ચક્રવર્તીનું નામ ધારણ કરી આવ્યો હતો. તે સોનીનો વ્યવસાય કરી માંડ માંડ ગુજરાન ચલાવતો, પરંતુ તેનું સપનું દીકરીને ડોક્ટર બનાવવાનું હતું. તે માટે તેણે એક માસ્ટર પ્લાન બનાવ્યો અને અમદાવાદમાં એક આલિશાન ઘરમાં ઘરઘાટી તરીકે નોકરી કરવા લાગ્યો હતો. જ્યાં વિશ્વાસ કેળવી પરિવારના સદસ્યની માફક રહેતો હતો.

### રાજ્યકક્ષાનો કાર્યક્રમ ડીસામાં યોજાશે

# PM મોદી રાજ્યના ૧.૩૧ લાખ આવાસ વર્ચ્યુઅલ ઉપસ્થિત રહી ઇ-લોકાર્પણ-ખાતમૂર્હૂત કરશે

### તૈયાર થયેલા આવાસમાં લાભાર્થીઓને ગૃહ પ્રવેશ કરાવાશે : આધુનિક સુવિધાઓ સાથે આવાસ તૈયાર થયા

। (એજન્સી) ડીસા, તા.૯ ।

બનાસકાંઠા જિલ્લાના ડીસામાં શનિવારે આવાસ યોજનાઓનો ગૃહ પ્રવેશ કાર્યક્રમ યોજાનાર છે. રાજ્યના મુખ્યપ્રધાન ભૂપેન્દ્ર પટેલ ડીસામાં ઉપસ્થિત રહેશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવાસ યોજના ગૃહ પ્રવેશ કાર્યક્રમને વર્ચ્યુઅલ જોડાઈને ઈ-લોકાર્પણ અને ઈ-ખાતમુર્હૂત કરનાર છે. રાજ્યમાં ૧.૩૧ લાખ આવાસનું લોકાર્પણ અને ખાતમુર્હૂત થનાર છે. શનિવારે રાજ્યના મુખ્યપ્રધાન ભૂપેન્દ્ર પટેલ બનાસકાંઠા જિલ્લાની મુલાકાત લેનાર છે. ડીસા એરપોર્ટ ખાતે આવાસ યોજના લોકાપ ર્ણ અને ખાતમુર્હૂત કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવાસ યોજવાનું ઈ-લોકાર્પણ અને ઈ-ખાતમુર્હૂત વર્ચ્યુઅલ ઉપસ્થિત રહી ને કરનાર છે. આ માટે બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસથી તડામાર તૈયારીઓ શરુ કરવામાં આવી હતી. જેને લઈ ડીસામાં એરપોર્ટ વિસ્તારમાં જ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જ્યાં જિલ્લાના તમામ તાલુકાઓમાંથી લાભાર્થીઓ અને લોકો ઉપસ્થિત રહેશે. ડીસા એરપોર્ટ ખાતે તડામાર તૈયારીઓ કરવામાં આવી છે.



**સરકાર તમામ લોકોને છત પુરી પાડવા માટેનો સંકલ્પ ધરાવે છે**

**વડાપ્રધાન મોદી દ્વારા આવતીકાલ શનિવારે તૈયાર થયેલા આવાસમાં લાભાર્થીઓને ગૃહ પ્રવેશ કરાવવામાં આવનાર છે. રાજ્યમાં સરકાર દ્વારા આધાનિક સુવિધાઓ સાથે આવાસ તૈયાર કરાવ્યા છે. જેને હવે લાભાર્થીઓને ગૃહ પ્રવેશ કરાવાશે. સરકાર દ્વારા ઘરના ઘરનું સપનું જોઇ રહેલા પરિવારોને માટે ગૃહ પ્રવેશ કરાવાશે. આ સાથે જ આવા પરિવારનું સપનું સાકાર થશે અને પોતાના ઘરમાં વસવાનો આનંદ થશે. સરકાર દ્વારા ઘરનું ઘર મળી રહે એ માટે આવાસ યોજના હેઠળ પ્રાથમિક સુવિધાઓજનક મકાન તૈયાર કરવામાં આવતા હોય છે.**

### પિતાના આક્ષેપો પર રવીન્દ્ર જાડેજાનો પ્રતિભાવ

# પિતાના ઈન્ટરવ્યૂમાં જણાવેલી તમામ બાબતો તથ્યહીન છે : રવીન્દ્ર જાડેજા

### રવીન્દ્ર બદલાઈ ગયો છે તેને મેં ક્રિકેટર ન બનાવ્યો હોત અને પરણાવ્યો ન હોત તો સારું હોત : અનિરૂદ્ધસિંહ

। (એજન્સી) રાજકોટ, તા.૯ ।

ભારતીય ક્રિકેટ ટીમના સ્ટાર ઓલરાઉન્ડર રવિન્દ્ર જાડેજાના પરિવારનો વિખવાદ ફરી એક વખત ચર્ચામાં છે. પિતા અનિરુદ્ધસિંહના ઈન્ટરવ્યૂ પર જાડેજાએ પ્રતિક્રિયા આપતા 'એક્સ' પર પોસ્ટ શૅર કરી હતી. જેમાં તેણે કહ્યું કે "પિતાના ઈન્ટરવ્યૂમાં જણાવેલી તમામ બાબતો તથ્યહીન છે." મહત્ત્વનું છે કે મીડિયામાં રવિન્દ્ર જાડેજાના પિતાએ ઈન્ટરવ્યૂ આપ્યું હતું જેમાં તેમણે ક્રિકેટર પર આરોપ લગાવતા કહ્યું હતું કે "અમારે તેની સાથે હવે કોઈ સંબંધ રહ્યો નથી. તે બદલાઈ ગયો છે તેને મેં ક્રિકેટર ન બનાવ્યો હોત અને પરણાવ્યો ન હોત તો સારું હોત."

રવિન્દ્ર જાડેજાએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર ગુજરાતીમાં પોસ્ટ કરીને લખ્યું, "વાહિયાત ઈન્ટરવ્યૂમાં જણાવેલી તમામ બાબતો અર્થહીન તેમજ અસત્ય છે. એક પક્ષે કહેવાયલી વાત છે. જેને હું નકારૂ છું. મારા ધર્મપત્નીની છબી ખરડાવવાના જે પ્રયાસો કરવામાં આવેલ છે તે ખરેખર નિંદનીય તેમજ અશોભનીય છે. મારી પાસે પણ કહેવા માટે ઘણું છે જે હું પબ્લિકલી ના કહું ત્યાં સુધી જ સારું છે.."

ઉલ્લેખનીય છે કે, રવિન્દ્ર જાડેજાના પિતા અનિરૂદ્ધસિંહ જાડેજાએ ઈન્ટરવ્યૂમાં અનેક ખુલાસા કર્યા હતા અને તેમણે પુત્રવધુ રિવાબા પર આરોપ લગાવી કહ્યું હતું કે, "તેણે રવિન્દ્ર પર શું જાદુ કરી દીધો છે ખબર નથી. દીકરો મારો છે, મારું પેટ બળીને રાખ થઈ જાય છે, તેને મેં ક્રિકેટર બનાવ્યો ન હોત કે તેને પરણાવ્યો ન હોત તો સારું હોત."

મહત્વનું છે કે રવિન્દ્ર જાડેજાના પરિવારમાં સભ્યો વચ્ચે સમયાંતરે વિવાદ સામે આવતો રહ્યો છે. આ પહેલા રવિન્દ્રની બહેન નયનાબા અને પત્ની રિવાબાનો પણ વિવાદ જાહેરમાં ચર્ચાયો હતો. ભાભી-નણંદ વચ્ચે રાજકીય લડાઈમાં ઘણી વખતે વ્યક્તિગત આરોપ-પ્રત્યારોપ જોવા પણ મળી ચૂક્યાં છે.

### જામનગર મોટી ખાવડી વિસ્તારની ઘટના । મોલના બંધ કરવાના સમયે પાછળના ભાગમાં અકસ્માતે આગ લાગી

# સૌરાષ્ટ્રના સૌથી મોટા મોલમાં આગથી ભારે અફડાતફડી

। (એજન્સી) જામનગર, તા.૯ ।

જામનગર નજીક મોટી ખાવડી વિસ્તારમાં આવેલા સૌરાષ્ટ્રના સૌથી મોટા રિલાયન્સ મેગા મોલમાં રાત્રિના ૯ વાગ્યાને ૫૦ મિનિટે શોર્ટ સર્કિટ થવાના કારણે અન્યથા કોઈ પણ કારણસર આગ લાગી હતી, અને જોતજોતામાં આગે મોટું સ્વરૂપ ધારણ કરી લીધું હતું. જેને લઈને ભારે અફડાતફડીનો માહોલ સર્જાયો હતો, અને આગ બુઝાવવામાટે રિલાયન્સ કંપનીના ૧૫ ફાયર ફાઈટર ઉપરાંત આસપાસના વિસ્તારમાં આવેલી ખાનગી કંપનીના ફાયર ફાઈટર તેમજ જામનગર-રાજકોટ- કાલાવડ-ધ્રોળ- દ્વારકા- ઓખા સહિતના તમામ સરકારી ફાયર ફાઈટરની મદદ લેવાઈ હતી, અને ૫૦ જેટલા ફાયર ફાઈટરોની મદદથી ૨૦૦ થી વધુ પાણીના ટેક્રોના ફેરા કરીને આગ બુજાવવામાં આવી હતી, અને સતત સાત કલાક સુધી આ કામગીરી ચાલી હતી. આગના કારણે સંપૂર્ણ મેગા મોલ બળીને ખાખ થયો છે, અને કરોડો રૂપિયાનું નુકસાન થયું છે. સદભાગ્યે આગજનનીની ઘટનામાં કોઈપણ પ્રકારની જાનહાનિના અહેવાલો મળ્યા નથી. જામનગર ખંભાળિયા ધોરી માર્ગ પર મોટી ખાવડી સ્થિત રિલાયન્સ મેગા મોલમાં ગઈ રાત્રિના ૯ વાગ્યાને ૫૦ મિનિટે મોલના બંધ કરવાના સમયે પાછળના ભાગમાં અકસ્માતે આગ લાગી હતી. આ સમયે મોલમાં કોઈ હાજર ન હોવાથી કોઈ જાનહાની થઈ ન હતી. પરંતુ આગે થોડી ક્ષણોમાં જ મોટું સ્વરૂપ ધારણ કરી લીધું હતું.



મેગા મોલ અનાજ કારીયાણાંની ચીજ વસ્તુ, તેલ,કપડાં, સહિતની વસ્તુઓ સ્ટોરેજ કરીને રાખી હતી, જેમાં આગ પહોંચતા આગની મોટી જવાળા ઉઠવા માંડી હતી, અને સૌ પ્રથમ ગણતરીની મિનિટોમાં રિલાયન્સ કંપનીના ફાયર ફાઈટરો બનાવના સ્થળે પહોંચી ગયા હતા, અને પાણીનો મારો ચલાવવાનું શરૂ કર્યો હતું. પરંતુ જોતજોતામાં આગ સમગ્ર મોલમાં ફેલાઈ હતી, અને દૂર સુધી આગના લબકારાઓ જોવા મળતા હતા, જેથી આગના બનાવ અંગે જિલ્લા વહીવટી તંત્રને જાણ કરવામાં આવી હતી.

## રાજકોટ અને પ્રાંતિજની મસાલા ફેક્ટરીઓને લાખોનો દંડ કરાયો

। (એજન્સી) બનાસકાંઠા, તા.૯ ।

બનાસકાંઠા જિલ્લામાં ખાદ્ય સુરક્ષા વિભાગ દ્વારા લેવામાં આવેલા સેમ્પલ ફેઈલ નો રિપોર્ટ સામે આવતા દંડની કાર્યવાહી કરવામાં આવી છે. ૧૪ જેટલા સેમ્પલ ફેઈલ હોવાનો રિપોર્ટ આવવાને પગલે બનાસકાંઠા જિલ્લા અધિક કલેક્ટર દ્વારા લાખો રુપિયાનો દંડ વેપારી, સપ્લાયર અને ઉત્પાદકને ફટકારવામાં આવ્યો છે. ખાદ્ય સુરક્ષા વિભાગ દ્વારા બનાસકાંઠા જિલ્લામાં અલગ અલગ સ્થળોએથી ફૂડ સેમ્પલ લેવામાં આવ્યા હતા. ખાદ્ય ચિજોમાં ભેળસેળ છે કે કેમ એ ચકાસવા માટે ફૂડ સેમ્પલના પરીક્ષણ કરવામાં આવ્યા હતા. જેમાંથી કેટલાક સેમ્પલના રિપોર્ટ ફેઈલ આવતા જ આ અંગેની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જેમાં ભેળસેળને લઇ ઉત્પાદકો અને સપ્લાયરથી લઈને વેપારીઓને દંડ ફટકારવામાં આવ્યો છે. છેલ્લા કેટલાક સમયથી બનાસકાંઠા સહિત રાજ્યમાં અનેક સ્થળો પર ખાદ્ય ચિજોમાં ભેળસેળ સામે આવી છે. રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા આ માટે ફૂડ સેફટી માટે હરતી ફરતી લેબ વાન પણ તૈયાર કરવામાં આવી છે.

### દાહોદમાં બનતા અકસ્માતી ઘટના રોકવા તંત્ર દ્વારા નિર્ણય લેવાયો

# વાહનચાલકો અને તેમની પાછળ બેસેલી વ્યક્તિઓ માટે હેલ્મેટ પહેરવું ફરજિયાત કરાયું

। (એજન્સી) દાહોદ, તા.૯ ।

ગુજરાતમાં સતત વધી રહ્યું છે અકસ્માતોનું પ્રમાણ. શહેરોની સાથે સાથે જિલ્લાઓમાં પણ હવે અકસ્માતોની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. આવી સ્થિતિમાં ખાસ કરીને દ્વિચક્રી વાહનો એટલેકે, ટુ વ્હીલર ચાલકો અને તેમની પાછળ બેસનાર વ્યક્તિના જીવનું જોખમ વધી ગયું છે. છાશવારે થતા રોડ અકસ્માતોમાં સૌથી વધારે ડેથનો આંકડો ટુવ્હીલર ચાલકોને જ સામે આવતો હોય છે. આમ ટુ વ્હીલર ચાલકોના માથે રસ્તાઓ પર વાહન ચલાવતી વખતે મોતનું મોટું જોખમ તોળાઈ રહ્યું હોય છે. જે પગલે પોલીસ તંત્ર દ્વારા આ મામલાને ગંભીરતાથી લઈને મહત્ત્વનો નિર્ણય કર્યો છે. અહીં વાત થઈ રહી છે રાજ્યના દાહોદ જિલ્લાની. દાહોદ જિલ્લામાં બનતા અકસ્માતી ઘટના રોકવા જિલ્લા પોલીસ તંત્ર દ્વારા મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. આવો નિર્ણય ગુજરાતના આ એક માત્ર જિલ્લામાં જ લેવામાં આવ્યો છે. પોલીસ તંત્ર દ્વારા એવો નિર્ણય લેવામાં આવ્યો છેકે, દાહોદ જિલ્લામાં દ્વિચક્રી વાહનચાલકો અને તેમની પાછળ બેસેલી વ્યક્તિઓ માટે હેલ્મેટ પહેરવું ફરજિયાત કરી દેવામાં આવ્યું છે. રાજ્યના દાહોદ જિલ્લામાં છેલ્લાં કેટલાં સમયથી માર્ગ અકસ્માતોનું પ્રમાણ વધ્યું છે. ત્યારે આ પરિસ્થિતિને નિયંત્રણમાં લેવા માટે જ જિલ્લા પોલીસ તંત્ર અને આરટીઓ વિભાગ દ્વારા કડક પગલાં લેવાના શરૂ કરી દેવામાં આવ્યાં છે.

## વડોદરા શિક્ષણ સમિતિની ૨૦ શાળાના ઓરડા જર્જરિત હાલતમાં

। (એજન્સી) વડોદરા, તા.૯ ।

વડોદરા કોર્પોરેશનનાં શિક્ષણ સમિતિ દ્વારા જર્જરીત શાળાના બિલ્ડિંગોનો નોટિસ આપી તાત્કાલીક બિલ્ડિંગ ખાલી કરવા કહ્યું છે. ત્યારે એક સપ્તાહનો સમય વીતવા છતાં બાળકો હજુ જર્જરિત શાળામાં અભ્યાસ કરી રહ્યા છે. બાળકોને ક્યાં બેસાડવા તે શિક્ષણ સમિતિ માટે મુશ્કેલ છે. તો જર્જરિત શાળામાં બાળકો જીવનાં જોખમે અભ્યાસ કરી રહ્યા છે. ફસ્ઝ દ્વારા કોઈ વ્યવસ્થા કરવાને બદલે માત્ર નોટિસ આપીને સંતોષ માની લેવાયોવડોદરા શિક્ષણ સમિતિની ૨૦ જેટલી શાળાઓના ઓરડા જર્જરિત હાલતમાં છે. છતમાંથી પોપડા પડી રહ્યાં છે. દિવાલો પર મસમોટી તિરાડો પડી ગઈ છે. જોકે તેમ છતાં બાળકોને આવી જોખમી શાળામાં અભ્યાસ કરાવવામાં આવી રહ્યો છે. કારણકે શિક્ષણ સમિતિ પાસે પૂરતું ભંડોળ જ નથી કે નવા ઓરડા બનાવી શકે. બીજી તરફ વડોદરા મહાનગરપાલિકાએ જર્જરિત શાળાને નોટિસ આપીને આ બિલ્ડિંગનો વપરાશ બંધ કરવા સૂચના આપી છે. જોકે ફસ્ઝ દ્વારા કોઈ વ્યવસ્થા કરવાને બદલે માત્ર નોટિસ આપીને સંતોષ માની લેવાયો છે. ત્યારે આ જર્જરિત શાળામાં અભ્યાસ કરતા બાળકો પર સતત મોત મંડરાઈ રહ્યું છે.







માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨